દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 19 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 January 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૨ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







DOG — SLEDGE





ICE BREAKER CRUISE

NORTHERN LIGHTS







REINDEER — RIDE

SANTACLAUS VILLAGE







ICE HOTEL — KIRUNA

## HELSINKI, GLASS IGLOO, ROVANIEMI, KIRUNA, TROMSO, OSLO

## DEPARTURE DATES OF 2025

JAN 24 (SOLD OUT) | FEB 04 (SOLD OUT), 15 & 26 | MAR 09 (SOLD OUT)

- સંપૂર્ણ ટૂર દરમ્યાન મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (VEG. & JAIN).
- વર્લ્ડ ક્લાસ એરલાઈન્સ દ્વારા પ્રવાસ.
- ૨ ઇન્ટરનલ ફ્લાઈટ્સ ટુર કોસ્ટમાં સામેલ.
- NORWAY ના TROMSO માં ૨ રાત્રીનું મુકામ સાથે માણો પ્રખ્યાત NORTHERN LIGHTS નો અદભુત નઝારો.
- ઓરિજિનલ GLASS IGLOO માં ૨ રાત્રિનો ઉતારો.
- KIRUNA માં ICE હોટેલ ની મુલાકાત.
- ABISKO માં NORTHERN LIGHTS ની મજા માણો.
- ICE BREAKER CRUISE સાથે થીજેલા સમુદ્ર પર FLOATING ની મજા.
- REINDEER RIDE માં ARCTIC CIRCLE CROSS કરવાની મજા માણો.
- TALLIN - BALTIC CITY ની GUIDED WALKING ટુર.
- ૨ રાત્રી ROVANIEMI ઉતારો (SANTA CLAUS HOMETOWN).

## CONTACT OUR SANTA'S

| HARDIK PAREKH | NIRAV MEHTA | SOHIL SHAH | NAYAN SONI |
|---|---|---|---|
| +91 99677 72530 | +91 80822 78468 | +91 98701 53149 | +91 97570 25247 |

OTHER SECTORS FOR 2025

Alaska & Canada | Japan | New Zealand | Scandinavia | South Africa | Turkey | USA | Cental Europe | South America

ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.

CONTACT +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com

URVI LUXURY DESTINATION PVT. LTD.

Where U & V meet to create memories.

# વાહનવ્યવહાર વિભાગને ૨૧ લાખથી વધુ વાહન માલિકોને ૧૦.૫૫ કરોડ પરત કરવા પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વાહન વ્યવહાર વિભાગે ટુ વ્હિલના ટીસી નંબર માટે કેન્દ્ર સરકારે નિર્ધારીત કરેલ ૧૫૦ રૂપિયાની સામે ૨૦૦ રૂપિયા વસૂલ્યા હતા. ટીસી નંબર માટેની ફીમાં કેન્દ્ર સરકારનો સુધારો ગુજરાતમાં ૨૬ મહિના પછી લાગુ થતાં ૨૮.૪૫ કરોડનો હિસાબ ગોથે ચડ્યો છે. કેન્દ્ર સરકારે ૧ એપ્રિલ, ૨૦૨૧થી નવાં વાહનોના ટેમ્પરરી સર્ટિફિકેશન ઓફ રજિસ્ટ્રેશનની ફીમાં સુધારો કરી વાહનના પ્રકાર પ્રમાણે રૂ.૧૫૦થી ૧૫૦૦ સુધીનાં નવા ફી ધોરણ માટે ગુજરાતની વાહનવ્યવહાર કમિશનર કચેરીને નોટિફિકેશન મોકલ્યું હતું. કેન્દ્રના નવા ફી માળખાને અવગણીને ૨૫ મહિના અને ૨૮ દિવસ સુધી રાજ્યમાં તમામ વાહનો પાસેથી રૂ.૨૦૦ની એકસરખી ફી વસૂલી હતી. તત્કાલીન વાહનવ્યહાર કમિશનર રાજેશ માંજુને ભૂલ થઇ હોવાનું જણાતા તેમણે સ્વબચાવ કરતાં આ પ્રકરણને એનઆઈની ટેક્નિકલ ભૂલમાં ખપાવી દઇ ગત ૨૯ મે, ૨૦૨૩થી નવી ફીને અમલમાં મૂકી હતી. આ દરમિયાન રાજ્યમાં વેચાણ થયેલાં ૩૧.૨૯ લાખ વાહનોની રૂ.૨૮.૪૫ કરોડની ફીનો હિસાબનો ગોટાળો થઇ ચૂક્યો હતો. તત્કાલીન કમિશનર રાજેશ માંજુએ ગત ૩૧ મે, ૨૦૨૩ના રોજ રાજ્યની તમામ આરટીઓ કચેરીને સહી વગરનો પત્ર લખી વાહનમાલિકો પાસેથી બાકી ફીની વસૂલાતનો આદેશ કર્યો હતો. તેમજ દર ૧૫ દિવસે મુખ્ય કચેરીને અહેવાલ આપવા જણાવ્યું હતું. જોકે, પ્રેક્ટિકલી શક્ય ન બનતાં આખરે ૧૦.૧૭ લાખ વાહનો પર રૂ.૧૦૦થી લઇ રૂ.૧૩૦૦ સુધીનો બોજો પાડી કુલ રૂ.૧૭.૮૯ કરોડની વસૂલાત શરૂ કરી છે. જોકે, ૨૧.૧૧ લાખ ટુ-વ્હિલર માલિકોને રૂ.૧૦.૫૫ કરોડ પરત કરવાના છે.

# ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ચૂકઃ મુખ્ય પ્રધાનના કાફલામાં અજાણી કાર ઘૂસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ચૂક જોવા મળી હતી. ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના બોપલ ખાતે જાહેર કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા અને કાર્યક્રમમાંથી પરત આવતા સમયે એક અજાણી સફેદ કલરની કાર અચાનક તેમના કાફલામાં ઘૂસી ગઇ હતી. ભૂપેન્દ્ર પટેલનો કારનો કાફલો બોપલ રિંગ રોડ પાસેથી પ્રસાર થતો હતો આ દરમિયાન સફેદ રંગની કાર અચાનક તેમના કોન્વોયમાં ઘૂસી ગઇ હતી. જોકે, અજાણી કાર મુખ્ય પ્રધાનના કારના કાફલામાં ઘૂસતાની સાથે જ પાઇલોટ અને જે ટ્રેલ કાર હતી તેમની સમયસૂચકતાથી મોટી ઘટના બનતા ટળી ગઇ હતી. અજાણી કાર મુખ્ય પ્રધાનના કાફલામાં ઘૂસી જતા ફરજ પર હાજર રહેલા પોલીસ કર્મીએ પણ કારને સાઇડ કરવાનો નિર્ણય લીધો હતો. જે સ્થળેથી ભૂપેન્દ્ર પટેલનો કાફલો પસાર થઈ રહ્યો હતો, ત્યાં આગળ હાજર એક પોલીસકર્મીએ અચાનક જ એક્શન પણ લીધા અને તે અજાણી સફેદ કારને સાઈડમાં કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અજાણ્યા કારચાલક દ્વારા ખૂબ જ બેદરકારીભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

# ગુજરાતમાં સાંકડા પુલો-સ્ટ્રક્ચર્સને પહોળા કરવા ૪૬૭.૫૦ કરોડ રૂપિયા ફાળવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ દ્વારા ઉદ્યોગ અને વ્યાપાર માટે ટ્રાન્સપોર્ટેશનને સુચારુ બનાવવા તથા નાગરિકોને વાહનવ્યવહાર માટે સરળ અને સલામત માર્ગો મળે તથા પરિવહન ઝડપી બનાવી શકાય તેવા હેતુથી રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો હતો.

રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રક્ચર્સ સાંકડા છે તેને પહોળા કરવાનાં ૧૧ કામો માટે ૪૬૭.૫૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી હતી. રાજ્ય સરકારે આ અગાઉ પણ સાંકડા પુલો-સ્ટ્રક્ચર્સને પહોળા કરવા ૨૦ રસ્તાઓનાં કામો માટે ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા, તે ઉપરાંત વધુ ૧૧ માર્ગોને પહોળા કરવા ૪૬૭.૫૦ કરોડ રૂપિયા તેમણે માર્ગ-મકાન વિભાગને ફાળવ્યા હતા. આનાં પરિણામે ૧૧ સ્થળોએ બોટલનેક પરિસ્થિતિનું નિવારણ આવશે તથા વધુ સુવિધાયુક્ત સલામત રસ્તા લોકોને મળશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત અન્ય એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ૧૮૯.૯૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા.

તે ઉપરાંત, પાંચ રસ્તાની ૭.૪૫ કિ.મી. લંબાઈમાં કાચાથી પાકા રસ્તા માટે અંદાજે રૂ. ૮.૮૦ કરોડ, ૮ માર્ગોની ૩૦.૬૮ કિ.મી લંબાઈના મજબૂતીકરણ માટે રૂ. ૪૭.૩૦ કરોડ તેમજ ૧૬ માર્ગોની ૮૮.૫૦ કી.મી. લંબાઈને જરૂરિયાત મુજબ વાઇડનિંગ કરવા આસરે ૧૩૩.૭૦ કરોડ રૂપિયા ફાળવવા નિર્ણય કર્યો હતો.

સરકારના આ નિર્ણયને પરિણામે ક્વોરી મટીરીયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવા માર્ગોની જરૂરી સુધારણાના હેતુસર આ નાણાકીય વર્ષમાં ૭૩ કામો માટે ૧૬૪૬.૩૪ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે.

# રાજ્યમાં ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોના વિકાસ માટે ₹ ૨૨૬૯ કરોડ મંજૂર

અમદાવાદઃ ગુજરાતમાં પ્રવાસન પ્રવૃત્તિને વધુ ગતિશીલ બનાવીને વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોના વિકાસની નીતિ અપનાવી છે. રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા રાજ્ય અને પંચાયત હસ્તકના હયાત માર્ગોના અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્થનિંગના કામો માટે ૨૨૬૮.૯૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. આ પ્રવાસન સ્થળોના કુલ ૫૮ માર્ગો પર અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્થનિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. ૫૮ માર્ગોની સુધારણાથી આ અભિગમને વેગ મળવા સાથે પ્રવાસીઓને સર્વોત્તમ અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્કનો લાભ મળશે. આ ઉપરાંત મુસાફરીનો સમય અને ખર્ચ પણ ઘટવા સાથોસાથ કનેક્ટિવિટીના વધારાથી પ્રવાસન સ્થળોની આસપાસના વિસ્તારોનો આર્થિક વિકાસ થશે તેમજ નવી રોજગારીની તકોનું સર્જન થશે. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયને પગલે ટૂરીઝમ ઇન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે અને 'વોકલ ફોર લોકલ' ધ્યેય અંતર્ગત સ્થાનિક હસ્તકલા કારીગરીના અને ગૃહ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ થવાથી જે તે વિસ્તારના લોકોના જીવન ધોરણમાં પણ ઉન્નતિ થશે.

# ગુજરાતમાં એક વર્ષમાં ₹ ૭૩૦૩ કરોડનું ડ્રગ્સ પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના યુવાનોમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સના દૂષણમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે. ડ્રગ્સના દૂષણને ડામવા માટે પોલીસ પણ સતત એલર્ટ રહી ડ્રગ્સ તસ્કરોના અડ્ડા પર દરોડા પાડતી હોય છે. રાજ્યના જુદા જુદા ભાગોમાંથી નિયમીત રીતે અફીણ, ગાંજો, ચરસ, હેરોઈન જેવાં ડ્રગ્સનો જથ્થો પકડાતો રહે છે, છેલ્લા એક વર્ષમાં ૭૩૦૩ કરોડના કેફી પદાર્થ પકડાયા હતા. નશાબંધીનો કડક કાયદો ધરાવતા રાજયમાં રોજેરોજ નાના મોટા જથ્થામાં ડ્રગ્સ પકડાય છે. આ ડ્રગ્સનુ ગુજરાતમાં જ સેવન થતુ હોવાની આશંકા છે. ૨૦૨૪ ના વર્ષમાં ૧૮૮૨ કિલો મેકડ્રોનનો જથ્થો પકડાયો હતો.

ગુજરાત, રાજસ્થાન તથા મધ્ય પ્રદેશમાં ઓપરેશન કરીને જંગી જથ્થો જપ્ત કરાયો હતો તેના આધારે ગુજરાતની બોર્ડર ડ્રગ્સની હેરફેરનો મુખ્ય માર્ગ બન્યાની શંકા ઊઠે છે. ગુજરાતમાંથી પકડાયેલા ડ્રગ્સના કુલ જથ્થામાંથી ૬૮૭૧ કરોડના કેફી દ્રવ્યો ગુજરાત એટીએસ દ્વારા એકલા હાથે અથવા કોસ્ટગાર્ડ નેવી કે નાર્કોટિકસ વિભાગ સાથે સંકલન સાધીને પકડવામાં આવ્યા હતા.

ગુજરાત પોલીસનાં રિપોર્ટ પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ૨૪૦૦૦ કિલો માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા.નાર્કોટીકસ કાયદા હેઠળ ૫૮૨ કેસોમાં ૮૪૮ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાત એટીએસના ડીઆઈજીએ એવો દાવો કર્યો હતો કે પકડાયેલું મોટાભાગનું ડ્રગ્સ ગુજરાત માટેનું ન હતું અને મોટાભાગે પંજાબમાં ઘુસાડવાનું હતું મધદરીયે હાથ ધરાયેલા ઓપરેશનોમાં પકડાયેલા હેરોઈન તથા કોરેનનાં શીપમેન્ટ પંજાબ માટેના જ હતા અને એકપણ શિપમેન્ટ ગુજરાતમાં ઘુસાડવા માટેના ન હતા.ગુજરાતમાં મેકડ્રોનનું ઉત્પાદન થવા લાગ્યું હોવાનું માલૂમ પડ્યું છે. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ગુજરાતનો લાંબો દરિયાકાંઠો તથા ભરચકક ટ્રાફિકથી ધમધમતા બંદરોને કારણે ડ્રગ્સ માફિયાઓ ગુજરાતનો ટ્રાન્ઝિસ્ટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. એકથી બીજા દેશ અને બીજાં રાજયોમાં ડ્રગ્સ ઘૂસાડવા માટે દાણચોરોની પહેલી પસંદ દરીયાઈ માર્ગ ન શક્ય છે.અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ અમદાવાદમાંથી ૨૭ લાખનું મેકડ્રોન પકડાયું હતું. ઉપરાંત દાહોદમાંથી પણ ડ્રગ્સ પકડાયું હતું.

# ઊંઝા હાઇવે પરથી લકઝરી બસમાં મુંબઈ જતું ૫૦ ડબ્બા અખાદ્ય ઘી ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી અખાદ્ય કે ભેળસેળવાળી વસ્તુઓ સતત પકડાઈ રહી છે. પાટણથી મુંબઈ જઈ રહેલી લક્ઝરી બસમાંથી રૂ.૬૦ હજારનો અખાદ્ય ઘીના ૫૦ ડબ્બાનો જથ્થો મહેસાણા ડીવાયએસપીની ટીમે ઝડપી પાડ્યો હતો.

પોલીસે ઘીનો જથ્થો કબજે કરી સેમ્પલ સહિતની વધુ કાર્યવાહી કરવા માટે ફૂડ વિભાગને જાણ કરી હતી. પાટણથી મુંબઈ જઈ રહેલી રાજધાની ટ્રાવેલ્સની લક્ઝરીમાં અખાદ્ય ઘી જઈ રહ્યું હોવાની મહેસાણા ડીવાયએસપી મિલાપ પટેલને મળેલી ખાનગી બાતમીના આધારે ડીવાયએસપીના સ્કવોડે મહેસાણા નજીક ઊંઝા હાઇવે સ્થિત ફતેપુરા સર્કલ ઉપર વોચ ગોઠવી લક્ઝરીને અટકાવી હતી. તપાસ દરમિયાન સ્લિપિંગની ૧૦ નંબરની સીટ નીચેથી જે એન ઘીવાલા બ્રાન્ડના ઘીના ૫૦ જેટલા ડબ્બા મળી આવ્યા હતા. પોલીસે કથિત અખાદ્ય ઘીનો જથ્થો કબજે કરી મુસાફરો સાથેની લક્ઝરીને રવાના કરી હતી.

મહેસાણા તાલુકા પોલીસમથકની ટીમે અંદાજે રૂ.૬૦ હજારની કિંમતનો અખાદ્ય ઘીનો જથ્થો કબજે કરી ફૂડ વિભાગને સેમ્પલ સહિતની વધુ કાર્યવાહી કરવા માટે જાણ કરી હતી. ઘટનાને લઈ થોડીવાર માટે મુસાફરોમાં પણ ફફડાટ ફેલાઇ ગયો હતો.

# ખેડા-અમદાવાદ હાઈવે પર એક કરોડની લૂંટઃ ચાર લૂંટારા ફરાર

અમદાવાદઃ ખેડા જિલ્લામાં ધોળે દિવસે ૧ કરોડ રૂપિયાના લૂંટના બનાવથી ખળભળાટ મચી ગયો હતો. લૂંટનો બનાવ બહાર આવતા પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું. કારમાં આવેલા ચાર શખસો એક વ્યક્તિ પાસેથી એક કરોડ રૂપિયાની રકમ લૂંટીને લૂંટારુંઓ ફરાર થઈ જતાં પોલીસ તપાસમાં જોતરાઈ છે.

ખેડાના વડાલા પાટિયા પાસે લૂંટારુંઓ દ્વારા લૂંટને અંજામ આપવામાં આવ્યો હતો. હાઈવે પર કારમાં આવેલા શખસો દ્વારા ફિલ્મી ઢબે લૂંટ ચલાવવામાં આવી હતી. નડિયાદની એક બૅન્કમાંથી ૧ કરોડ રૂપિયા લઇને રિક્ષામાં જઇ રહેલા શખ્સને ઇકોમાં આવેલા ઇસમોએ ખેડા-અમદાવાદ હાઇવે પર આંતર્યો હતો અને તેની પાસે રહેલા ૧ કરોડ રૂપિયા લૂંટી ફરાર થઇ ગયા હતા. બનાવ અંગે ખેડા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે વિવિધ ટીમો બનાવીને આરોપીઓને ઝડપી પાડવા તપાસ તેજ કરી છે. લૂંટના મામલે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઇએ જણાવ્યું હતું કે, હસમુખભાઈ ડાભી અમદાવાદના વેપારીને ત્યાં છેલ્લા ૧૦ વર્ષથી નોકરી કરે છે. સોમવાર સાંજે તેઓ નડિયાદ બૅન્કમાંથી ૧ કરોડની રોકડ રકમ ઉપાડીને રિક્ષામાં અમદાવાદ જવા નીકળ્યા હતા. જે દરમિયાન ખેડા વિસ્તારના બેટડી-લાટ હાઇવે પર ઇકો કારની અંદર ચાર અજાણ્યા ઇસમોએ તેમને આંતર્યા હતા. તેમની પાસે રહેલી ૧ કરોડની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં ફરી કાતિલ ઠંડીની હવામાન વિભાગની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ઠંડી ઘટી છે અને લઘુતમ તાપમાનમાં વધારો નોંધાયો છે. જો કે હવામાન વિભાગે ગુજરાતમાં આગામી સમયમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળશે તેવી આગાહી કરી હતી. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, અભિમન્યુ ચૌહાણે ગુજરાતના હવામાન અંગેની આગાહી કરી હતી કે, આગામી ૨૪ કલાક તાપમાન યથાવત્ રહેશે. ગુજરાતમાં આ સપ્તાહ હવામાન શુષ્ક રહેશે, જે બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન નીચું જવાની શક્યતા છે, જેના કારણે ઠંડી વધશે.

હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં નલિયામાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે જ ભુજમાં ૧૪.૪, રાજકોટમાં ૧૫, સુરેન્દ્રનગરમાં ૧૭.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું, જ્યારે અમદાવાદમાં ૧૬.૨, ગાંધીનગરમાં ૧૭.૫, વડોદરામાં ૧૫.૮, સુરતમાં ૧૭.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# ધાનેરા નગરપાલિકામાં ચૂંટણી નહીં થાય, સીમાંકનના પ્રશ્ન મુદ્દે ૨૭ જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિદ્ધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકો અને રાજકીય પક્ષો જેની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા તે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત મંગળવારે થઈ હતી. ૬૮ નગરપાલિકાની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી હતી. જોકે ધાનેરા નગરપાલિકામાં ચૂંટણી નહીં થતા અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. આ અંગે મળતી વિગત મુજબ થરાદ, ઈડર, વિજાપુર, ધાનેરામાં સીમાંકનના પ્રશ્ને ૨૭ જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે અને ૧૮ ફેબ્રુઆરીના રોજ મતગણતરી થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭ ટકા ઓબીસી અનામત મુજબ ચૂંટણી યોજાવાની છે, જેમાં સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન લોકો કરી શકશે. ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૪ ફેબ્રુઆરી રહેશે અને ૩ ફેબ્રુઆરીએ ફોર્મની ચકાસણી થશે. કુલ ૨૧૭૮ બેઠક પર મતદાન થવાનું છે, જેમાં ૧ ફેબ્રુઆરી સુધીમાં ઉમેદવારી કરી શકાશે.

# બનાસકાંઠા જિલ્લાના વિભાજનનો વિરોધ ઉગ્ર બન્યોઃ ધાનેરા સજજડ બંધ

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના વિભાજનનો વિરોધ ઉગ્ર બની રહ્યો છે, ધાનેરા તાલુકાને બનાસકાંઠામાં જ રાખવા માટે છેલ્લા ૨૧ દિવસથી વિરોધ થઇ રહ્યો છે. મંગળવારે ધાનેરાવાસીઓએ સજજડ બંધ પાળ્યો હતો અને તાલુકા હિત રક્ષક સમિતિ દ્વારા જનઆક્રોશ મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાનેરાના વેપારીઓએ દુકાનો બંધ રાખી આ બંધને સમર્થન પુરું પાડ્યું હતું. ધાનેરાને બનાસકાંઠામાં રાખવા સ્થાનિક ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય અને સ્થાનિક રહીશો ઉગ્ર માગ કરી રહ્યા છે. ધાનેરાના પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિતે કહ્યું હતું કે ધાનેરાને બનાસકાંઠામાં રાખવા માટે કાર્યક્રમ અપાયો છે. કોઇપણ ભોગે બનાસકાંઠામાં જ રહીશું. આપડે ગમે ત્યારે પ્રજા વચ્ચે જવું પડશે. આ સભા ધાનેરાને થયેલા ઘોર અન્યાયના વિરોધમાં છે. થરાદ જિલ્લો બને તેની સામે કોઇને વાંધો નથી. જો ધાનેરા તાલુકાનો વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરવામાં આવે તો ધાનેરાના શહેરીજનો અને ગ્રામ્યવાસીઓને આર્થિક અને શૈક્ષણિક સહિતની સુવિધાઓથી વંચિત કરીને પાયમાલ કરવાનું ઘોર ષડ્યંત્ર છે. ધાનેરાવાસીઓએ આ વિષયને સમજીને આવનાર બાળકોના ભવિષ્ય માટે જાતિ-નાતિ અને રાજકીય ભેદભાવોને ભુલાવીને એકસાથે ભેગા મળીને આની સામે અવાજ ઉઠાવવાની જરૂર છે. આ જંગ તમામ સમાજનો સાર્વજનિક છે. નેગાળા, અનારપુરા ગઢ સહિતના ગામોની સ્થાનિક ગ્રામપંચાયતમાં ગ્રામજનો ભેગા થઇ એક જ સૂર પુરાવ્યો હતો કે બનાસકાંઠા જિલ્લામાં જ રહીશું તેમ જ અન્ય ગામોમાં પણ વાવ-થરાદ જિલ્લાનો સખત વિરોધ થઈ રહ્યો છે. જિલ્લા વિભાજન બાબતેની રજૂઆત આ પંથકમાં આક્રમક બની રહી છે. ધાનેરા તાલુકાને બનાસકાંઠામાં યથાવત્ રાખવા માટે આક્રોશ જનસભા યોજાશે. ધાનેરા તાલુકાના વિવિધ ગામોમાં સ્થાનિક ગ્રામજનો ભેગા થઇ પોતાની રજૂઆત સરકાર સમક્ષ મૂકી રહ્યા છે. જિલ્લા વિભાજન બાબતેની રજૂઆત આક્રમક બની રહી છે. ધાનેરા તાલુકાના સરહદ પર આવેલા નેગાળા ગામ તથા અનાપુર ગઢ તથા તાલુકાના અન્ય ગ્રામજનો પોત પોતાના ગામમાં ગ્રામ પંચાયત આગળ તથા નેગાળાના લોકોએ શિવ મંદિરમાં બેઠક કરી હતી.

# ગુજરાતમાં પ્રથમવાર દીપડાને રેડિયો કોલર લાગ્યું

## સેટેલાઇટ ઈમેજ મારફતે તેની પળપળની વિગતો મેળવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં માણસ અને દીપડા વચ્ચે અવારનવાર થતો સંઘર્ષ ગૌણ સમસ્યા બની રહી છે. આ સંજોગોમાં બંને વચ્ચે સંઘર્ષને કેવી રીતે ઘટાડવામાં આવે તે અંગે સંશોધન શરૂ કરાયું હતું, સુરત વન વિભાગે આ સમસ્યાને સમજવા માટે દીપડાની દરેક ગતિવિધિ પર અભ્યાસ કરવાનો નિર્ણય લીધો હતો. આ અભ્યાસના ભાગરૂપે નવા વર્ષની શરૂઆતમાં દક્ષિણ ગુજરાતમાં પ્રથમ વાર એક દીપડાને રેડિયો કોલર ફિટ કરાયું હતું.

૧૮ દિવસ પહેલા આ રેડિયો કોલર દીપડાને લગાડવામાં આવ્યું હતું, જેના થકી સુરત વન વિભાગને જાણકારી મળી હતી કે, દીપડાને જ્યાં પણ છોડવામાં આવે તે પોતાના હોમ રેન્જમાં પાછો આવી જાય છે. જે દીપડાને રેડિયો કોલર લગાડવામાં આવ્યું છે, તે ૧૮ દિવસમાં ૧૫૦ કિલોમીટર ચાલી અને ફરીથી પોતાના હોમ રેન્જમાં આવી ગયો છે. આ દરમિયાન તેણે બે વખત નદી પાર કરી અને ઉકાઈ ડેમ નજીકથી પણ પસાર થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત જિલ્લામાં લગભગ ૧૦૪થી પણ વધુ દીપડાઓ છે. માણસ અને દીપડાઓ વચ્ચે અવારનવાર સંઘર્ષ થતો રહે છે. શહેરી વિસ્તારમાં પણ દીપડો દસ્તક આપી ચૂક્યો છે, તેથી તેની મૂવમેન્ટ પર નજર રાખવા માટે દક્ષિણ ગુજરાતમાં પ્રથમવાર એક દીપડાના ગળામાં રેડિયો કોલર લગાડવામાં આવ્યું હતું, પહેલા તેને બેહોશ કરી અને ત્યાર પછી આ રેડિયો કોલર લગાડવામાં આવ્યું હતુ પછી તેને માંડવીથી ૫૦ કિલોમીટર દૂર ઉમરપાડા વિસ્તારમાં છોડવામાં આવ્યો હતો. ત્યાર બાદ વન વિભાગના અધિકારીઓ રેડિયો કોલરની મદદથી સેટેલાઇટ ઈમેજ મારફતે તેની પળપળની વિગતો મોબાઈલ પર મેળવી હતી.

# રાજ્યમાં બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુ કામો પૂર્ણઃ ૩૨,૯૪૮ લાખ ઘન ફૂટ પાણી સંગ્રહ શક્તિમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જળ સંચય અને જળ સિંચાઈ આજના સમયની જરૂરિયાત છે. જેને ધ્યાને રાખી રાજ્યમાં જળ સંગ્રહ માટે 'સુજલામ સુજલામ' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનના ફલશ્રુતિરૂપે છેલ્લાં બે વર્ષમાં જળ ક્ષેત્રે ૩૩ હજારથી વધુ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. જેના થકી પાણીદાર ગુજરાતનું નિર્માણ થયું છે.

'ખેતી માટે પાણી' અને 'ઘર- ઘર સુધી શુદ્ધ પેયજળ' પહોંચાડવાના ઉમદા આશયથી તત્કાલીન વર્ષ ૨૦૦૩માં 'સુજલામ સુફલામ' યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના અન્ય રાજ્યો માટે આદર્શ મોડલ બન્યું છે. રાજ્ય સરકાર આ અભિયાનને મહાઅભિયાન બનાવી 'જળ એ જ જીવન'ની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. વર્ષ ૨૦૨૩માં ૨૩,૭૨૫ અને વર્ષ ૨૦૨૪માં ૯,૩૭૪ કામો એમ કુલ ૩૩,૦૯૯ કામો પૂર્ણ થયાં છે.

ઉપરાંત વર્ષ ૨૦૨૩માં ૨૧,૪૨૫ લાખ ઘન ફૂટ અને વર્ષ ૨૦૨૪માં ૧૧,૫૨૩ લાખ ઘન ફૂટ એમ છેલ્લાં બે વર્ષમાં કુલ ૩૨,૯૪૮ લાખ ઘન ફૂટ પાણી સંગ્રહ શક્તિમાં વધારો થયો છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૬,૭૬૫ કિ.મી. અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ કિ.મી. એમ કુલ મળીને છેલ્લાં બે વર્ષમાં ૯,૩૮૧ કિ.મી. નેહરો અને કાંસની સાફ સફાઈ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૩માં ૭,૫૦૪ અને વર્ષ ૨૦૨૪માં ૧,૯૭૬ એમ કુલ મળીને બે વર્ષમાં ૯,૪૮૦ તળાવોને ઊંડાં કરાયાં છે. વર્ષ ૨૦૨૩માં ૫,૧૫૯ અને વર્ષ ૨૦૨૪માં ૨,૬૧૬ એમ કુલ મળીને છેલ્લા બે વર્ષમાં ૭,૭૭૫ ચેકડેમ ડિસીલ્ટિંગનાં કામો થયાં છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧,૦૨૯ અને વર્ષ ૨૦૨૪માં ૮૮૫ એમ કુલ મળીને છેલ્લાં બે વર્ષમાં ૧,૯૧૪ ચેકડેમ રિપેરિંગનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.

# સુરતમાં ધો. ૮ની વિદ્યાર્થિનીની આત્મહત્યાઃ સ્કૂલ સંચાલકો ફી માટે હેરાન કરતા હોવાનો પરિવારનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ગોડાદરા વિસ્તારમાં રહેતી અને આદર્શ પબ્લિક સ્કૂલમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ૮ વર્ષની વિદ્યાર્થિનીના પિતાએ સ્કૂલ ફી ભરી ન હતી અને તેથી તેને પરીક્ષા આપવા દેવામાં આવી ન હતી. વિદ્યાર્થિનીને સ્કૂલ બહાર ઊભી રાખવામાં આવતા તે ક્ષોભ અનુભવતી હતી અને તેણે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

મૃતક વિદ્યાર્થિનીના પરિવાર દ્વારા શાળા સંચાલકો પર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, છેલ્લા ત્રણ મહિનાની ૧૭૦૦૦ ફી બાકી હતી. વિદ્યાર્થિનીને ફી નહીં ભરવાને લઈને ક્લાસની બહાર ઉભી રાખી અપમાનિત અને ટોર્ચર કરતા હતા. તેના પિતાના કહેવા અનુસાર ઉત્તરાયણ પહેલા તેમને ફી ભરવા માટે કહેવામાં આવ્યું હતું.

પિતાએ હાલ વ્યવસ્થા ન હોય થોડ દિવસોમાં ફી ભરી જવા કહ્યું હતું, પરંતુ સ્કૂલ સંચાલકોએ ફી ન ભરી હોવાથી તેને પરીક્ષામાં બેસવા દીધી ન હતી અને બહાર ઊભી રાખી હતી. આ બનાવ બાદ દીકરી ઘેર આવી રડી હતી અને સ્કૂલે જતી ન હતી. તેને લાગી આવતા આજે તેણે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો.

જો કે આ મામલે શાળા સંચાલક મુકેશભાઈએ જણાવ્યું હતું કે, ફી બાબતે વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો હોય તેવો આક્ષેપ મૂક્યો હોવાની જાણ થઈ છે. જે બિલકુલ ખોટી વાત છે. આમાં ફીનો કોઈ પ્રશ્ન નથી. કોઈ ઘરેલું વાત હોઈ શકે છે. ફી મામલે અમે વિદ્યાર્થીને નહીં, પરંતુ સીધા વાલીને જ જાણ કરીએ છે. અમે ફી મામલે વિદ્યાર્થીને લખીને પણ આપતાં નથી કે, તમારી ફી બાકી છે.આ વિદ્યાર્થીના વાલીઓને બોલાવવા છતાં તે ન આવ્યા હતા અને તે માટે માત્ર તેને વાલીને સ્કૂલે બોલાવી લાવવા કહ્યું હતું. તેમણે માતા-પિતાની વાતને પાયાવિહોણી કહી હતી અને અન્ય કોઈ કારણસર બાળકીએ આવું પગલું ભર્યુ હોવાનું જણાવ્યું હતું.

આ સ્કૂલનાં એક શિક્ષિકાએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે સ્કૂલે તેને ફી મામલે માત્ર પિતાને બોલાવી લાવવા કહ્યું હતું. વિદ્યાર્થિનીની પરીક્ષા ૮મી તારીખે હતી અને આ ઘટના આજે એટલે કે ૨૧મી તારીખે બની છે. તેમણે એમ પણ કહ્યું કે છોકરીને તેના પરિવારવાળા ભણવા આવવા દેતા ન હતા અને વારંવાર મમ્મીની તબિયત ખરાબ છે કહી ઘરે કામ કરાવતા હતા.

આ સાથે છોકરી સાથે કોઈ વાતથી માતા-પિતા નારાજ હોવાથી તેને સ્કૂલે મોકલતા ન હોવાનો દાવો પણ સ્કૂલ દ્વારા કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા વિવિધ મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 19 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 January 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૨ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શેરબજાર કડડડભૂસ

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 72,810/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

વિલેપાર્લે (ઈસ્ટ)
પ્રીમિયમ - મોકાની જગ્યા
સ્ટેશન સામે, અગ્રવાલ માર્કેટમાં, બીજા માળે,
સિંગલ તથા જોડી ઓપશન ફલેટ/ઓફિસ વેચાણ થી.
તથા દુકાન પણ ઉપલબ્ધ છે.
વધુ માહિતી માટે સંપર્કઃ
+91 77770 65380
+91 98699 58140

## સાત મહિનાને તળિયે ▸ સેન્સેક્સમાં ૧,૨૩૫ પોઈન્ટનો તોતિંગ કડાકોઃ ₹ સાત લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ હેવીવેઇટ શેરોમાં ભારે વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૧,૨૩૫ પોઈન્ટ તૂટીને સાત મહિનાના નીચલા સ્તરે પટકાયો છે અને એ જ રીતે, નિફ્ટી ૩૨૦.૧૦ પોઈન્ટ અથવા ૧.૩૭ ટકા ઘટીને ૨૩,૦૨૪.૬૫ પર બંધ થયો છે. એક અંદાજે સેન્સેક્સના આ કડાકાને કારણે બીએસઇ પર લિસ્ટેડ શેરોના બજાર મૂલ્યમાં સાત લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું છે.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા યુએસ ટેરિફથી વૈશ્વિક બજારોમાં વેચવાલીના દબાણ વચ્ચે બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૨૩૫ પોઈન્ટ ઘટીને સાત મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો છે. આઇસીઆઇસીઆઇ બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવી ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોના ધોવાણથી બજાર ઝડપી ગતિએ ગબડી ગયું હતું.

યુએસ પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા તેમના શપથગ્રહણના દિવસે પાડોશી દેશો પર ટેરિફની જાહેરાત થયા પછી વૈશ્વિક વેપાર યુદ્ધની ચિંતાઓથી શરૂ થયેલી વ્યાપક વેચવાલીથી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી તોતિંગ કડાકા સાથે નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા.

અગ્રણી માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ટ્રમ્પે ખાસ કરીને

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

### ૧૬ ફેબ્રુઆરીએ મતદાન, ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગ્યા છે. મંગળવારે સાંજે ગુજરાતના રાજ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીકૃષ્ણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો કાર્યક્રમ પત્રકારપરિષદ યોજીને જાહેર કર્યો હતો. જે અનુસાર, ૧૬ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. જ્યારે ૧૮ ફેબ્રુઆરીના રોજ મતગણતરી યોજવામાં આવશે. આમાં જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૬ નગરપાલિકાઓ અને વિવિધ તાલુકા તથા જિલ્લા પંચાયતોની સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણી કાર્યક્રમ સામેલ છે, જો કે, ધાનેરા નગરપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો ન હતો. રાજ્યમાં કુલ ૧૭૦ સંસ્થામાં ચૂંટણી યોજાશે, જેમાં કુલ વોર્ડ ૬૯૬ છે, અને બેઠકોની સંખ્યા ૪,૩૯૦ જેટલી છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાનમથકોની સંખ્યા અનુક્રમે ૧,૦૩૨ અને ૨૪૪ છે. ચૂંટણી પ્રક્રિયા માટે કુલ પચીસ હજાર પોલીસજવાનોને તહેનાત કરાશે. આ ચૂંટણીમાં ૧૯.૪૦ લાખ પુરુષ મતદારો અને

(જુઓ પાનું ૨) ▸▸

## છત્તીસગઢમાં ૧૬ નક્સલવાદી ઠાર

રાયપુરઃ છત્તીસગઢમાં સુરક્ષા દળોને નકસલવાદ સામે મોટી સફળતા મળી છે. ગારિયાબંધ વિસ્તારમાં સુરક્ષા દળોએ ૨૪ કલાકમાં ૧૬થી વધુ નક્સલવાદીઓને ઠાર માર્યા હતા. મહત્વની વાત એ છે કે આ એન્કાઉન્ટરમાં એક નક્સલવાદી આગેવાનને પણ ઠાર કરવામાં આવ્યો છે, જેના પર એક કરોડ રૂપિયાનું ઇનામ હતું. હજુ પણ એન્કાઉન્ટર ચાલી રહ્યું છે, મરણાંક હજુ વધી શકે છે. આ ઉપરાંત, મોટી માત્રામાં હથિયારો

(જુઓ પાનું ૨) ▸▸

## નવી સ્પિનર વૈષ્ણવીનો વિક્રમ

### વર્લ્ડ કપમાં હૅટ-ટ્રિક સહિત પાંચ રનમાં પાંચ વિકેટ લીધી, ભારત ૧૦ વિકેટે જીત્યું

ક્વાલાલમ્પુરઃ મલયેશિયામાં ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં ગઈ કાલે વૈષ્ણવી શર્મા નામની નવી સ્પિનરે તરખાટ મચાવી દીધો હતો. તેણે કરીઅરની પહેલી જ આંતરરાષ્ટ્રીય મૅચમાં હૅટ-ટ્રિક લીધી જેના સહિત તેણે કુલ પાંચ રનમાં પાંચ વિકેટના અસાધારણ પર્ફોર્મન્સ સાથે નવો વિશ્વવિક્રમ રચ્યો અને આ સુપર-પર્ફોર્મન્સ બદલ પોતાની આ પહેલી જ મૅચમાં પ્લેયર

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં જન્મેલા દરેકને આપમેળે નાગરિકત્વ નહીં મળે

### પ્રમુખ બનતા જ ડોનલ્ડ ટ્રમ્પે કરી અનેક મોટી જાહેરાતો

વૉશિંગ્ટનઃ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાના ૪૭મા પ્રમુખ બન્યા બાદ સહી કરેલા અનેક આદેશ (એક્ઝિક્યુટિવ ઓર્ડર)માં અમેરિકામાં જન્મેલા દરેકને આપમેળે નાગરિકત્વ નહિ આપવાનો ઉલ્લેખ છે. એક્ઝિક્યુટિવ ઓર્ડર પ્રમાણે બાળકના માતાપિતામાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિ (માતા કે પિતા) યુએસ નાગરિક અથવા ગ્રીન કાર્ડ ધારક હોવી જોઈએ, તોજ તેમના બાળકને આપમેળે નાગરિકતા મળશે. ટ્રમ્પના આ આદેશને અદાલતમાં પડકારાય એવી શક્યતા છે. ટ્રમ્પે નીચે જણાવ્યા મુજબની કેટલીક

(જુઓ પાનું ૨) ▸▸







**Holistic work of Dr. J. M. Shah** PhD.(Alt. Med.)

jmshah.com

Dr. J. M. Shah is a pioneer in Kirlian photography and holistic health, with expertise in energy diagnostics and alternative wellness. He is a Certified Advanced Level Bio-Well Trainer and Certified Bio-Well GDV Specialist, both issued by Bio-Well Russia and a Certified Alternative Medicine Member from the Indian Board of Alternative Medicine. Recognized by the "Limca Book of Records" for his holistic treatments for heart problems, he has received awards from "Vishwa Gujarati Samaj and Maharashtra Gujarati Samaj".

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ આવતાં જ વરતાયા, ભારત માટે શુભ સંકેત નથી

**અમેરિકાના** પ્રમુખપદે ડોનલ્ડ ટ્રમ્પેની તાજપોશી થઈ ગઈ અને ટ્રમ્પે શપથ લીધા બાદ તરત જ પોતે ચૂંટણી પ્રચારમાં કહેતા હતા એ વાતોનો અમલ કરવા માટે ૧૦ મોટી જાહેરાતો કરી નાંખી. આ જાહેરાતોમાં સૌથી મોટી જાહેરાત કૅનેડા અને મેક્સિકોમાંથી આવતા માલ પર ૧ ફેબ્રુઆરીથી ૨૫ ટકા ટેરિફ લાદવાની છે. ટ્રમ્પે એલાન કર્યું કે, અત્યાર સુધી આપણા દેશની સરકાર બીજા દેશોને ધનવાન બનાવવા માટે અમેરિકાનાં લોકો પર કર લાદતી હતી. આપણે તેમાં ફેરફાર કરીને આપણા દેશના લોકોને સમૃદ્ધ બનાવવા માટે અન્ય દેશો પર ટેરિફ અને કર લાદીશું.

ટ્રમ્પની જાહેરાત ભારતને સીધી સ્પર્શે છે કેમ કે ટ્રમ્પ જે દેશોના માલ પર વધારાનો કર લાદવાની જાહેરાત કરી ચૂક્યા છે તેમાં ભારત પણ છે. ટ્રમ્પ વારંવાર કહી ચૂક્યા છે કે ભારત, રશિયા, બ્રાઝિલ, ચીન અને સાઉથ આફ્રિકાના બનેલા બ્રિક્સ સંગઠનના માલ પર ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. આ વાત તેમણે પાછી દોહરાવી છે.

ટ્રમ્પ એ દિશામાં આગળ વધે તો ભારતની હાલત બગડી જાય કેમ કે અત્યારે ડોલર સામે ભારતનો રૂપિયો સાવ તળિયે છે. નરેન્દ્ર મોદી વડા પ્રધાન નહોતા બન્યા ત્યારે રૂપિયો ગગડતો તેના સંદર્ભમાં કહેતા કે, જે સરકાર ભ્રષ્ટ અને નકામી હોય તેનું ચલણ ગગડ્યા કરે. છેલ્લા ૧૦ વર્ષમાં એટલે કે મોદીના શાસનમાં રૂપિયો ૬૦ ટકાથી વધારે તૂટ્યો છે. કૉંગ્રેસના શાસનમાં આવું ધોવાણ કદી જોવા નહોતું મળ્યું. ખેર, તેની વાત પછી કરીશું કેમ કે બીજી પણ સમસ્યાઓ છે. શૅરબજારોમાથી વિદેશી રોકાણ પાછું ખેંચાઈ રહ્યું છે અને નિકાસની સરખામણીમાં આયાત વધારે હોવાથી વ્યાપાર ખાધ પણ વધી રહી છે. ટૂંકમાં આપણણુ અર્થતંત્ર સાવ તળિયે છે. આપણા સાવ માંદલા અર્થતંત્રમાં પ્રાણ ફૂંકાય એ માટે વિદેશી રોકાણ જરૂરી છે. અમેરિકાની મોટી કંપનીઓને ભારતમાં રોકાણ માટે ખેંચી લાવવી પડે પણ મોદીના રાજમાં એ શક્ય નથી બનતું.

ચીનથી કંટાળેલી કંપનીઓ ભારતમાં આવે છે પણ તેના કારણે આપણી નિકાસને બહુ મોટો ફરક પડતો નથી કેમ કે આપણી પાસે કાચો માલ નથી. આ સંજોગોમાં ભારત માટે અમેરિકા સહિતના દેશોમાં નિકાસ વધે એ જરૂરી છે પણ મોદીમાં એ કરવાની તાકાત નથી એ દસ વર્ષમાં સાબિત થઈ ગયું છે.

મોદી ટ્રમ્પ સાથે પોતાની દોસ્તીની વાતો કરીને વાહવાહી કરાવતા હતા પણ ભારતને અમેરિકાની જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ (જીએસપી) સ્કીમમાં પાછા લાવી શક્યા નથી. છેલ્લાં ૧૦ વર્ષમાં લગભગ દર વરસે અમેરિકા જઈને મોદીએ અમેરિકામાં મોટી મોટી કંપનીઓના સીઈઓ સાથે બેઠકો કરી, તેમને ભારત આવવા નોંતર્યા પણ હરખાય એવો પ્રતિસાદ મળ્યો નથી. કંપનીઓ હજુ વિચારીશું ને પછી ઠીક લાગે તો નિરાંતે નિર્ણય લઈશું એ રીતે મોદીને ટલ્લાવ્યા કરે છે.

ટ્રમ્પ પહેલી વાર અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારે અમેરિકાની જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ (જીએસપી) સ્કીમમાં ફેરફાર કરીને ભારતને તેમાંથી બાકાત કરી નાંખીને મોટો ફટકો માર્યો હતો. ટ્રમ્પ સતત ભારત પર દબાણ કર્યા કરતા હતા કે, અમેરિકાની કંપનીઓને ભારતીય બજારમાં રાહતો આપો. ભારતની પોતાની મર્યાદા છે ને પોતાની કંપનીઓનાં પણ હિતો સાચાવવાં જરૂરી છે તેથી ભારત એક હદથી વધારે પ્રમાણમાં રાહતો આપી શકે તેમ નહોતું.

ગિન્નાયેલા ટ્રમ્પે ૪ માર્ચ, ૨૦૧૯ના રોજ ભારતને જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ (જીએસપી)માંથી બહાર કરવાની ચીમકી આપી હતી ને ૬૦ દિવસનો સમય આપ્યો હતો. ભારતે અમેરિકાને સંતોષ થાય એ પ્રકારનાં સમાધાન શોધવા પ્રયત્નો કર્યા પણ તેમાં સફળતા ના મળી. જીદ પર અડેલા ટ્રમ્પે છેવટે ૫ જૂને ભારતને જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ (જીએસપી)માંથી બહાર કરી દીધું હતું.

ટ્રમ્પના કહેવા પ્રમાણે ભારત પોતાના બજારમાં અમેરિકાને વિકાસની સરખી તક આપશે એવી ખાતરી નહોતું આપતું તેથી પ્રેફરેન્સિયલ ટ્રેડ સ્ટેટ્સ પાછું ખેંચી લેવા સિવાય છૂટકો નહોતો. ટ્રમ્પના આ નિર્ણયથી આપણી કંપનીઓને મોટો ફટકો પડ્યો. જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ (જીએસપી)ની શરૂઆત અમેરિકાએ ૧૯૭૬માં વિકાસશીલ દેશોને અમેરિકાના બજારમાં પોતાનો માલ વેચીને વિકાસ કરવાની તક મળે એ માટે કરેલી. આ સિસ્ટમ હેઠળ સંખ્યાબંધ વસ્તુઓને કોઇ પણ કરવેરા (ડ્યૂટી) ભર્યા વિના કે તો સાવ નજીવો કરવેરો ભરીને અમેરિકામાં નિકાસની મંજૂરી મળે છે.

ભારતે જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરેન્સિસ (જીએસપી)નો સૌથી વધારે લાભ લીધો હતો. આ સ્કીમ હેઠળ ભારતનાં ઉત્પાદનો અમેરિકાના બજારમાં ઠાલવી શકાતાં ને કોઈ ટેક્સ નહોતો લાગતો. જીએસપી હેઠળ ભારતની ઓટો કમ્પોનેન્ટ્સ સહિતની ૩૦૦૦ વસ્તુઓને ટેક્સ ફ્રી નિકાસની સુવિધા મળતી. ભારત આ સ્કીમ હેઠળ લગભગ ૫૬૦૦ કરોડ ડોલરની નિકાસ અમેરિકામાં કરતું હતું.

ટ્રમ્પે ભારતને અપાયેલું આ સ્ટેટસ પાછું ખેંચી લીધું તેથી ભારતની લગભગ ૫.૬ અબજ ડોલરની ભારતીય નિકાસ અમેરિકાના બજારમાં ટેક્સ ફ્રી ના રહી. ભારતે બીજા દેશો સાથે સ્પર્ધા કરવી પડી તેમાં મોટા ભાગની નિકાસ બંધ થઈ ગઈ. ભારતમાંથી ઈમિટેશન જ્વેલરી, ફૂટવેર સિવાયની લેધર પ્રોડક્ટ્સ, કેમિકલ્સ, પ્લાસ્ટિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, સર્જિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ તથા કૃષિ ક્ષેત્રનો માલ આ સિસ્ટમ હેઠળ મોટા પ્રમાણમાં અમેરિકામાં નિકાસ કરાતો. આ નિકાસ બંધ થઈ ગઈ છે તેથી આપણને આર્થિક રીતે મોટો ફટકો પડ્યો છે.

મોદી સરકાર પોતાની આર્થિક સફળતાનાં ગુણગાન ગાય છે ત્યારે આ વાત કરતી નથી. છેલ્લા પાંચ વરસમાં મોદી અમેરિકાની જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ (જીએસપી) સ્કીમમાં પાછા ફરવામાં સફળ થયા નથી. અને હવે ટ્રમ્પ જે વાતો કરી રહ્યા છે એ જોતાં તો ભારતની નિકાસ માટે વધારે કપરો સમય આવશે. ટ્રમ્પે કૅનેડા અને મેક્સિકોના માલ પર ૨૫ ટકા ડ્યૂટી ઠોકવાની જાહેરાત કરીને તેનો સંકેત આપી જ દીધો છે.

ડોનલ્ડ ટ્રમ્પ 'અમેરિકા ફર્સ્ટ' અને ' મેઈક અમેરિકા ગ્રેટ અગેઈન (માગા)' સ્લોગન આપીને અમેરિકાના પ્રમુખ બન્યા છે તેથી અમેરિકાની કંપનીઓનાં હિતો તેમના માટે સર્વોપરિ છે. એ માટે બીજા દેશોને પરેશાન કરવા પડે તો તેમાં પણ તેમને વાંધો નથી. ભારત સાથે એ સંબંધો સુધારવા પહેલાં તૈયાર હતા પણ બદલામાં તેમને અમેરિકાની કંપનીઓને મોટો લાભ જોઈતો હતો. અત્યારે તો આ મુદ્દે ટ્રમ્પ વધારે આક્રમક છે એ જોતાં ભારતે પણ પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

ભારતની તકલીફ એ છે કે, ભારત પાસે ચીન જેવી વિઝનરી લીડરશીપ નથી. ભારતમાં પોતાની અંગત વાહવાહી કરાવવી અને હિંદુ-મુસ્લિમ કરાવીને રાજકીય રોટલો શેકવાથી આગળ રાજકારણ નથી તેથી ભારત માટે આર્થિક પડકારો બહુ મોટા છે. આપણે આ પડકારોને કઈ રીતે પહોંચી વળીશું ને આપણા અર્થતંત્રને કઈ રીતે સ્થિર રાખી શકીશું એ પણ અત્યારે તો મોટો સવાલ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), બુધવાર, તા. ૨૨-૧-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૩ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (૨, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૪, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૧૯, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૮-૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૪ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૧૧-૩૩, રાત્રે ક. ૨૩-૩૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - અષ્ટમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન,ખાત મુહૂર્ત,વાસ્તુ કળશ.સર્વદેવ પ્રતિષ્ઠા. વાયુદેવતાનું પૂજન, રાહુદેવતાનું પૂજન, બુધ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શિવપરિવાર પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, મહેંદી લગાવવી, પરગામ પ્રયાણ મધ્યમ, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વાહન, માલ લેવો, દુકાન ખોલવી, રત્ન ધારણ, પશુ લે-વેંચ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું. નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, વૃક્ષરોપવા, ઉપવાટિકા બનાવવી. નવી તિજોરીની સ્થાપના, પશુ લેવડદેવડ.
- આચમનઃચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ વાંચનનો શોખ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ. બુધ ઉત્તરાષાઢામાં પ્રવેશે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# અમેરિકા સાથે ભારત 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવેઃ નિકાસકારો

નવી દિલ્હીઃ ભારતીય ઉત્પાદનો પર અમેરિકા વધુ કર લાદે તો તેવા સંજોગોમાં ભારતે અમેરિકા સાથે 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવવી જોઈએ, એમ વેપાર ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે.

અગાઉ ચોક્કસ પ્રકારના સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનો પર અમેરિકા દ્વારા ગેરકાયદે લાદવામાં આવેલા કરવેરા બદલ ભારતે અમેરિકા સાથે 'જેવા સાથે તેવા'નું વલણ અપનાવી અનેક અમેરિકી ઉત્પાદનો પરની કસ્ટમ ડ્યૂટી વધારી દીધી હતી.

ગયા વર્ષના ડિસેમ્બરમાં ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અનેક અમેરિકી ઉત્પાદનો પર વધુ કર વસૂલે છે અને તેની પ્રતિક્રિયા સ્વરૂપે અમેરિકા પણ ભારતીય ઉત્પાદનો પર એ જ પ્રમાણે કરવેરો વધારશે.

અમેરિકાની આ નીતિને ભારતે મક્કમપણે જવાબ આપવો જોઈએ અને અમેરિકા સાથે 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૮માં અમેરિકાએ ભારતથી નિકાસ કરવામાં આવતા ચોક્કસ પ્રકારના સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનો પરનો કરવેરો વધારી દીધો હતો જેના જવાબમાં ભારતે ૨૯ અમેરિકી ઉત્પાદનો પરનો કરવેરો વધાર્યો હતો.

આ મક્કમ વલણ દેશના વેપારી હિતોનું રક્ષણ કરવાની અને સંતુલિત રાખવાની ભારતની ક્ષમતા દર્શાવે છે, એમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ (જીટીઆરઆઈ)ના સ્થાપક અજય શ્રીવાસ્તવે કહ્યું હતું.

ટ્રમ્પ વહીવટીતંત્રનો એજન્ડા 'અમેરિકા ફર્સ્ટ'નો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમેરિકા જો એચવન-બી વિઝાના નિયમો કડક બનાવશે તો તેની અસર ભારતની આઈટી કંપનીઓના વિકાસ પર પડશે કેમ જે ભારતની આઈટી નિકાસની ૮૦ ટકા આવક અમેરિકાથી આવે છે. વાર્ષિક ૧૯૦ અબજ ડૉલરના વેપાર સાથે અમેરિકા ભારતનું સૌથી મોટું ટ્રેડ પાર્ટનર છે. (એજન્સી) ■

# કાશ્મીરમાં નવેસરથી હિમવર્ષા

શ્રીનગર : ગુલમર્ગ અને સોનમર્ગના ટૂરિસ્ટ રિસોર્ટ જેવા કાશ્મીરના ઊંચી ટેકરીવાળા વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા થઈ હતી. જોકે કાશ્મીરમાં લઘુતમ ઉષ્ણતામાન વધતાં કાશ્મીરવાસીઓએ કાતિલ ઠંડીમાંથી થોડી રાહત અનુભવી હતી, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર જોજિલા એક્સિસમાં પણ હિમવર્ષા પડી હતી.

હવામાન ખાતાએ મંગળવારે અને બુધવારે છુટાછવાયાં સ્થળે હળવા વરસાદ કે હિમવર્ષાની આગાહી કરી છે. વાદળિયાં હવામાનને લીધે ખીણમાં રાતનું તાપમાન વધ્યું હતું.

શ્રીનગરમાં સોમવારે રાત્રે તાપમાન એક ડિગ્રી સેલ્સિયસ હતું જે રવિવારના રાતના માઈનસ ૩.૨ ડિગ્રીની તુલનામાં વધ્યું હતું. દક્ષિણ કાશ્મીરની વાર્ષિક અમરનાથ યાત્રાનો બેઝ કેમ્પ જ્યાં હોય છે એ પહેલગામમાં તાપમાન માઈનસ ૨.૨ ડિગ્રી સેલ્સિયસ મંગળવારે રાત્રે નોંધાયું હતું જે સોમવારે માઈનસ ૬.૪ ડિગ્રી હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### શૅરબજાર

ઇક્વિટી માર્કેટની આગામી ચાલ અંગેની અનિશ્ચિતતામાં વધારો કર્યો છે. ટ્રમ્પની બીજી ઇનિંગની શરૂઆત સંભવિત આર્થિક નિર્ણયોની જાહેરાત મર્યાદિત સમજ સાથે થઈ છે.

તેમના ઉદ્‌ઘાટન ભાષણ દરમિયાન, તેઓ ઇમિગ્રેશન વિશે સ્પષ્ટ હતા, પરંતુ ટેરિફ અંગે અનિશ્ચિત જણાતા હતા. કેનેડા અને મેક્સિકો પર સંભવિત ૨૫ ટકા ટેરિફનું સૂચન સૂચવે છે કે ટેરિફ વધારવાની નીતિ ધીમે ધીમે લાગુ કરવામાં આવશે. ઉપરાંત, ટ્રમ્પે સોમવારે પદભાર સંભાળ્યા પછી યુરોપિયન બજારો થોડા ઊંચા ખુલ્યા હતા.

જોકે, એક ટોચની બ્રોકિંગ ફર્મના રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, હાલમાં આ અસ્થિરતા પાછળ ડેરિવેટિવ્સ એક મુખ્ય કારણ છે. સેન્સેક્સના વીકલી એક્સપાઇરીનો ૨૧ જાન્યુઆરી અંતિમ દિવસ હતો. તેમના મતે ટ્રમ્પની સ્પીચ કે તેની સંભવિત અસરોની અટકળો આજે (મંગળવારે) બજારના ગબડવાનું મહત્ત્વનું કારણ નથી.

બજારને ધક્કો મારનાર એક પરિબળ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી છે. ભારતીય બજારોમાં વિદેશી ફંડોનો આઉટફ્લો સતત ચાલુ રહ્યો છે. જાન્યુઆરીમાં જ એફઆઇઆઇએ ૫૦,૯૧૨.૬૦ કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. પાછલા સાત ટ્રેડિંગ દિવસોમાંથી છ સત્રોમાં વિદેશી ફંડ ચોખ્ખા વેચવાલ રહ્યા હતા. ■

### ગુજરાતમાં સ્થાનિક

૧૯.૦૧ લાખ મહિલા મતદારો તથા ૧૪૫ અન્ય મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર થયો તે સાથે જ ચૂંટણી ફરજ માટે સંબંધિત વિસ્તારોમાં નિયુક્ત અધિકારીઓ/કર્મચારીઓની બદલી અને રજાઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

સમગ્ર ચૂંટણી કાર્યક્રમ પર એક નજર કરીએ તો, ચૂંટણી જાહેરનામું ૨૧ જાન્યુઆરીના રોજ બહાર પડ્યું હતું, ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૭ જાન્યુઆરીએ, ઉમેદવારી પત્રોની ચકાસણી ૧ ફેબ્રુઆરીએ, ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૩ ફેબ્રુઆરી છે, ૧૬ ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાશે અને ૧૮ ફેબ્રુઆરીના દિવસે મતગણતરી થશે. જ્યારે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ પૂર્ણ થશે.

રાજ્ય ચૂંટણી આયોગના કમિશનર ડો. એસ. મુરલીક્રિષ્નાએ કહ્યું હતું કે, રાજ્યમાં જૂનાગઢ મહાનગર પાલિકા, રાજ્યની ૬૬ નગર પાલિકા, ૩ તાલુકા પંચાયતની ચૂંટણી યોજવામાં આવશે. આ સિવાય અમદાવાદ, ભાવનગર, સુરત મહાનગર પાલિકાની ૩ ખાલી પડેલી બેઠકની ચૂંટણી યોજાશે. ખેડા જિલ્લા પંચાયતની ચૂંટણી પણ જાહેર કરાઈ ન હતી. આ ઉપરાંત ધાનેરા નગરપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો ન હતો. તે જ પ્રકારે બોરસદ, સોજીત્રા જેમાં ઓબીસીની ભલામણ મુજબ હજી રિઝર્વેશન નક્કી થયું નથી.

ગ્રામ પંચાયતની અટવાયેલી ચૂંટણી બાબતે ડો. મુરલીક્રિષ્નાએ વધુમાં જણાવ્યું હતું કે, ઝવેરી કમિશને રાજ્ય સરકારને રિપોર્ટ રજૂ કર્યો હતો. સરકારે રાજ્ય ચૂંટણી પંચને દોઢ મહિના અગાઉ જ રિપોર્ટ આપ્યો હતો જેની કાર્યવાહી ચાલુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આવનારી સ્થાનિક ચૂંટણીઓમાં ૨૭ ટકા ઓ.બી.સી., ૧૪ ટકા એસ.ટી. અને ૭ ટકા એસ.સી. અનામત બેઠકો રહેશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમા ૨૭ ટકા ઓ.બી.સી. અનામતના અમલ સાથે ગુજરાતમાં પહેલીવાર ચૂંટણી જાહેર થઈ છે. અલબત્ત ગ્રામ પંચાયતોમાં હજી પણ વહિવટદારનું રાજ કાયમ રહેશે. રાજ્યમાં છેલ્લાં બે વર્ષથી ખેડા અને બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત, ૭૫ નગરપાલિકા અને ૫૩૯ નવી ગ્રામ પંચાયતો સાથે કુલ ૪૭૬૫ની ચૂંટણીઓ થઈ શકી નથી. ■

### છત્તીસગઢમાં

પણ જપ્ત કરવામાં આવ્યા છે.

ગારિયાબંધ વિસ્તારમાં એન્કાઉન્ટર રવિવારથી ચાલી રહ્યું છે. ગત રાત્રે કુલ્હાડીઘાટના ભાલુદીઘી પહાડીઓ પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે ભારે ગોળીબાર શરુ થયો હતો.

એન્કાઉન્ટર પછી સોમવારે સાંજે હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન શરૂઆતમાં બે નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા, જેમાંથી એક મહિલાનો સમાવેશ થાય છે. મંગળવારે સવારે, સૈનિકોને ૧૨ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતાં. ઘટનાસ્થળેથી ઘણા ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા નક્સલવાદીઓમાં ઓડિશા રાજ્ય નક્સલવવાદીનો વડો જયરામ ઉર્ફે ચલપતિનો પણ સમાવેશ થાય છે, જેના માથા પર એક કરોડ રૂપિયાનું ઇનામ હતું. આ એન્કાઉન્ટરમાં સીસીએમ મનોજ અને ગુડ્ડુ માર્યા ગયા હતા.

થોડા દિવસો પહેલા છત્તીસગઢના બીજાપુરમાં પણ એક એન્કાઉન્ટર થયું હતું, જેમાં ૧૮ નક્સલીઓ માર્યા ગયા હતા. પોલીસ દ્વારા નક્સલવાદીઓ સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અગાઉ, બીજાપુરમાં નક્સલવાદીઓ મોટો બ્લાસ્ટ કર્યો હતો. નક્સલવાદીઓએ સુરક્ષા દળોના વાહનને નિશાન બનાવ્યું હતું, બ્લાસ્ટમાં ૮ સૈનિકો શહીદ થયા હતા.

ગૃહ પ્રધાન અમિત શાહે જાહેરાત કરી છે કે માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે, પરંતુ સતત થઈ રહેલા હુમલાઓને કારણે મુશ્કેલીઓ વધી છે અને સરકારના દાવાઓ પર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

અગાઉ, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ગુરુવારે સલામતી દળોએ ઓછામાં ઓછા બાર નક્સલવાદીને ઠાર માર્યા હતા. આ સાથે ચાલુ મહિને માત્ર ૨૧ દિવસમાં જ કુલ ૪૨ નક્સલવાદીને ઠાર મરાયા હતા.

દક્ષિણ બીજાપુરના વનવિસ્તારમાં ગુરુવારે સવારે અંદાજે નવ વાગ્યે સલામતી દળો અને નક્સલવાદીઓની વચ્ચે સામસામો ગોળીબાર શરૂ થયો હતો અને મોડી સાંજ સુધી ચાલુ રહ્યો હતો.

નક્સલવાદીઓ-વિરોધી સંયુક્ત કાર્યવાહીમાં રાજ્ય પોલીસના ત્રણ જિલ્લામાંથી લવાયેલા ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, કેન્દ્રીય અનામત પોલીસ દળના એલાઇટ જંગલ વૉરફેર યુનિટના કમાંડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન (કોબ્રા)ની પાંચ બટાલિયન અને કેન્દ્રીય અનામત પોલીસ દળની ૨૨૯મી બટાલિયનના જવાનોએ ભાગ લીધો હતો.

નક્સલવાદીઓની હજી શોધખોળ ચાલી રહી છે. સલામતી દળોમાં કોઇ જાનહાનિ નહોતી થઇ.

અગાઉ, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં રવિવારે સલામતી દળો સાથેની અથડામણમાં પાંચ નક્સલવાદીને ઠાર મરાયા હતા.

બસ્તર ક્ષેત્રના પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ સુંદરરાજ પી.એ જણાવ્યું હતું કે ઇન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાનમાંના વનવિસ્તારમાં રવિવારે સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સામસામો ગોળીબાર શરૂ થયો હતો.

નક્સલવાદીઓ સામેની કાર્યવાહીમાં રવિવારે પણ ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ અને ડિસ્ટ્રિક્ટ ફોર્સે ભાગ લીધો હતો.

સલામતી દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલો ભારે ગોળીબાર બંધ થયો, તે પછી ગણવેશધારી પાંચ નક્સલવાદીના મૃતદેહ મળ્યા હતા. નક્સલવાદીઓની ઓટોમેટિક રાઇફલ અને વિસ્ફોટકો પણ જપ્ત કરાયા હતા.

સુરક્ષા દળો વનવિસ્તારમાં છુપાયેલા વધુ નક્સલવાદીઓને શોધી રહ્યા છે.

છત્તીસગઢમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં વિવિધ અથડામણમાં ૨૬ નક્સલવાદી ઠાર મરાયા હતા.

નારાયણપુર - દાંતેવાડા - બીજાપુર જિલ્લાના સીમાડે આવેલા અબૂઝમાડમાં નક્સલવાદીઓ સામેની ત્રણ દિવસની કાર્યવાહી છઠ્ઠી જાન્યુઆરીએ પૂરી થઇ હતી અને તેમાં બે મહિલા સહિત પાંચ નક્સલવાદી ઠાર મરાયા હતા.

સુકમા જિલ્લામાં સલામતી દળો દ્વારા નવ જાન્યુઆરીએ ત્રણ નક્સલવાદી ઠાર મરાયા હતા. છત્તીસગઢમાં ગયા વર્ષે ૨૧૯ નક્સલવાદી ઠાર મરાયા હતા. (એજન્સી) ■

### નવી સ્પિનર

ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો. તેની ૪-૧-૫-૫ની અદ્‌ભુત બોલિંગ ઍનેલિસિસની મદદથી ભારતીય ટીમે યજમાન મલયેશિયાને ફક્ત ૩૧ રનમાં ઑલઆઉટ કરી હતી અને ત્યાર બાદ ભારતે ૧૦ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

વૈષ્ણવી મધ્ય પ્રદેશના ગ્વાલિયર શહેરની છે. તે આ પહેલાં માત્ર એક ડોમેસ્ટિક મૅચ રમી હતી જેમાં તેને એક પણ વિકેટ નહોતી મળી. જોકે ગઈ કાલે પોતાના પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટના પડકારરૂપ મુકાબલામાં તેણે હૅટ-ટ્રિક અને પાંચ વિકેટના તરખાટ સાથે મહિલા ક્રિકેટમાં સનસનાટી મચાવી દીધી હતી. માત્ર ૩૧ રનના સ્કોર પર મલયેશિયાની ઇનિંગ્સ પૂરી થઈ ત્યાર બાદ પાછા આવતી વખતે કૅપ્ટન નિક્કી પ્રસાદે વૈષ્ણવીને પૅવિલિયન સુધી ટીમની આગેવાની લેવાનું કહ્યું હતું અને વૈષ્ણવી માનભેર સૌથી આગળ ચાલી હતી અને સ્ટેડિયમમાં બેઠેલા પ્રેક્ષકોએ તેમ જ ભારતીય ડ્રેસિંગ-રૂમમાં બેઠેલી અન્ય ખેલાડીઓ તથા સપોર્ટ સ્ટાફે ઊભા થઈને ૧૯ વર્ષની વૈષ્ણવીને સન્માન આપ્યું હતું.

ભારતે ૨.૫ ઓવરમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના ૩૨ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો.

ભારત આ ટૂર્નામેન્ટનું ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. ૨૦૨૩માં સૌપ્રથમ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે શેફાલી વર્માના નેતૃત્વમાં ચૅમ્પિયનપદ જીતી લીધું હતું. રવિવારની પ્રથમ મૅચમાં ભારતે વેસ્ટ ઇન્ડિઝની ટીમને ૯૪ બૉલ બાકી રાખીને નવ વિકેટે હરાવી હતી.

ભારતની આગામી મૅચ ગુરુવાર, ૨૩મી જાન્યુઆરીએ (બપોરે ૧૨.૦૦ વાગ્યાથી) શ્રીલંકાની બરોબરીની ટીમ સામે રમાશે. ગ્રૂપ-એમાં ભારત અને શ્રીલંકા ચાર-ચાર પૉઇન્ટ સાથે મોખરે છે. ■

### અમેરિકામાં જન્મેલા

વિવાદાસ્પદ મોટી જાહેરાતો કરી હતીઃ

૧) યુએસ સરકાર માટે ફક્ત બે જાતિઓ અર્થાત્ તૃતીય પંથીને માન્યતા નહીં.

ટ્રમ્પે કહ્યું કે - આજથી અમેરિકન સરકારમાં ફક્ત બે જ લિંગ હશે, પુરુષ અને સ્ત્રી.

હું અમેરિકામાં તમામ સરકારી સેન્સરશિપ તાત્કાલિક બંધ કરવા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પુનઃસ્થાપિત કરવા માટે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર પણ હસ્તાક્ષર કરીશ.

અમેરિકામાં જન્મેલાંને આપમેળે નાગરિકત્વ નહિ મળે : યુએસ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રસ્તાવિત એક્ઝિક્યુટિવ ઓર્ડર પ્રમાણે ઓછામાં ઓછા એક માતાપિતા યુએસ નાગરિક અથવા ગ્રીન કાર્ડ ધારક હોવા જોઈએ તોજ તેમના બાળકને ઓટોમેટિક નાગરિકતા મળશે.

ટ્રમ્પ વહીવટીતંત્ર, બે બિનદસ્તાવેજીકૃત માતાપિતા ધરાવતા બાળકોને પાસપોર્ટ, સામાજિક સુરક્ષા નંબર અને જાહેર લાભો નકારવાનો નિર્દેશ ફેડરલ એજન્સીઓને આપી શકે છે.

૨) ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને હાંકી કાઢવાનું વચન :- ટ્રમ્પે દેશમાં ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા અને ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને પકડીને સરહદ પર છોડી દેવાની નીતિનો અંત લાવવાની વાત કરી. તેમણે કહ્યું- બાઈડન વહીવટીતંત્રે આપણા દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશેલા ખતરનાક ગુનેગારોને આશ્રય અને રક્ષણ આપ્યું છે.

૩) મેક્સિકો સરહદ પર રાષ્ટ્રિય કટોકટી જાહેર કરવાની વાત કરીઃ- ટ્રમ્પે યુએસ-મેક્સિકો સરહદ (દક્ષિણ સરહદ) પર ઈમર્જન્સી લાદવાની વાત કરી. તેમણે કહ્યું કે અહીંથી તમામ ગેરકાયદેસર પ્રવેશો પર પ્રતિબંધ મૂકવામાં આવશે. સરકાર ગુના કરનારા વિદેશીઓને તેમના દેશમાં પાછા મોકલશે.

૪) પનામા કેનાલ પાછી લેવાની ધમકી આપી :- ટ્રમ્પે કહ્યું કે તેઓ પનામા કેનાલ પાછી લઈ લેશે. તેમણે કહ્યું કે આ નહેરને કારણે આપણી સાથે ખૂબ જ ખરાબ વર્તન કરવામાં આવ્યું છે. તે ક્યારેય પનામા દેશને ભેટ તરીકે આપવું જોઈતું ન હતું. આજે ચીન પનામા કેનાલનું સંચાલન કરે છે. આપણે તે ચીનને આપ્યું નથી. આપણે તે પનામા દેશને આપ્યું હતું. આપણે તેને પાછી લેવા જઇ રહ્યા છીએ.

૫) ટ્રમ્પે મેક્સિકોના અખાતનું નામ બદલીને અમેરિકાનો અખાત કરવાની જાહેરાત કરી.

૬) અન્ય દેશો પર ટેરિફ લાદવાની જાહેરાત :-

ટ્રમ્પે કહ્યું કે અત્યાર સુધી આપણા દેશની સરકાર બીજા દેશોને ધનવાન બનાવવા માટે આપણા દેશના લોકો પર કર લાદતી હતી. આપણે આમાં ફેરફાર કરવા જઈ રહ્યા છીએ, હવે આપણે આપણા દેશના લોકોને સમૃદ્ધ બનાવવા માટે અન્ય દેશો પર ટેરિફ અને કર લાદીશું.

૭) વિદેશી વિરોધી એક્ટ ૧૭૯૮ને લાગુ કરવાનું વચન :- ટ્રમ્પે કહ્યું કે તેઓ અમેરિકામાં વિદેશી ગેંગને નિશાન બનાવવા માટે વિદેશી વિરોધી એક્ટ ૧૭૯૮નો ઉપયોગ કરશે. આ કાનૂની શક્તિનો ઉપયોગ છેલ્લે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાની, જર્મન અને ઇટાલિયન મૂળના બિન-અમેરિકન નાગરિકોને અટકાયતમાં લેવા માટે કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ગુનાહિત ગેંગને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવશે.

આ સિવાય ટ્રમ્પે ઇલેક્ટ્રિક વાહનો માટેની ફરજિયાત જરૂરિયાતને દૂર કરવાની વાત કરી. ટ્રમ્પે કહ્યું કે બીજા શબ્દોમાં કહીએ તો, તમે તમારી પસંદગીની કાર ખરીદી શકશો.

ટ્રમ્પે હાલની આરોગ્ય વ્યવસ્થા અને શિક્ષણ વ્યવસ્થા બદલવાની વાત કરી હતી. ટ્રમ્પે કહ્યું કે તેઓ મંગળ ગ્રહ પર અમેરિકાનો ધ્વજ ફરકાવવા માટે અવકાશયાત્રીઓને મોકલશે. નિષ્ણાતોના મતે આ એક્ઝિક્યુટિવ ઓર્ડર કાનૂની પડકારોનો સામનો કરશે તે નિશ્ચિત છે. ■

ફોરમ વર્લ્ડવાઈડ પ્રસ્તુત કરે છે

# યુરોપ 2025

FORAM WORLDWIDE
#ChaloForamKeSang



ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ .
૧૯ વર્ષો ના અનુભવ સાથે... યુરોપ માં કિચન કેરેવાન સુવિધાઓ નો
ઈતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ

**2025 માટે વચનબદ્ધ**








## EASTERN EUROPE
15N 16D
BUDAPEST - VIENNA - PRAGUE - SALZBURG
LJUBLJANA - ZAGREB - ZADAR - SPLIT - DUBROVNIK




## SCANDINAVIA WITH LOFOTEN
15N 16D
COPENHAGEN - STOCKHOLM - OSLO - BERGEN GEIRANGER - TRONDHEIM - ALESUND - LOFOTEN



## GRAND EUROPE
ITALY - AUSTRIA - SWISS - FRANCE - BELGIUM - AMSTERDAM
16N 17D



## ICELAND RING (ONLY WITH FORAM)
09N 10D
THE OLDEST FORMATIONS OF ICELAND, BOTH IN THE WEST AND EAST, ARE COVERED BY FORAM WORLDWIDE (SNAEFELLSNESS PENINSULA & VESTRAHORN MOUNTAIN)
REYKJAVIK - BORGARNES - AKUREYRI - DJUPIVOGUR - VIK



## UK SCOTLAND IRELAND
11N 12D
LONDON - LIVERPOOL - DUBLIN - BELFAST GLASGOW
EDINBURGH - MANCHESTER - BIRMINGHAM - OXFORD



### યુરોપ ફક્ત ફોરમ શાહ સાથે જ કેમ ?

- ★ ટુર માં અમારા પોતાના રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ આપવા ની ઐતિહાસીક ઉપલબ્ધી. 2006 થી પોતાના માલિકીની કિચન કેરેવાન સાથે ની ટુરો નું સફળતાપૂર્વક સંચાલન કરનાર એક માત્ર પાયોનીયર.
- ★ પોતાના વર્ષોના અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજર અને રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ
- ★ ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ વિરલ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ 20 વર્ષો ના અનુભવ સાથે. યુરોપ માં મહારાજ અને કિચન કેરેવાન સાથે ની સુવિધાઓ નો ઇતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ
- ★ ફક્ત અમારી સાથે માણો SWITZERLAND ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- ★ સવાર - બપોર - સાંજ અમારા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઈ (જૈન પણ ). બપોરનું FULL FLEDGE ગુજરાતી/મારવાડી લંચ સાથે સાથે રાત્ર ના ટેસ્ટી વેરાઈટી MULTI CUISINE ડિનર
- ★ વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ ટુરો નું આયોજન
- ★ દરેક સ્થળે કિચન કેરેવાન ની સુવિધા (SWIZTERLAND & PARIS માં પણ) ફક્ત ફોરમ સાથે જ સંભવ
- ★ કિચન કેરેવાન ની સુવિધા પૂર્ણ UK-SCOTLAND-IRELAND, EASTERN EUROPE અને ICELAND માં પણ ફક્ત ફોરમ વર્લ્ડવાઈડ સાથે સંભવ છે
- ★ અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીઇંગ નો સમાવેશ (NO HIDDEN CHARGES)
- ★ ICELAND RING - RING ROAD NO. 1 ફરાવનાર એકમાત્ર કંપની
- ★ સંપૂર્ણ EASTERN EUROPE WITH CROATIA મા કિચન કેરેવાન ના પાયોનિયર
- ★ 2 રાત્રી LOFOTEN ISLAND માં મુકામ ફક્ત અમારી સાથે
- ★ હાર્ટ ઓફ SWITZERLAND ઇન્ટરલૅકન માં 3 રાત્રી મુકામ ફક્ત ફોરમ સાથે જ સંભવ
- ★ વેનિસ માં ગન્ડોલા રાઈડ સાથે પેરિસ બાય નાઈટ ટુર (ફક્ત ફોરમ સાથે)
- ★ UK SCOTLAND IRELAND માં કિચન કેરેવાન સાથે ફોરમ વર્લ્ડવાઈડ એ માત્ર પાયોનિયર
- ★ અચેનસી લેક ક્રુઝ - 45 MINS CRUISE RIDE ON LARGEST LAKE IN TYROL
- ★ સમગ્ર ટુર દરમિયાન A/C કોચ ની મુસાફરી



**આ ઉપરાંત યુરોપ ની બીજી ટુરો પણ ઉપલબ્ધ**

| | |
|---|---|
| SPAIN-PORTUGAL (15N\|16D) | ARCTIC (11N\|12D) |
| GREECE (07N\|08D) | TURKEY (11N\|12D) |

## બુક કરો 31ST JANUARY પહેલા અને મેળવો આકર્ષક ડિસ્કાઉન્ટ

### OTHER 2025 SECTORS
AUSTRALIA | NEW ZEALAND | CANADA | SOUTH AMERICA
SCANDINAVIA | JAPAN | FAR EAST | GREECE | UK SCOTLAND
TURKEY | BAKU | DUBAI | VIETNAM | SOUTH AFRICA |

**FORAM 9324366095 | JAY 9167008678 | DINESH 8591728602 | BHAKTI 9321236935 | DHRUV 8169369686**
HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજિત પવારે જાલનામાં સ્વચ્છતાના અભાવે અધિકારીઓની ઝાટકણી કાઢી

જાલનાઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જાલનામાં શહેરમાં સ્વચ્છતાના અભાવના મુદ્દે સ્થાનિક વહીવટીતંત્રની અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. તેમણે અધિકારીઓને ચેતવણી પણ આપી હતી. સોમવારે એક ખાનગી હોસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતાં, પવારે શહેરની રેઢિયાળ સ્થિતિ પર નારાજી વ્યક્ત કરી હતી અને અંગુલિનિર્દેશ કર્યો હતો કે જાહેર સ્થળોએ કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. ‘આ શહેરની સ્થિતિ જોઈને હું ગભરાઈ ગયો હતો. જનપ્રતિનિધિઓ આ ગંદકી પર કેમ ધ્યાન નથી આપી રહ્યા? તમે શું કરી રહ્યા છો? શું તમને આ દેખાતું નથી?’ એવા સવાલ પવારે સભાને સંબોધતા કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારે ૧૦૦ દિવસની સ્વચ્છતા ઝુંબેશ ચલાવી હતી, પરંતુ જાલનામાં તેની કોઈ અસર દેખાતી નથી. પવારે એમ પણ કહ્યું હતું કે, મહારાષ્ટ્ર વાર્ષિક ૭ લાખ કરોડ રૂપિયાની આવક ઉત્પન્ન કરે છે, જેમાંથી ૩.૫ લાખ કરોડ રૂપિયા સરકારી કર્મચારીઓના પગાર અને પેન્શન પર ખર્ચ થાય છે. ‘આ અધિકારીઓને સ્વચ્છતા જાળવવા માટે કેમ જવાબદાર ઠેરવવામાં આવતા નથી?’ એવો સવાલ પવારે ઉપસ્થિત કર્યો હતો. તેમણે વિધાનસભ્ય અર્જુન ખોતકરના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી તેનો પણ ઉલ્લેખ કર્યો હતો અને નોંધ્યું હતું કે તેમના ઘરની આસપાસનો વિસ્તાર સ્વચ્છ હતો.

‘જો તેમના નિવાસસ્થાનની આસપાસ સ્વચ્છતા હોઈ શકે, તો બાકીના શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી કોની છે?’ એમ તેમણે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું હતું.

પવારે એમ પણ કહ્યું હતું કે, તેમણે કલેક્ટર કચેરીમાં સ્વચ્છતાના અભાવ અંગે જિલ્લા કલેક્ટરની પણ ઝાટકણી કાઢી હતી. નાયબ મુખ્યમંત્રીએ આ વિસ્તારમાં ફેક્ટરીઓ દ્વારા થતા પ્રદૂષણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નિષ્ક્રિયતા માટે ટીકા કરી હતી.

# નાશિકના ખેતરમાં મહિલાની ગળું ચીરીને હત્યા

નાશિકઃ નાશિક જિલ્લામાં આવેલા ખેતરમાં ૫૫ વર્ષની મહિલાનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. તીક્ષ્ણ હથિયારથી મહિલાનું ગળું ચીરવામાં આવ્યું હતું.

સિન્નર તાલુકાના દુબેરે-સોનારી માર્ગ પર આવેલા ખેતરમાં ખેડૂતોને મહિલાનો મૃતદેહ નજરે પડતાં તેમણે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. દરમિયાન પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને મહિલાને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

મહિલાની ઓળખ સિંદુબાઇ મારુતિ વાજે તરીકે થઇ હતી, જે આ જ વિસ્તારમાં રહેતી હતી. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીની શોધ આદરી હતી. (પીટીઆઇ)

# મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર ૯૩ કિલો રક્તચંદન જપ્ત

મુંબઈઃ પશ્ચિમ રેલવેની વિજિલન્સ ટીમે મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર કાર્યવાહી કરીને ૯૩ કિલો રક્તચંદન જપ્ત કરીને એક વ્યક્તિને તાબામાં લીધી હતી.

ટ્રેન નંબર ૧૨૯૫૬ (જયપુર-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ)ની લીઝ પાર્સલ વેનમાં ૧૨ કલાકથી વધુ સમય સુધી તપાસ ચાલી હતી, જેમાં ચાર શંકાસ્પદ પાર્સલ મળી આવ્યાં હતાં. આ પાર્સલ ખોલવામાં આવતાં તેમાં રક્તચંદન મળી આવ્યું હતું, જેનું વતન ૯૩ કિલો હતું. કાયદેસર પાર્સલના ઓઠા હેઠળ રક્તચંદનની દાણચોરી કરવામાં આવી રહી હતી.

આ પ્રકરણે હારુન અબ્દુલ લતીફ માંડવીવાલાને તાબામાં લેવામાં આવ્યો હતો અને બાદમાં વધુ કાર્યવાહી માટે રક્તચંદન અને હારુનને વનવિભાગને સોંપવામાં આવ્યા હતા.

# ટોરેસ સ્કૅમઃ સાત યુક્રેનિયન સહિત આઠ જણ સામે બ્લુ કોર્નર નોટિસ

મુંબઈઃ સપ્તાહમાં છથી ૧૧ ટકા વળતરની લાલચે લાખો રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાના ટોરેસ સ્કૅમ સાથે સંકળાયેલા સાત યુક્રેનિયન અને એક ટર્કીશ નાગરિક સામે બ્લુ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. આ સ્કૅમની તપાસ કરનારી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ફરાર વિદેશી નાગરિકો વિરુદ્ધ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશનની મદદથી ઈન્ટરપોલ મારફત આ નોટિસ મેળવી હતી. આ સ્કૅમમાં સવાલાખ રોકાણકારોએ એક હજાર કરોડથી વધુનું નુકસાન કર્યું હોવાનો દાવો કરાઈ રહ્યો છે. આ કેસમાં આરોપનામું કોર્ટમાં રજૂ કરાયા પછી ફરાર લોકો વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ પણ બહાર પાડવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# પાક વીમા યોજનામાં ‘ભ્રષ્ટાચાર’: કૉંગ્રેસે ઝાટકી નાખ્યા ધનંજય મુંડેને

મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે બીડમાં એનસીપીના રાજ્યના પૂર્વ કૃષિ પ્રધાન ધનંજય મુંડેની દેખરેખ હેઠળ પાક વીમા યોજનાના અમલીકરણમાં અનિયમિતતાનો આક્ષેપ કર્યો હતો.

કોંગ્રેસ નેતાએ માગ કરી હતી કે એક વિશેષ સમિતિની રચના કરવામાં આવે અને બીડ પાક વીમા મોડલની આસપાસના નિર્ણયોનું પારદર્શી રીતે મૂલ્યાંકન કરવામાં આવે. અગાઉની શિંદે સરકારમાં જુલાઈ, ૨૦૨૨થી ડિસેમ્બર, ૨૦૨૪ સુધી કૃષિ પ્રધાન તરીકે સેવા આપનાર મુંડે હાલમાં દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકારમાં ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રાલયના પ્રમુખ છે. વડેટ્ટીવારે રાજ્ય સરકાર પર પાક વીમા યોજના હેઠળ પોતાની જવાબદારીથી દૂર રહેવાનો અને ખેડૂતોને તેમના યોગ્ય લાભોથી વંચિત રાખવાનો આરોપ લગાવ્યો હતો.

‘૨૦૨૪માં દાખલ કરાયેલા ચાર લાખ બોગસ વીમા દાવાઓમાંથી, માત્ર ૧.૦૯ લાખનું જ નિરાકરણ કરવામાં આવ્યું છે. આવતીકાલે, ખેડૂતોને આ બોગસ દાવાઓ માટે દોષિત ઠેરવવામાં આવશે, પરંતુ આ ભ્રષ્ટાચારથી મોટા પ્રમાણમાં નફો મેળવનારાઓનું શું?’ વડેટ્ટીવારે પ્રશ્ન કર્યો હતો.

‘‘પાક વીમા યોજના હેઠળ, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજનાને બંધ કર્યા પછી બોગસ ખાતાઓમાં રૂ. ૧૦૫ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. વધુમાં, ધનંજય મુંડેની ટીમે ૧૫૦-૨૦૦ ખેડૂતોના નામ નકલી દાવાઓમાં ઉમેર્યા છે. આ ગેરરીતિઓમાં ખુદ મંત્રીનું નામ આવ્યું છે,‘‘ એવો વડેટ્ટીવારે આક્ષેપ કર્યો હતો.

# થાણેમાં મોટરસાઇકલ ચોરનારા બે પકડાયા

થાણેઃ થાણે જિલ્લામાં એક મહિનામાં કલવા અને રાબોડી વિસ્તારમાંથી મોટરસાઇકલ ચોરનારા બે આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા.આરોપીઓની ઓળખ શેખર દાસ (૧૮) અને રણદીપ અરોટે (૧૯) તરીકે થઇ હતી, જ્યારે તેમનો સાથીદાર ફરાર છે. આરોપીઓને સીસીટીવી કેમેરાના ફૂટેજને આધારે રવિવારે કલવા વિસ્તારમાંથી પકડી પાડવામાં આવ્યા હતા.આરોપીઓ પાસેથી ચોરીની ચાર મોટરસાઇકલ હસ્તગત કરવામાં આવી હતી. (પીટીઆઇ)

## છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રમાં

પ્રધાનને મળ્યા અને આ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ પ્રસંગે ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત પણ હાજર હતા. દરમિયાન, મુખ્ય પ્રધાનપદ સંભાળ્યા પછી, દેવેન્દ્ર ફડણવીસે ગઢચિરોલી જિલ્લા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું હોય તેવું લાગે છે અને આ જિલ્લાના પાલક પ્રધાનનું પદ પણ પોતાના માટે રાખ્યું છે.

આ ઉપરાંત, મહારાષ્ટ્ર સરકારે દાવોસમાં વધુ બે કરારો પર હસ્તાક્ષર કર્યા છે. રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ સાથે પણ એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને રાજ્યમાં ૧૬,૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ આવશે. આનાથી ૨,૪૫૦ નોકરીઓનું સર્જન થશે. આ કરાર સંરક્ષણ ક્ષેત્ર માટે કરવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સતીશ શેઠની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સ્ટીલ અને ધાતુ ક્ષેત્રમાં ત્રીજો કરાર થયો હતો, અને તેના દ્વારા રાજ્યમાં ૧૭,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. આનાથી ૩,૨૦૦ નોકરીઓનું સર્જન થશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને બાલાસોર એલોય્સના સતીશ કૌશિકની હાજરીમાં રાજ્ય સરકાર અને બાલાસોર એલોય્સ વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેથી, રાજ્યને અત્યાર સુધીમાં ૩૮,૭૫૦ કરોડ રૂપિયાનું રોકાણ મળ્યું છે.

આ ઉપરાંત ફડણવીસે કૃષિ, ખાદ્ય પ્રક્રિયા, આંતરરાષ્ટ્રીય શિપિંગ અને નાણાકીય ક્ષેત્રમાં ફ્રેન્ચ વૈશ્વિક અગ્રણી લુઇ ડ્રાઈફસ કંપનીના સીઈઓ માઈકલ ગેલ્ચી સાથે મુલાકાત કરી હતી અને દાળ/કઠોળ માટે એક સમર્પિત વ્યવસાયિક એકમ બનાવવાની તેમની યોજનાઓ અને રાજ્યમાં કૃષિ પદ્ધતિઓ સુધારવા માટે ખેડૂતો સાથે સહયોગ કરવાના તેમના પ્રયાસોની ચર્ચા કરી. મજબૂત ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્ર ધરાવતું મહારાષ્ટ્ર, આ પહેલ માટે આદર્શ ભાગીદાર છે. અમે કૃષિ પદ્ધતિઓને વધારવા માટે વિશ્વ બેંક-સમર્થિત કાર્યક્રમ પર સંભવિત ભાગીદારીની પણ શોધ કરી.

દાવોસમાં એએમએસઈએ અને ઈન્ટરનેશનલ બેવરેજીસના સીઈઓ યુજીન વિલિયમસન અને પેપ્સિકોના સ્ટીફન કેહો સાથે મુલાકાત કરી હતી અને પેપ્સિકો દ્વારા નાસિકમાં મૂલ્યવર્ધિત શૃંખલા બનાવવા અને સમગ્ર મહારાષ્ટ્રમાં વધુ વિસ્તરણ કરવા માંગે છે તે જાણીને આનંદ થયો. પેપ્સિકો મુખ્યત્વે મહારાષ્ટ્રના કૃષિ, ખાદ્ય ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષેત્રોમાં કામ કરી રહી છે.

ખેડૂતોને ટેકો આપવા માટે ચર્ચાઓમાં ખાદ્યાન્નમાં એઆઈ, ડ્રોન ટેકનોલોજી અને પાક ચક્ર વ્યવસ્થાપનનો સમાવેશ થતો હતો. પેપ્સિકોએ કૃષિ અને ખાદ્ય વિજ્ઞાન યુનિવર્સિટીઓ સાથે ભાગીદારીમાં રસ દર્શાવ્યો અને પ્લાસ્ટિકના રિસાઈક્લિંગ અને સરક્યુલર ઈકોનોમીના નિર્માણમાં તેમના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો, એવી માહિતી ફડણવીસે આપી હતી.

દાવોસમાં માસ્ટરકાર્ડના પ્રમુખ લિંગ હાઈ સાથે મુલાકાત કરી માસ્ટરકાર્ડે પુણેમાં તેનું ટેક સેન્ટર ફરીથી ખોલ્યું છે અને હાઈએ મને સુવિધાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે. સાયબર સુરક્ષા, નાણાકીય સમાવેશ અને ડેટા સુરક્ષાના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આ એક શક્તિશાળી ભાગીદારીની માત્ર શરૂઆત છે જે મહારાષ્ટ્રને ડિજિટલ નવીનતા, સાયબર સુરક્ષા અને આર્થિક વિકાસમાં અગ્રેસર બનવામાં મદદ કરશે, એમ તેમણે કહ્યું હતું.

મર્સ્કના સીઈઓ વિન્સેન્ટ ક્લાર્ક સાથે બેઠક થઈ, જેમાં મહારાષ્ટ્રના લોજિસ્ટિક્સ ભવિષ્ય અને વાઢવણ બંદરને વૈશ્વિક ટ્રાન્સશિપમેન્ટ હબમાં રૂપાંતરિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી. બંદર કામગીરી અને ઊર્જા સંક્રમણમાં મર્સ્કની કુશળતા આ વૈશ્વિક સ્તરે પડકારજનક હબમાં મોટું યોગદાન આપી શકે છે. ભારતની બંદર ક્ષમતામાં ક્રાંતિ લાવવાના માર્ગ પર વઢવાણને અત્યાધુનિક સુવિધામાં વિકસાવવા માટે સહયોગ મેળવવા માટે આતુર છીએ, જે વૈશ્વિક સપ્લાય ચેઇનમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરશે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ભૂતપૂર્વ ડિરેક્ટર અને હોરાસિસના ચેરમેન ડો. ફ્રેન્ક-જર્ગેન રિક્ટર સાથે સમજદારીભરી ચર્ચા કરવામાં આવી હતી. હોરાસિસ મુંબઈમાં તેમનું મુખ્ય મથક સ્થાપવા અંગે ચર્ચા કરી. તેઓ મુંબઈમાં વૈશ્વિક કંપનીઓની વિશાળ સમિટનું આયોજન કરવાની યોજના બનાવી રહ્યા છે. જે ટેક, નવીનતા અને મહારાષ્ટ્રના રોકાણ વાતાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પહેલાં ૨૦૨૫ના દાવોસ મિશનની શરૂઆત પાછળના માણસ, વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (ડબ્લ્યુઈએફ)ના સ્થાપક અને એક્ઝિક્યુટિવ ચેરમેન, પ્રો. ક્લાઉસ શ્વાબ સાથે મુલાકાતથી કરી હતી. આ મુલાકાતમાં સ્વચ્છ ઉર્જા, ઊટ, નવા યુગના ઉદ્યોગો વગેરે સહિત વિવિધ ક્ષેત્રો પર ચર્ચા કરી હતી એમ ફડણવીસે જણાવ્યું હતું.

### મહાવિતરણ કંપનીના

ખડકલો થઇ ગયો છે. ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૪ના આંકડા અનુસાર લેણી રકમ ૯૯ હજાર કરોડ રૂપિયા પહોંચી ગઇ છે. મહાવિતરણને કુલ લેણાં નીકળે છે તેમાંથી ૭૫ ટકા રકમ તો ખેડૂતોની જ છે. તેઓની વસૂલી થઇ શકતી ન હોવાથી દંડ અને વ્યાજનો બોજો વધી ગયો છે. મહાવિતરણ જેવું ખેડૂતો પાસે રકમ વસૂલી કરવા માટે જાય છે કે રાજકીય દબાણ આવી જતું હોય છે. આ ઉપરાંત ચૂંટણીના સમયમાં વસૂલીને પણ બ્રેક લાગી હતી.

### દાદા ભૂસે અને

પાલક પ્રધાન તરીકે દેખરેખ રાખવા માંગતા હતા, તેને સ્થાને દેવેન્દ્ર ફડણવીસને બનાવવામાં આવ્યા છે, જેના કારણે શિંદે વધુ નારાજ થયા છે. આ પરિસ્થિતિ મહારાષ્ટ્ર સરકારમાં ચાલી રહેલા મતભેદો અને સત્તા સંઘર્ષને દર્શાવે છે.

શાસક પક્ષના સાથી પક્ષો વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં વધારો કરતા એનસીપીએ મંગળવારે સાથી પક્ષ શિવસેનાને ચેતવણી આપી કે સુનીલ તટકરે અને અદિતિ તટકરે પર વ્યક્તિગત હુમલા ન કરે. પાર્ટીએ એવી ચેતવણી આપી હતી કે તે આવી ટીકા સહન કરશે નહીં.

એનસીપીના મુખ્ય પ્રવક્તા આનંદ પરાંજપેએ જણાવ્યું હતું કે લોકશાહીમાં દરેક રાજકીય પક્ષને પોતાના મંતવ્યો વ્યક્ત કરવાનો અધિકાર છે. જો કોઈ નિર્ણય પર મતભેદ હોય, તો તેની ચર્ચા પાર્ટીના નેતાઓ સાથે થવી જોઈએ. આવા નિવેદનો અશાંતિ ફેલાવવાનો અને મુખ્ય પ્રધાનને મુશ્કેલીમાં મૂકવાનો પ્રયાસ હોઈ શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. જિલ્લાના પાલક પ્રધાનોની જાહેરાતના એક દિવસ પછી રાયગડ અને નાશિક માટે નિમણૂકો સ્થગિત કરવામાં આવી હતી. એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના આ બે જિલ્લાઓના પાલક પ્રધાનપદ નકારવાથી નાખુશ હોવાનું કહેવાય છે. ભરત ગોગાવલે અને દાદાજી ભૂસે અનુક્રમે રાયગડ અને નાશિક જિલ્લાના છે. બંને પાલક પ્રધાન માટે આશાવાદી હતા.

### તાનસા પાઈપ લાઈનમાં

ખોરવાશે. એસ, કે-ઈસ્ટ, જી-નોર્થ અને એચ-ઈસ્ટનાં વોર્ડને આની અસર થશે. રહેવાસીઓને પાણી સમજદારીથી વાપરવાની સલાહ પાલિકાના અધિકારીએ આપી હતી.

જે વિસ્તારોમાં પાણીપુરવઠો ઠપ રહેશે એમાં એસ વિભાગના ગૌતમનગરનો નીચાણવાળો વિસ્તાર, બેસ્ટ નગર, ફિલ્ટર પાડા, ગાંવદેવી, પઠાણવાડી, મહાત્માફુલે નગર, મુરારજી નગર, આરે રસ્તા, મિલિંદ ટાવર, એલએન્ડટી વિસ્તાર, કે પૂર્વ વિભાગમાં ઓમ નગર, સહારગાંવ, જે.બી.નગર, લેલેવાડી, મરોલપાઈપલાઈન, કદમવાડી, શિવાજી નગર, સેવનહિલ્સ હોસ્પિટલ વિસ્તાર, ચીમટપાડા, ટાકપાડા, રામબાગ, તરુણ ભારત, ચકાલા, કબીર નગર, બામણપાડા, એમઆઈડીસી વિસ્તાર, જી ઉત્તરમાં ધારવી અને એચ પૂર્વમાં બેહરામપાડા, બાંદ્રા રેલવે ટર્મિનસ વિસ્તારમાં પાણીપુરવઠો નહીં થાય.

### પુરાવા નથીઃ નવાબ

છે કે ન તો ખોટો એવા નિષ્કર્ષ પર પોલીસ આવી હોય ત્યારે ‘સી-સમરી રિપોર્ટ’ દાખલ કરવામાં આવે છે. એક વખત આ પ્રકારનો અહેવાલ સંબંધિત ટ્રાયલ કોર્ટ સમક્ષ દાખલ થઈ જાય પછી આ કેસમાં ફરિયાદી તેને પડકારી શકે છે અને તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ ક્લોઝર રિપોર્ટને સ્વીકારવાનો કે નકારવાનો નિર્ણય અદાલત લેતી હોય છે. ગયા વર્ષે, વાનખેડેએ વકીલ રાજીવ ચવાણ મારફત હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી હતી. અરજીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) કાયદાની જોગવાઈઓ હેઠળ ભૂતપૂર્વ પ્રધાન મલિક વિરુદ્ધ તેમણે કરેલી ફરિયાદ અંગે પોલીસની નિષ્ક્રિયતાનો દાવો કરવામાં આવ્યો હતો. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટેક્સપેયર સર્વિસીસ (ડીજીટીએસ) માં વધારાના કમિશનર અને મહાર અનુસૂચિત જાતિના સભ્ય વાનખેડેએ આ કેસ સીબીઆઈને સોંપવાની માગણી કરી હતી. આ કેસમાં એનસીપીના નેતાની ધરપકડ નથી કરવામાં આવી અને આજદિન સુધી આરોપનામું પણ નથી દાખલ કરવામાં આવ્યું. (પીટીઆઈ)

### રોગ પ્રતિકારક

જીબીએસથી રોગચાળો નહીં ફેલાય. સારવાર આપ્યા બાદ મોટાભાગના લોકો આ સ્થિતિમાંથી સંપૂર્ણપણે બહાર આવી જાય છે. અમે નિષ્ણાતોની એક સમિતિની રચના કરી છે, જેમાં એનઆઈવીના વૈજ્ઞાનિકો અને એપિડેમિયોલોજિસ્ટ્સનો સમાવેશ થાય છે. દર્દીઓની વિગતવાર દેખરેખ રાખવામાં આવશે. અત્યારના તબક્કે ગભરાઈ જવાની જરૂર નથી.

કન્સલ્ટન્ટ ઇન્ટેન્સિવિસ્ટ ડો.સમીર જોગે જણાવ્યું હતું કે ‘આ મુખ્યત્વે ઇમ્યુનોલોજિકલ રોગ (આ બીમારીમાં રોગ પ્રતિકારક શક્તિ જ શરીરના કોષ પર હુમલો કરી એનો નાશ કરે) છે. ચેપ લાગ્યા પછી શરીરની રોગપ્રતિકારક શક્તિ શરીરના જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓ પર અસર કરે છે છે. (પીટીઆઈ)

## પારસી મરણ

જેરૂ દારૂવાલા (ઉં. વ. ૮૫) તા. ૧૭-૧-૨૦૨૫ તે મરહુમ સોરાબજી અને શેરૂ બોનેસેટરની દીકરી. ફરોખ દારૂવાલાના માતા. રૂચી ગૌરના સાસુજી. નોશીર હદવૈદ અને ઝરીન પંથકીની બહેન.

રૂસ્તમજી ફરામજી ભાઠેના તે જાલુ ભાઠેના ખાવિંદ. તે મરહુમો શીરીનબાઈ તથા ફરામજીના દીકરા. તે કૈઝાદ ને સાહીલના બાવાજી. તે વાબીઝ ને શરમીનના સસરા. તે મરહુમો ખોરશેદ ને ડોલી ઉડવાડયાના ભાઈ. તે જેનીસા, ફીયા, ઝાયાન ને માયરાહના બપાવાજી. (ઉં. વ. ૮૯) ઠે. ફ્લેટ નં. ૩૦૨, ત્રીજા માળે, લાઈફસ્કેપસ ચેમ્બર, સી એચ. એસ. એસ. જે. માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩. ઉઠમણાની ક્રિયાઃ ૨૩-૧-૨૫ના રોજ બપોરે ૩-૪૫ કલાકે ભાભા બંગલી નં. ૨, ડુંગરવાડી, મુંબઈ.

# ૩૧મી મે સુધીમાં રાજ્યના કિલ્લાઓ પરના ગેરકાયદે બાંધકામ હટાવી દેવાશે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ૩૧ મે સુધીમાં રાજ્યભરમાં કિલ્લાઓ પરના ગેરકાયદે બાંધકામો દૂર કરવાના લક્ષ્ય સાથે અતિક્રમણ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે એમ એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટરોને ૩૧ જાન્યુઆરી સુધીમાં અતિક્રમણની કિલ્લાવાર યાદી તૈયાર કરવા કહેવામાં આવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

’કલેક્ટરોની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની સમિતિઓની રચના કરવામાં આવશે અને આ સમિતિઓ પહેલી ફેબ્રુઆરીથી ૩૧ મે સુધી તબક્કાવાર અતિક્રમણ દૂર કરવાની દેખરેખ રાખશે એમ જણાવી મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે સરકાર ભવિષ્યના અતિક્રમણને રોકવા માટે તકેદારી સમિતિઓ પણ બનાવશે. જનતા નક્કર પગલાંનો આગ્રહ રાખતી હોવાથી એ અનુસાર સરકારે પ્રતિસાદ આપ્યો છે.’

મહારાષ્ટ્રમાં ૪૭ કિલ્લા કેન્દ્ર સંરક્ષિત છે, ૬૨ રાજ્ય-સંરક્ષિત છે અને આશરે ૩૦૦ અસુરક્ષિત કિલ્લાઓ છે. આ પહેલનો હેતુ સાંસ્કૃતિક સીમાચિહ્નોના ઐતિહાસિક અને સૌંદર્યલક્ષી મહત્વને જાળવવાનો છે.

સરકારના અભિગમની માહિતી આપતા રાજ્યના સાંસ્કૃતિક બાબતોના

## હિન્દુ મરણ

**દશા સોરઠિયા વણીક**

પાલીતાણા નિવાસી હાલ બોરીવલી સ્વ. મંજુલાબેન મનસુખલાલ જાદવજી ગાંધીના સુપુત્ર પરેશભાઈ ગાંધી (ઉં. વ. ૫૨) તા.૧૭.૦૧.૨૦૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. દિગનાબેનના પતિ. વૈભવીના પિતાશ્રી. પ્રવિણચંદ્ર બાબુલાલ ગોરસીયાના જમાઈ. ગં.સ્વ. રશ્મિબેન ભાવેશકુમાર ગોરસીયા, હેતલબેન આશિષકુમાર ધાબળીયા, સ્વ. ડિમ્પલબેન ગાંધી, વિરેનભાઈ ગાંધીના મોટાભાઈ. ફાલ્ગુની આશિષકુમાર શેઠ, વૈશાલી રાજેશભાઈ ગાંધી, મનીષભાઈના બનેવી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

નરેન્દ્ર કાપડિયા (ઉં. વ. ૮૪) તે સ્વ. હેમકળાબેન જીવીબેન હરજીવનદાસ કાપડિયાના પુત્ર. અરુણાબેનના પતિ. સ્વ. ધૈર્યસિંહ, સ્વ.સુરેન્દ્ર, ઇન્દુબેન ચંદ્રસેન મરચન્ટ, ગં.સ્વ. રજની જયકુમાર સંપટના ભાઈ. સ્વ.હંસા હરિદાસ ઉદેશીના જમાઈ. સોનલ સલીલ મ્હાત્રે, દર્શના તથા રૂપલ અભિષેક શ્રીવાસ્તવના પિતા ૨૦/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ખડાયતા વણિક**

માતર નિવાસી હાલ મુંબઈ સુદિતભાઈ કાન્તીલાલ પારેખ (ઉં. વ. ૮૮) તે માલવિકાબહેનના પતિ. સપન અને સમિતના પિતા. પ્રતિવા અને પરિશિના સસરા. સ્વ. પૃથવિશભાઇ, મમતાબહેનના ભાઇ. અનન્યા, ઇશાન, આરવ, વિવાનના દાદા તા.૧૮-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા તા.૨૩- ૧-૨૦૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. યશવંતરાવ ચૌહાણ સેન્ટર, મેઇન ઓડીટોરીયમ, જનરલ જગન્નાથ ભોસલે રોડ, નરિમન પોઈન્ટ, મુંબઇ.

**હાલાઇ લોહાણા**

મુંબઈ નિવાસી હાલ વલસાડ શાંતિલાલ લાલ (ઉં.વ.૮૩) તે કાકુભાઈ કાલીદાસ લાલના સુપુત્ર. છગનભાઈ, પ્રભાબેન, હંસાબેન, બેબીબેનના ભાઈ. રશ્મીકાબેનના પતિ. સ્વ. હિમાંશુ, છાયા સંજય ખખર, સંગીતા નિહીર ઠક્કર, હીના હિતેશ મણીયારના પિતાશ્રી. દુર્લભદાસ કરશનદાસ દતાના જમાઈ. ૧૮/૦૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા.૨૩/૦૧/૨૫ના ૩થી૫. ઠે. ૬, સુમીત્રાપાર્ક પસુખ શાંતિ સદન, નાનકવાડા, સિવિલ રોડ, વલસાડ.

**ગિરિનારાયણ બ્રાહ્મણ**

દિવંગત જમનાદાસભાઈ પાઠક અને દિવંગત રમાબેન પાઠકના પુત્રી, દીવંગત પ્રદીપ પૂરોહિતના પત્ની. નિમિષ પૂરોહિતના માતા. દેહુતી પૂરોહિતના સાસુ. યજત પૂરોહિતના દાદી. ગં. સ્વ. દક્ષા પૂરોહિત (ઉં. વ. ૭૬) ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠિયા**

શીલવાળા નિવાસી હાલ કાંદિવલી દમયંતીબેન બખાઈ (ઉં. વ. ૮૧) તા.૧૭-૧-૨૦૨૫ના શુક્રવારે શ્રીચરણ પામેલ છે. તે સ્વ.શાંતિલાલ દેવજી બખાઇના પત્ની. અતુલના મમ્મી. અંજુના સાસુ. સ્વ.કાકુભાઈ અને સ્વ.નાનાલાલ દેવજી બખાઈના ભાભી. સ્વ.કમળાવંતી પરસોત્તમ હરજીવન શાહના સુપુત્રી. સ્વ.જસુભાઈ, સ્વ.નવીનભાઈ, સ્વ.જીતેન્દ્રભાઈ, ગં. સ્વ. તારાબેન, ગં.સ્વ.કુંજલતાબેન, સાધનાબેનના મોટાબેન. લૌકિક પ્રથા બંધ છે. ૪૦૧, વિનાયક સદન, એમ. જી રોડ, વૈશાલી બસ સ્ટોપની સામે, કાંદિવલી વેસ્ટ.

**ઔ.સ.બ્રાહ્મણ**

દાહોદ નિવાસી મૂળ વતન ધર્મપુર-વાસદા સ્વ. ધર્મભુષણ પ્રબોધચંદ્ર વ્યાજ, હાલ વિરાર તે સ્વ.અ.સૌ. પદ્માબેન વ્યાસના પતિ. રક્ષિતભાઈ અને હેમાંગીબેનના પપ્પા. કૃણાલકુમાર જોષી, પૂજાબેન વ્યાસના સસરા. ધ્રુવિતના દાદા. કેનિશાના નાના તા. ૧૬-૧-૨૫, ગુરૂવારના દેવલોક પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઉસરડ નિવાસી હાલ કાંદિવલી ગં.સ્વ.ઇલાબેન જાની (ઉં. વ. ૭૫) તા.૨૧/૦૧/૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ.ચંદ્રકાંત પરમાનંદ જાનીના ધર્મપત્ની. નૂતન રામકુમાર, ફાલ્ગુની વિમલકુમારના માતુશ્રી. રામકુમાર, વિમલકુમાર, મેઘનાબેનના સાસુ. સ્વ.અરવિંદભાઈ, સ્વ.વિનોદભાઈ, સ્વ.જયશ્રીબેન, જ્યોતિબેન, હર્ષદભાઈ, લતાબેન, મંજુલાબેનના ભાભી. પીયરપક્ષ સ્વ.ઇન્દિરાબેન અનંતરાય મહેતાના દિકરી. ગં.સ્વ.અરૂણાબેન દિનેશકુમાર, સ્વ.નિરંજનાબેન હરેશકુમાર, સ્વ. મહેશભાઈ અને ભરતભાઈના બેન. પ્રાર્થનાસભા તા. ૨૩-૦૧-૨૫ને ગુરુવાર ૪ થી ૬, વાંઝા જ્ઞાતિની વાડી, મથુરાદાસ એક્સટેનશન રોડ, કાંદિવલી (પ.)

**આજક ગિરિનારાયણ બ્રાહ્મણ**

સ્વ. મહેશભાઇ રમણીકલાલ પુરોહિત (ઉં. વ. ૬૭) તે પ્રવિણાબેનના પતિ. દિવ્યાબેન, નેહલબેન અને અભિષેકભાઇના પિતાશ્રી. તથા નયનાબેન ચૈતન્યકુમાર ભટ્ટના મોટાભાઇ. તેમ જ ગુણવંતરાય ખીમજી જોશીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ગુરુવાર, ૨૩-૧-૨૫ના સાંજે ૪થી ૬. નિવાસસ્થાને. ઠે. એ/૨૦૩, બીજે માળે, સનસિટી મેરિડીયન, અંતરીક્ષ બિલ્ડિંગની સામે, કામંત ઘર રોડ, શંકરા ડાઇંગની સામેની ગલી, ભીવંડી રોડ.

**કચ્છીમારૂ કંસારા સોની**

સ્વ. બિહારીલાલ સુંદરજી બુદ્ધભટ્ટી (ઉં. વ. ૮૨) માડવી કચ્છ, હાલે મીરારોડ તે કમલાબેનના પતિ. સ્વ. સુંદરજી મેઘજી બુદ્ધભટ્ટીના પુત્ર. સ્વ. પ્રેમકુંવરબેન વિઠ્ઠલદાસ પોમલના જમાઈ. સ્વ. રમેશભાઈ, ચંદ્રકાંતભાઈ, મનસુખભાઈ તથા કિશોરભાઈનાં ભાઈ. ઉમેશ તથા નિલેશના પિતા. ઉષાબેન તથા ભાવનાબેનના સસરા ૧૯-૦૧-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૨-૧-૨૫, બુધવારે છે. સ્થળઃ બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, સેકટર નં. ૧૦, શાંતિનગર, મીરારોડ (પૂ.). ટા. ૫ થી ૭.

**ઘોઘારી મોઢ વણિક**

મૂળ ગામ હળવદ નિવાસી હાલ મુલુંડ છાયા પોતદાર (ઉં. વ. ૭૭) તે ગુણવંતરાયના પત્ની. અમૃતલાલ જગજીવનદાસ પોતદારના પુત્રવધૂ. હીના હીતેન મહેતાના માતુશ્રી. ઈશિતા અનૂજ ડાકવાલા અને કિન્નરી પૃથ્વી વોરાના નાની. જીકુબહેન મોનજીભાઈ પરીખના દીકરી ૨૦-૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**જામનગર હાલાર વિશા શ્રીમાળી સ્થા. જૈન**

હાલ કાંદિવલી રમેશભાઈ રમણીકલાલ શાહના ધર્મપત્ની અ.સૌ. દક્ષા (ઉં. વ. ૭૨)૨૦-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રેશ્મા હરીન સુતરીયા, પ્રીતિ દિપેશ અજમેરાના માતુશ્રી. સ્વ. કુસુમબેન રમણલાલના પુત્રી. ગં.સ્વ. રેખા બિહારીભાઈ, ભારતી રણજીતભાઈ, સુરેખા રાજુભાઈ, હર્ષા દિપકભાઈના ભાભી. દિલીપ રમણલાલ, પરેશ રમણલાલ, જયશ્રી નૈતિકકુમારના બહેન. હેનીલ અને હીનલના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન.**

સાયલા નિવાસી હાલ મુલુંડ સ્વ.સુરેન્દ્રભાઇ શાન્તિલાલ શાહના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૭૬) પિયરપક્ષે ભીખાલાલ અંદરજીભાઈ મહેતાની સુપુત્રી. વિમલભાઈ, કાશ્મીરા બેનના માતુશ્રી. હેતલ તથા ભરતના સાસુ. ધ્રુવી તથા ખુશ્બુના દાદી - નાની. ઉતમભાઈ, જીતુભાઈ, રાજેન્દ્રભાઈના બહેન તા.૧૯-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કારાઘોઘાના અ.સૌ. ભાવના છાડવા (ઉં. વ. ૬૧) તા. ૧૮-૧ના અવસાન પામેલ છે. મનસુખના ધર્મપત્ની. ઉમરબાઇ વજપાર પુનશીના પુત્રવધૂ. કોમલ, કીનલના માતુશ્રી. પ્રાગપુર રંજનબેન બાબુભાઇ દેવજીના સુપુત્રી. ધીરજ, ધર્મીષ્ઠાના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

ગઢસીસાના લિલાવંતીબેન શાંતીલાલ દેવજી નાગડા (ઉં. વ. ૮૪) તા. ૨૦/૧ સોમવારના અવસાન પામેલ છે. સ્વ. શાંતિલાલના ધર્મપત્ની. મા. ભચીબાઈ, જેઠીબાઈ, તેજબાઈ દેવજી રવજી નાગડાના પુત્રવધૂ. ચંદ્રીકા, ભરતના માતુશ્રી. ગઢશીશાના સ્વ. આસબાઈ લાલજી દેઢિયાના સુપુત્રી. દેવપુરના લક્ષ્મીબેન લાલજી નિસર, ગઢસીસાના અમૃતબેન જીવરાજ ગડાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હર્ષીલ ભરત નાગડા, રૂમ નં. ૯, ૨જે માળે, સાઇદીપ બીલ્ડીંગ, દોલતનગર રોડ નં. ૩, બોરીવલી (ઇસ્ટ).

ભીંસરાના કલ્યાણજી નાગડા (ઉં. વ. ૮૦) તા. ૨૦-૧ અવસાન પામેલ છે. દેવકાબેન મોણશી રવજીના પુત્ર. ધનવંતીબેનના પતિ. ભારતી (પારૂલ), પ્રકાશ, મુકેશના પિતા. સ્વ. તેજશી, ધનજી, જગશી, ડુંગરશી, ધરમશી, વસનજી, હરખવંતીના ભાઇ. બાડા સ્વ. મણીબેન શામજી હેમરાજ વિસરીયાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રાવક સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૧૦.૩૦ થી ૧૨.૦૦. નિ. મુકેશ શાહ, બી૧/૧૪૦૧, શ્રી લક્ષ્મી રેસીડેન્સી, એન.એમ.જોશી માર્ગ, ભાયખલા-૨૭.

કાંડાગરાના મગનલાલ ગાલા (ઉં. વ. ૯૪) ૧૯-૧ના અરિહંત શરણ પામ્યા છે. ગંગાબાઈ ગાંગજીના પુત્ર. નાનબાઈના પતિ. કિશોર, વસંત, હંસાના પિતા. બિદડા મણીબેન વીરજી, ભુજપુર દેવકાંબેન કરમશી, રતનશી, રામાણીયા લક્ષ્મીબેન તેજશી, ખેતશી, પોપટ, ચંચળબેન લક્ષ્મીચંદ, રવિલાલના ભાઈ. ભુજપુર હિરબાઈ હિરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : વસંત ગાલા, બી/૧૬ પ્રભાશા, રાઈફલ રેન્જ રોડ, નોર્થ બોમ્બે સ્કુલની બાજુમાં, ઘાટકોપર (વે).

નવીનાર (હાલે કપાયા)ના અલ્કાબેન (મૃદુલા) કૈલાશ ગાલા (ઉં. વ. ૭૧) તા. ૨૦-૧-૨૫ ના અવસાન પામ્યા છે. વિમળાબેન કાનજી પ્રેમજીના પુત્રવધૂ. કૈલાશભાઈના પત્ની. પ્રિન્સ, ડિમ્પલ, રીંકલના માતુશ્રી. ભુજપુર રતનબેન પ્રેમજી ઉમરશી ભેદાના સુપુત્રી. કર્મદેબેન કેશવજી, લક્ષ્મીબેન કેશવજીની દોહીત્રી. હીરાલાલ, મણીલાલ, પોપટભાઈ, ચુનીલાલ, સુનિલ, નવીનાર રૂક્ષ્મણી પોપટલાલ, રેવંતી ધીરજલાલ, ચંદન લક્ષ્મીચંદ, જ્યોતી મુકેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કૈલાશ ગાલા : એ-૧૩૦૧, તિરૂપતિ એપા., મહાલક્ષ્મી, મુંબઈ-૨૬.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મલાડ નવીનચંદ્ર નંદલાલ દોશી (ઉં. વ. ૭૫) તા. ૨૦-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. મેહુલ- રીંકલના પિતા. નીલમ-ઝંખનાના સસરા. મીત-યુવાનના દાદા. સ્વ. પ્રવિણભાઈ, સ્વ. પ્રફુલ્લભાઈ, સ્વ. પંકજભાઈ, મંજુલાબેન ખાંતિલાલ કોરડીયા, સ્વ. ઈન્દુબેન મનસુખલાલ જસાણીના ભાઈ. સાસરાપક્ષે પરમાનંદ અમૃતલાલ શાહ (પાલીતાણાવાળા)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૪-૧-૨૫ શુક્રવારના ૯.૩૦ થી ૧૨.૦૦, સ્વામિનારાયણ હોલ, દત્તમંદિર રોડ, મલાડ-ઈસ્ટ.

**પાટણ જૈન**

પાટણ ખેતરવસીની પોળ બ્રાહ્મણવાડા હાલ મુંબઈ અ.સૌ. હર્ષાબેન સંઘવી તા.૧૮-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વિજયભાઈ મહાસુખભાઈ સંઘવીના પત્ની. કુણાલ અને રેશ્મા ગુલશનભાઈ ચોપરાના માતુશ્રી. દક્ષાબેન કિરીટભાઈ સંઘવીના દેરાણી. પિયરપક્ષે નીમુબેન સનાલાલ શાહ પરિવાર. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સ્વ. તલકચંદ દુર્લભદાસ ગાંધી (મહુવા-અગતારીયાવાળા હાલ કાંદિવલી)ના પત્ની લીલાવંતીબેન (ઉં.વ.૮૮) તા. ૨૧-૧-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેષભાઇ, રાજુભાઇ, સ્વ. માયાબેનના માતુશ્રી. શૈલાબેન, સંગીતાબેનના સાસુ. તથા અર્પિત, અર્વી, અમીના દાદી. તથા સ્વ. જયંતીભાઇ, સ્વ. બાબુભાઇ, સ્વ. કાંતિભાઇ, સ્વ. હિંમતભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. મણીભાઇ, મનસુખભાઇ તથા સ્વ. શાંતાબેન, ચંદ્રાબેનના ભાભી. પિયરપક્ષે રામજીભાઇ તથા પ્રભાબેન અને કનકબેનના બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. ઠે. ૬૦૧, સાંઇ ક્રિપા, એમ. જી. રોડ, સારસ્વત બેન્ક ગલી, પારસ નર્સિંગ હોમની ઉપર, કાંદિવલી (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

બરવાળા ઘેલાશાહ નિવાસી હાલ તારદેવ સ્વ. શાન્તાબેન રતિલાલ અજમેરાના પુત્ર રમેશભાઈ (ઉં. વ. ૮૩) સોમવાર, તા. ૨૦-૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે ગં. સ્વ. ભારતીબેનના પતિ. હિતેન, સિધ્ધાર્થ અને નીશાનાં પિતા. મનીષકુમાર પારેખ, નિશીતા, હર્ષાના સસરા. સ્વ. હસમુખભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. શશીભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, મુકેશભાઈ અને સ્વ. ઈન્દુબેન રસિકલાલ પારેખના ભાઈ. સાસરા પક્ષે ધ્રાંગધ્રા નિવાસી સ્વ. કમળાબેન શાંતિલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સૈફને મળ્યો ડિસ્ચાર્જ, ઘરે પહોંચ્યો



મુંબઈ: એક્ટર સૈફ અલી ખાનને મંગળવારે મુંબઈના વાંદરા વિસ્તારમાં આવેલી લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. મંગળવારે સૈફ બાંદ્રામાંનાતેના સતગુરુ શરણ બિલ્ડિંગમાં ઘરે પહોંચ્યો હતો. પાંચ દિવસ પહેલા તેના ઘરમાં ઘૂસી હુમલાખોરે તેના પર હુમલો કરી છરી મારી ઈજા પહોંચાડી હતી. ૧૬ જાન્યુઆરી વહેલી સવારે થયેલા હુમલા પછી ૫૪ વર્ષ સૈફની હોસ્પિટલમાં ઈમર્જન્સી સર્જરી કરવામાં આવી હતી.

ડોક્ટરોએ આપેલી માહિતી અનુસાર સૈફને ત્રણ ઠેકાણે ઈજા થઈ હતી. હાથ પર બે જગ્યાએ અને એક ગળાની જમણી બાજુએ જખમ થયા હતા. કરોડરજ્જુમાં સૌથી વધુ ઈજા થઈ હતી. સારવાર પછી સૈફની હાલત સુધરી હતી અને ૧૭ જાન્યુઆરીએ તેને આઈસીયુમાંથી આભાર લાવી સ્પેશ્યલ રૂમમાં રાખવામાં આવ્યો હતો.પોલીસે રવિવારે બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઇસ્લામ શેહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦)ની થાણા શહેરમાંથી છરીના હુમલા બદલ ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■

## સૈફ પર ૩ પાબંદી

### ન કસરત, ન શૂટિંગ, ન ભારે વજન ઊંચકવું

પીઢ અભિનેતા સૈફ અલી ખાનને ગઇ કાલે લીલાવતી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો. છેલ્લા પાંચ દિવસથી તેની સારવાર ચાલી રહી હતી. છેવટે, તેની સ્થિતિનો અભ્યાસ કર્યા પછી, છઠ્ઠા દિવસે, ડોક્ટરે તેને રજા આપી.

સૈફ અલી ખાનને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ સૈફ અલી ખાન સફેદ શર્ટ, બ્લુ જીન્સ અને બ્લેક ચશ્મા પહેરીને હોસ્પિટલમાંથી બહાર આવ્યો હતો. હાલમાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, તેમ છતાં તેની ઈજાઓ હજુ તાજી છે. આ ઘા રુઝાવવા માટે તેણે આગામી થોડા દિવસો સુધી કાળજી લેવી પડશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ડોક્ટરે તેમને એક મહિના આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. ઉપરાંત, તે આગામી કેટલાક દિવસો સુધી જિમમાં કસરત કરી શકશે નહીં. આ સાથે જ જ્યાં સુધી તબિયતમાં સુધારો નહીં થાય ત્યાં સુધી તે ફિલ્મોના શૂટિંગ માટે જઈ શકશે નહીં. તેમ જ કોઈપણ ભારે વસ્તુ ઉપાડી શકશે નહીં.

# મેઘાલય સરહદ પરની દાવકી નદી પાર કરી હુમલાખોર શરીફુલ ભારતમાં ઘૂસ્યો હતો

હુમલાખોર શરીફુલ ઈસ્લામ શહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર બાંગ્લાદેશી નાગરિક છે. ભારતમાં પ્રવેશવા માટે તે સાત મહિના પહેલા દાવકી નદી પાર કરી મેઘાલય પહોંચ્યો હતો. આ પછી, તેણે સિમ કાર્ડ ખરીદવા માટે પશ્ચિમ બંગાળના રહેવાસીના આધાર કાર્ડનો ઉપયોગ કર્યો હતો.

સૈફ અલી ખાન પર હુમલાના ત્રણ દિવસ બાદ ૩૦ વર્ષીય શરીફુલની થાણેથી ધરપકડ કરવામાં આવી હતી. શરીફુલ બાંદ્રામાં સૈફ અલી ખાનના ઘરમાં ચોરીના ઈરાદે ઘૂસ્યો હતો. ગેરકાયદે રીતે ભારતમાં પ્રવેશ્યા બાદ શરીફુલે પોતાનું નામ બદલીને બિજોય દાસ રાખ્યું હોવાનું મુંબઈ પોલીસે જણાવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે શરીફુલ જે સિમ કાર્ડનો ઉપયોગ કરી રહ્યો હતો તે પશ્ચિમ બંગાળના ખુકુમોની જહાંગીર શેખના નામે નોંધાયેલ છે. શરીફુલ પોલીસને જણાવ્યું કે તે બાંગ્લાદેશમાં બારમા ધોરણ સુધી ભણ્યો હતો અને નોકરીની શોધમાં ભારત આવ્યો હતો. તેણે મેઘાલયમાં ભારત-બાંગ્લાદેશ સરહદે આવેલી દાવકી નદી પાર કરીને ભારતમાં પ્રવેશ કર્યો હોવાનો દાવો કર્યો હતો. બંગાળમાં થોડા અઠવાડિયા વિતાવ્યા પછી, તે નોકરીની શોધમાં મુંબઈ આવ્યો અને એવી નોકરીઓ શોધી હતી જેમાં કોઈ દસ્તાવેજની જરૂર ન હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અમિત પાંડે નામના લેબર કોન્ટ્રાક્ટરે ફકીરને થાણે અને વરલી વિસ્તારમાં પબ અને હોટલોમાં હાઉસકીપિંગની નોકરી અપાવવામાં મદદ કરી હતી.

શરૂઆતમાં, શરીફુલ પોલીસને કહ્યું કે તે કોલકાતાનો રહેવાસી છે. જો કે, તેના કોલ રેકોર્ડની તપાસ કરતી વખતે, અધિકારીઓને બાંગ્લાદેશના નંબરો પર ઘણા ફોન કોલ્સ મળ્યા.

તેઓએ જણાવ્યું કે, શરીફુલ બાંગ્લાદેશમાં તેના પરિવારને ફોન કરવા માટે મોબાઈલ એપ્સનો ઉપયોગ કર્યો હતો. ■

## સૈફની મજબૂત પકડમાંથી છૂટવા આરોપીએ તેની પીઠ પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંક્યા

અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં ધરપકડ કરાયેલા બાંગ્લાદેશી આરોપીની પૂછપરછમાં પોલીસને ઘટના સંબંધી મહત્ત્વની વિગતો મળી રહી છે. સૈફે એટલી મજબૂત રીતે પકડી રાખ્યો હતો કે પકડમાંથી છૂટવા તેની પીઠ પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંકવા પડ્યા હોવાનો દાવો આરોપીએ કર્યો હતો.પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ગરદન અને કરોડરજ્જુમાં ઊંડી ઇજાને કારણે સૈફની પકડ ઢીલી પડી ગઈ હતી, જેને પગલે આરોપી છટકી જવામાં સફળ રહ્યો હતો. સૈફ પર હુમલાના કેસમાં પોલીસે આરોપી શરીફુલ ફકીર (૩૦)ને શનિવારની મધરાતે ઘોડબંદર રોડ પરના મૅન્ગ્રોવ્ઝમાંથી પકડી પાડ્યો હતો. શરીફુલ ચોરીને ઇરાદે બાન્દ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ બિલ્ડિંગમાં આવેલા સૈફના ફ્લૅટમાં ઘૂસ્યો હતો.

પોલીસ તપાસ અનુસાર આરોપી સૈફના પુત્ર જહાંગીરની રૂમમાં બાથરૂમની બારીમાંથી ઘૂસ્યો હતો. બાળકોની સંભાળ માટે રાખેલી સ્ટાફ નર્સ એલિયામા ફિલિપની નજર આરોપી પર પડી હતી. ફિલિપે બૂમાબૂમ કરી મૂકતાં સૈફ અલી ખાન અને કરીના કપૂર દોડી આવ્યા હતા.

કહેવાય છે કે સૈફે આરોપીનો બહાદુરીથી સામનો કર્યો હતો. તેણે આરોપીને સામેથી બાથમાં ભીડ્યો હતો. સૈફની પકડ એટલી મજબૂત હતી કે આરોપીએ છૂટવાનાં હવાતિયાં માર્યાં હતાં, પરંતુ તે પકડ છોડાવી શક્યો નહોતો. પરિણામે સૈફની ગરદન અને પીઠ પર તેણે છરીના ઘા ઝીંક્યા હતા. ગંભીર ઇજાને કારણે સૈફની પકડ ઢીલી પડી હતી અને આરોપી નાસી ગયો હતો. ■

## સીસીટીવી લાગ્યા, રોનિત રોયને અપાઇ સલામતીની જવાબદારી

હુમલાની ઘટના બાદ સૈફ અલી ખાનના ફ્લૅટ બહાર સીસીટીવી કૅમેરા લગાવવામાં આવ્યા હોવાનું સૂત્રોનું કહેવું છે. સૈફે અગાઉની સિક્યોરિટી એજન્સીને હાંકી કાઢી છે અને હવે એક્ટર રોનિત રોયની સલામતી એજન્સીને સિક્યોરિટીની જવાબદારી સોંપી છે. કહેવાય છે કે સૈફના ફ્લૅટની બહારના ભાગમાં સીસીટીવી નહોતા. તેથી આરોપી અંદર કેવી રીતે ઘૂસ્યો તેની ચોક્કસ માહિતી પોલીસને મળી શકી નહોતી. હવે હુમલાની ઘટના બાદ સુરક્ષાને ધ્યાનમાં રાખી સીસીટીવી કૅમેરા લગાવી દેવામાં આવ્યા હતા. ■

## બાંગ્લાદેશની શાળાનું એલસી મજબૂત પુરાવો

આરોપી શરીફુલ ફકીરના મોબાઈલ ફોનમાંથી મળી આવેલું સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ (એલસી) તે બાંગ્લાદેશી નાગરિક હોવાનો મજબૂત પુરાવો છે, એમ પોલીસનું કહેવું છે. થાણેથી શરીફુલ પકડાયો ત્યારે પોતે કોલકતાનો રહેવાસી હોવાનો દાવો તેણે કર્યો હતો. જોકે તેના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન પોલીસને બાંગ્લાદેશની સ્કૂલનું એલસી મળી આવ્યું હતું. શરીફુલે બાંગ્લાદેશમાં અનેક લોકોને કૉલ કર્યા હતા, જેમાંથી સૌથી વધુ તેણે ભાઈને કર્યા હોવાનું જણાયું હતું. કોઈ કારણસર શરીફુલે એલસી મગાવ્યું હતું, જે તેના ભાઈએ વ્હૉટ્સઍપથી મોકલાવ્યું હતું. એલસી સંદર્ભે પૂછપરછ કર્યા પછી આરોપીએ તે બાંગ્લાદેશી નાગરિક હોવાની કબૂલાત કરી હતી. ■

## એ રિક્ષા ડ્રાઈવરને ૧૧,૦૦૦નું ઈનામ

૧૫ જાન્યુઆરીની રાતે સૈફ અલી ખાન પર હુમલો થયો ત્યારે એવી ચર્ચા થઈ રહી હતી કે તેનો મોટો પુત્ર ઇબ્રાહિમ અલી ખાન તેને હોસ્પિટલ લઈ ગયો હતો. જોકે પછીથી એવું જાણવા મળ્યું કે અભિનેતા તેના નાના પુત્ર તૈમુર સાથે રિક્ષામાં બેસી હોસ્પિટલ ગયો હતો. ઓટો ડ્રાઈવર ભજન સિંહે તેની રિક્ષામાં એક્ટરને હોસ્પિટલ પહોંચાડ્યો હતો અને કોઈ ભાડું પણ લીધું ન હતું. આ બદ્દલ ભજન સિંહને એક સંસ્થા દ્વારા ૧૧,૦૦૦ રૂ. નું ઈનામ આપવામાં આવ્યું છે. ‘‘હું જઈ રહ્યો હતો ત્યારે એક મહિલાએ મારી રિક્ષા જોઈને બૂમ પાડી, ‘રોકો, રોકો, રોકો.’ હું ગેટ પાસે થોભ્યો અને મેં એક વ્યક્તિને લોહીથી લથપથ જોયો,’’ ભજન સિંહે યાદ કરતા કહે છે. ૧૬ જાન્યુઆરીની વહેલી સવારે, સૈફ અલી ખાન પર તેના બાંદ્રા એપાર્ટમેન્ટમાં હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. સ્થાનિક રિક્ષા ડ્રાઈવર ભજન સિંહની મદદથી અભિનેતાને લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. રિક્ષા ડ્રાઇવરે તેની સહાય માટે ભાડું લેવાનો ઇનકાર કર્યો હતો. ■

## સૈફની બિલ્ડિંગમાં પોલીસે આરોપી સાથે ક્રાઈમ સીન રિક્રીએટ કર્યો

સૈફ પરના હુમલાનો ઘટનાક્રમ નિશ્ચિત કરવા માટે પોલીસની ટીમ આરોપીને લઈ મંગળવારની વહેલી સવારે અભિનેતાની બિલ્ડિંગમાં ગઈ હતી અને ક્રાઈમ સીન રિક્રીએટ કર્યો હતો. ૨૦ પોલીસ અધિકારીની ટીમ આરોપી શરીફુલ સાથે ચાર વૅનમાં વહેલી સવારે ૫.૩૦ વાગ્યે સતગુરુ શરણ પહોંચી હતી. આરોપી કઈ રીતે ફ્લૅટમાં પ્રવેશ્યો અને ત્યાંથી ફરી નાસી ગયો તેની જાણકારી મેળવવા કલાક સુધી પોલીસની ટીમ બિલ્ડિંગ પરિસરમાં આરોપી સાથે ફરી હતી. આરોપીને લઈને પોલીસની ટીમ સામેના ગેટથી ગઈ હતી. બિલ્ડિંગમાંથી ઊતરીને શરીફુલને બાન્દ્રા સ્ટેશને લઈ જવાયો હતો, જ્યાંથી તે ટ્રેન પકડીને દાદર ગયો હતો. કહેવાય છે કે હુમલા બાદ આરોપી બાન્દ્રામાં જે બસ સ્ટોપ પર સૂઈ ગયો હતો ત્યાં પણ પોલીસ તેને લઈ ગઈ હતી. ■

રવિ ૨૬/૧ સવારે ૧૦:૧૫ ભવન ચોપાટી
₹300,200, ૧૦૦ (બુ.૯-૧૨,૪-૭)
ફોન 23698085, 9372052808
સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રને સથવારે
મેરા કુછ સામાન...
An A/V Show on Gulzar
સંકલ્પના અને સંચાલન: રઈશ મનીઆર
ગીત-ગુંજન: અનન્યા સબનીસ
સંયોજન: ઉદયન ઠક્કર, નિરંજન મહેતા
આયોજન: અજિંક્ય સંપટ

AUDIENCE REVIEW : BLOCKBUSTER HIT
રવિ ૭.૩૦ તેજપાલ ચોપાટી, બુ. ૯-૧૨, ૪-૭. Ph. 9022265381
Hilarious Comedy
Online Bkg. bookmyshow
નિમેષ શાહ પ્રોડક્શન પ્રસ્તુત
સુશીલા શાહ મલ્લિકા શાહ આવટે નિર્મિત
નિમેષ શાહ લિખિત-દિગ્દર્શિત
વાઈફ Happy તો લાઈફ Happy
Contact: 9820242726
★ Comedy King નિમેષ શાહ, જય ભટ્ટ, વિશ્વા ગરાછ તથા હરિકૃષ્ણ દવે અને Queen of Comedy મલ્લિકા શાહ
KAAJAL ADS

રવિ. ૭.૩૦ નહેરુ વર્લી, બુ. ૧૦-૬. Ph. 9930652094
આજે રાતે ૯ પ્રબોધન ઠાકરે બોરિવલી, Ph. 9321133145
બાલીવાલા થિયેટર્સ પ્રસ્તુત
ફિરોઝ ભગત દિગ્દર્શિત
આદિલ ભગત નિર્મિત
પ્રવીણ સોલંકી લિખિત
ડોન્ટ worry BE હેપ્પી
કલાકારો ફિરોઝ ભગત, અપરા મહેતા, પૃથ્વી પંચોલી, હેતલ ગાલા, નિયતિ ભટ્ટ
સંસ્થાઓ અને પ્રેક્ષકોની ‘પ્રથમ પસંદગી’ બની ગયેલું નાટક
SHOW CONTACT: 9699270184 Online Bkg.open on bookmyshow
KAAJAL ADS

રવિ રાતે ૯ અસ્પી મલાડ (વે), બુ. ૯-૧૨, ૫-૮. Ph. 7498447508.
મેઘા આર્ટસ
કિરણ ભટ્ટ નિર્મિત
ચિત્રક શાહ
કિરણ માલવણકર પ્રસ્તુત
પ્રથમ ભટ્ટ-પ્રમિત બારોટ લિખિત
કાર્યકારી નિર્માતા ક્રિશ જોષી
શો સંપર્ક: 9819131990-9322123633
સત્ય ઘટનાને સાંકળી લેતું તદ્દન નવુંજ મૌલિક નાટક
દશેરા
કળિયુગના રાવણ સામે, રામાયણનો નવો અધ્યાય!
સનત વ્યાસ અભિનીત
પાર્થ સુનિતા દેસાઈ દિગ્દર્શિત
રવિ તા. ૨ ફેબ્રુ. સાંજે ૭.૩૦ ભવન (જાહેર પ્રયોગ)
Online Bkg. open for all shows on bookmyshow
KAAJAL ADS




## ટ્રેનમાં ફાયરિંગ: રેલવે કૉન્સ્ટેબલને થાણે મેન્ટલ હૉસ્પિટલ મોકલવાનો આદેશ

મુંબઈ: અકોલા જેલના સત્તાવાળાઓએ આરપીએફનો ભૂતપૂર્વ કોન્સ્ટેબલ ચેતનસિંહ ચૌધરી માનસિક વિકારથી પીડાતો હોવાની માહિતી આપ્યા બાદ મુંબઈની અદાલતે મંગળવારે કોન્સ્ટેબલની તબીબી તપાસ થાણાની મેન્ટલ હોસ્પિટલમાં કરવાનો આદેશ આપ્યો હતો. તબીબી તપાસ દરમિયાન આરોપીને થાણા જેલમાં રાખવામાં આવશે એમ અદાલતે જણાવ્યું હતું. ચૌધરી પર ૩૧ જુલાઈ, ૨૦૨૩ના દિવસે પાલઘર રેલવે સ્ટેશન નજીક જયપુર - મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલા તેમના વરિષ્ઠ સહયોગી સહાયક સબ - ઇન્સ્પેક્ટર ટીકા રામ મીણા અને ત્રણ મુસાફરોની ગોળી મારીને હત્યા કરવાનો આરોપ છે. ચૌધરી માનસિક વિકારથી પીડિત છે અને વધુ સારવાર માટે તેને નાગપુરની હોસ્પિટલમાં ખસેડવાની જરૂર છે એવી જાણ અકોલા જેલના સત્તાવાળાઓએ અદાલતને કરી હતી કે ચૌધરીની સારવાર સામે કોઈ વાંધો નહીં હોવાની અને સુનાવણીની સુવિધા માટે તેને થાણાની પ્રાદેશિક મેન્ટલ હોસ્પિટલમાં રાખવામાં આવે એવી રજૂઆત ફરિયાદ પક્ષે કરી હતી. ૩૪ વર્ષના ચૌધરી પર ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૩૦૨ (હત્યા), ૧૫૩-એ (ધર્મ, જાતિ, જન્મસ્થળ, રહેઠાણ, ભાષા વગેરેના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને ઉત્તેજન આપવું) અને અન્ય, રેલવે અધિનિયમ અને મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ ડિફેસમેન્ટ ઓફ પ્રોપર્ટી એક્ટ ૩૧ જુલાઈ, ૨૦૨૩ અનુસાર જયપુર - મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસમાં થયેલી હત્યાઓ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

'એકલવ્ય' નાટકનાં સર્જકોનું નવું હાસ્યસભર મનોરંજન
AMARDIP
વિશાલ ગોરડિયા પ્રસ્તુત
ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત
સ્નેહા દેસાઈ લિખિત
વિપુલ મહેતા દિગ્દર્શિત
રોહિણી હટ્ટંગડી અભિનિત
સૌંદર્યની અનોખી પરિભાષા...
ઐશ્વર્યા બ્યુટી પાર્લર
મૂળકૃતિ: વિદ્યાસાગર અધ્યાપક
વિશેષ આભાર: મનીષ પટેલ
Kala Niketan
Opticians: ALANKAR CHASMAWALA
Shoes: METRO
રવિ: સાંજે ૭.૩૦ ભવન -ચોપાટી
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 23698085, 9372052808
Online: bookmyshow
Free Valet Parking
રવિ: ૯ ફેબ્રુ. રાત્રે ૯ અસ્પી -મલાડ
Show Cont. 9820437187 9320085142
Deepak Somaiya

INT ADITYA BIRLA CENTRE FOR PERFORMING ARTS PRESENTS
સૌમ્ય જોષી લિખિત-દિગ્દર્શીત
નવું ગુજરાતી નાટક
જીજ્ઞા વ્યાસ અભિનિત
'ઓહ!!! વૂમનિયા'
Choreography: પપ્પન ડાન્સ કંપની
Executive Producer: સંદીપ રાવલ
શનિ: ૨૫ જાન્યુ. ૨૦૨૫ સાંજે ૭.૩૦
ભારતીય વિદ્યા ભવન, ચોપાટી
TICKETS AVAILABLE ON bookmyshow
બુ. થિયેટર પર કાલથી શરૂ 9-12,4-7 Ph. 9372052808
INT Aditya Birla Centre for Performing Art is an enterprise of Indian National Theatre
Theatrix

# ભાંડુપમાં મૉલના બેઝમેન્ટમાં મહિલાનો મૃતદેહ મળી આવ્યો



મુંબઈ: ભાંડુપ પશ્ચિમમાં એલ.બી.એ. માર્ગ પર આવેલા ડ્રીમ્સ મૉલના બેઝમેન્ટમાં મંગળવારે સવારે ૩૦ વર્ષની મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. ૨૦૨૧માં કોવિડ-૧૯ દરમિયાન આ મૉલના પહેલા માળે આગ લાગી હતી, જેમાં ૧૧ જણનાં મોત થયાં હતાં.

અમુક કર્મચારીઓને મૉલના બેઝમેન્ટમાં ભરાયેલા પાણીમાં મંગળવારે સવારના ૯.૩૦ વાગ્યાની આસપાસ મહિલાનો મૃતદેહ મળી આવતાં ભાંડુપ પોલીસને જાણ કરવામાં આવી હતી, જેને પગલે પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે મહિલાના મૃતદેહને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો અને બાદમાં આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. મહિલાની ઓળખ મેળવવા માટે આજુબાજુના વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી અને મહિલાની ઓળખ મનીષા ગાયકવાડ તરીકે થઇ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મહિલા ભાંડુપમાં રહેતી હતી. તે મૉલમાં શા માટે પ્રવેશી હતી, તે જાણી શકાયું નથી. પોલીસને તેના ગુમ થવા વિશે પણ કોઇ ફરિયાદ મળી નહોતી. ■

## પત્નીને આત્મહત્યા માટે ઉશ્કેરણીના કેસમાં થયેલી દસ વર્ષની કેદની સજા રદ કરી હાઈ કોર્ટે

મુંબઈ: પત્નીની આત્મહત્યાના મામલે જેને ૧૦ વર્ષની સજા સંભળાવવામાં આવી હતી એ પતિને હાઈ કોર્ટે જામીન પર મુક્ત કર્યો છે. ખેડૂત અને રેતીના કોન્ટ્રેક્ટર તરીકે કામ કરતા સંતોષ શિલિમકરને ભારતીય દંડ સંહિતાની ૩૦૬ અને ૪૯૮-એની કલમ હેઠળ દોષી ઠેરવવામાં આવ્યો હતો. શિલિમકરની પત્નીએ ૨૦૧૨માં લગ્ન કર્યા પછી આઠ વર્ષ બાદ આત્મહત્યા કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર શિલિમકરે તેની પત્ની અને નાની દીકરીને એક રાતે ઘરની બહાર નિર્વસ્ત્ર ઊભી રાખી દીધી હતી. એવું ત્યારે થયું જ્યારે શિલિમકરે તેની પત્નીને મિત્રો માટે ખાવાનું બનાવવાનું કહ્યું અને બંને વચ્ચે ચકમક થઇ હતી. પીડિતાએ આ વાત પોતાના પિયરે કરી હતી. વારંવાર થતા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળેલી મહિલાએ ઘર નજીક આવેલા કૂવામાં ઝંપલાવીને આત્મહત્યા કરી હતી. પુણે સેશન્સ કોર્ટે ઓગસ્ટ, ૨૦૨૪માં શિલિમકરને દોષી ઠેરવીને ૧૦ વર્ષની સજા સંભળાવી હતી. જોકે શિલિમકરના વકીલ સત્યવ્રત જોસીએ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે મામલો પરિસ્થિતિજન્ય સાબિતી પર આધારિત છે અને પ્રત્યક્ષ સાબિતી કે પછી આત્મહત્યાની કોઇ નોંધ પણ નથી. જોકે સરકારી વકીલે જામીનનો વિરોધ કર્યો હતો. ■

હાલાઈ ભાટિયા
*દુખદ અવસાન*



ગ.સૌ. સુભાષિની પ્રફુલભાઈ જેરાજાણી
ઉંમર ૮૯ વર્ષે
સ્વ શ્રી વાઘજીભાઇ લક્ષ્મીદાસ, અને સ્વ બેનાબેન વસનજીનાં સુપુત્રી,
સ્વ પ્રફુલભાઇ લીલાધર જેરાજાણી ( મહારાષ્ટ્ર સ્ટોર્સ, પુણે ) નાં ધર્મપત્ની,
પલ્લવી, હિતેન/ નેહા અને પારૂલનાં માતુશ્રી;
નંદિત, સારિશા, નંદિની, પહેલ, શામિની અને પ્રન્યાનાં નાનીશ્રી/ દાદીશ્રીનું ૧૭ જાન્યુઆરીએ, પુણે મુકામે દુખદ અવસાન થયું છે.
શોક મુલાકાતો બંધ છે

## પાલઘરમાં ટેક્નિકલ ફૉલ્ટ: લાંબા અંતરની ટ્રેનો ઘણી મોડી પડી

પાલઘર: ગઇ કાલે સવારે વૈતરણા રેલવે સ્ટેશન પર ટેકનિકલ ખામીને કારણે મુંબઈમાં પ્રવેશતી લાંબા અંતરની ટ્રેનો ૨૦ થી ૩૦ મિનિટ મોડી પડી હતી અને ઉપનગરીય ટ્રેનોની સેવાઓને પણ અસર થઈ હતી. વૈતરણા રેલવે સ્ટેશનની અપ લાઇન પર સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ટેકનિકલ ખામી સર્જાઈ હતી, પરંતુ સવારે ૮ વાગ્યા સુધીમાં સેવાઓ સામાન્ય થઈ ગઈ હતી. ■



શ્રદ્ધાંજલિ
અમારા પૂજ્ય માતૃશ્રી જયાબેન ચીનુભાઇ પરીખ તા. ૧૮/૦૧/૨૦૨૫ ને શનિવારે સદ્‌ગતિ પામેલ છે, જે નિમિત્તે શ્રી પંચકલ્યાણક પૂજા તા. ૨૩/૦૧/૨૦૨૫ ને ગુરૂવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : સોમેશ્વર જૈન શ્વેતાંબર દેરાસર, ૧૩૨ ફીટ રીંગ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો- 9322215865
ઋત્વીજ ચીનુભાઇ પરીખ (પુત્ર) | અવનીબેન ઉપાધ્યાય (પુત્રી)
સેજલબેન ઋત્વીજ પરીખ (પુત્રવધુ) | સૌરભ ઉપાધ્યાય (જમાઈ)
હિષ્કા ઋત્વીજ પરીખ (પૌત્રી) | ખુશી ઉપાધ્યાય (પૌત્રી)
મિષ્કા ઋત્વીજ પરીખ (પૌત્રી) | કાવ્યા ઉપાધ્યાય (પૌત્રી)
પરેશાબેન ગોપાલભાઈ શાહ (વેવાણ)
સફેદ વસ્ત્ર પરિધાન નિષેધ છે

# બીડના મૃત સરપંચના પરિવારે મળવાની ના પાડેલી: પંકજા મુંડે

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્રના પ્રધાન પંકજા મુંડેએ મંગળવારે કહ્યું હતું કે તેમણે હત્યા કરાયેલા સરપંચ સંતોષ દેશમુખના પરિવારને મળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બીડ જિલ્લામાં તેમના ગામની પરિસ્થિતિને કારણે તેમને મુલાકાત ન લેવાનું કહેવામાં આવ્યું હતું.

બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ દેશમુખનું ૯ ડિસેમ્બરે અપહરણ અને હત્યા કરવામાં આવી હતી, કથિત રીતે પવનચક્કી પ્રોજેક્ટ સાથે જોડાયેલી ઊર્જા કંપની પાસેથી ખંડણી ઉઘરાવવાના પ્રયાસોને રોકવાના તેમના પ્રયાસોને કારણે આ હત્યા કરવામાં આવી હોવાનું કહેવાઈ રહ્યું છે. મહારાષ્ટ્રના એનસીપીના પ્રધાન અને પંકજા મુંડેના પિતરાઈ ભાઈ ધનંજય મુંડેના સહયોગી વાલ્મિક કરાડની હત્યા સાથે સંબંધિત ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

પંકજા મુંડેએ પત્રકારોને કહ્યું હતું કે, 'મેં સંતોષ દેશમુખના પરિવારને મળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમણે તેમના ગામની પરિસ્થિતિને કારણે મળવાનો ઇનકાર કર્યો હતો. મસ્સાજોગની મારી મુલાકાત અને ઘટના પર મારી લાગણીઓ વ્યક્ત કરવી એ મારો વ્યક્તિગત મુદ્દો છે.' એમ રાજ્યના પર્યાવરણ ખાતાના પ્રધાને જણાવ્યું હતું અને કહ્યું હતું કે માર્યા ગયેલા સરપંચના પરિવારે તેમને કહ્યું હતું કે ગામની સ્થિતિ તેમના હાથમાં નથી અને મુલાકાત ન લેવા વિનંતી કરી હતી.

'હું તેમની યોગ્ય પરવાનગી લઈને મુલાકાત લઈશ. મારી મુલાકાત કરતાં પરિવારને ન્યાય આપવો વધુ મહત્વપૂર્ણ છે,' એમ તેમણે જણાવ્યું હતું. ■

### બીડના સરપંચની હત્યા

# ત્રણ આરોપી સાથે હોવાનો વીડિયો વાયરલ થતાં વિવાદ

મુંબઈ: બીડ જિલ્લાના સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં ૩ આરોપી વાલ્મિક કરાડ, સુદર્શન ગુલે અને વિષ્ણુ ચાટે એક સાથે ફરી રહ્યા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થવાને કારણે વિવાદ થયો હતો.

હાલમાં જેને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે એ પોલીસ અધિકારી પણ ત્રણેય આરોપીઓ સાથે દેખા દીધો હતો, એવું કથિત રીતે વાયરલ થયેલા વીડિયોમાં દેખાય છે.

જોકે આ વીડિયો ક્યારે લેવામાં આવ્યો હતો એ સ્પષ્ટ નથી, પણ હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સરપંચનું અપહરણ કરવામાં આવ્યા બાદ તેની હત્યા કરવામાં આવી હતી એ ૯મી ડિસેમ્બર પહેલાં આ વીડિયો કાઢવામાં આવ્યો હતો.

આ કેસમાં એનસીપીના નેતા ધનંજય મુંડેના નજીકના વાલ્મિક કરાડની સરપંચની હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે તેના પર એમસીઓસીએ લગાવવામાં આવ્યો હતો. ચાટે અને ગુલેની ખંડણી અને હત્યાના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી છે, જ્યારે કરાડની માત્ર ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ■




**નવનિયુક્ત ચીફ:** હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે આલોક અરાધેએ રાજભવન દરબાર હોલમાં રાજ્યપાલની હાજરીમાં શપથ ગ્રહણ કર્યા હતા. (અમય ખરાડે)

# બીડમાં માફિયા રાજને ખતમ કરે સરકાર: સુપ્રિયા સુળે

પુણે: એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેએ મંગળવારે મહારાષ્ટ્રના બીડ જિલ્લાની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી, જ્યાં ગયા મહિને સરપંચ સંતોષ દેશમુખની હત્યા કરવામાં આવી હતી અને કહ્યું હતું કે રાજ્ય સરકારે જિલ્લામાં માફિયાઓનો અંત લાવવો જોઈએ.

અહીં પત્રકારો સાથે વાત કરતાં બારામતીના સાંસદે કહ્યું કે દેશ અને રાજ્ય વધતી જતી મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, કૉન્ટ્રેક્ટ રદ કરવા, ખેડૂતો પ્રત્યે અન્યાય અને હિંસા જેવા પડકારોનો સામનો કરી રહ્યા છે.

શું નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની બીડના પાલક પ્રધાન તરીકે નિયુક્તિથી જિલ્લાની પરિસ્થિતિ બદલાશે એવું પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે, તેઓ કોઈ એક વ્યક્તિ પાસેથી પરિવર્તનની અપેક્ષા રાખતા નથી, પરંતુ સમગ્ર રાજ્ય સરકારે પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થા સુધારવા માટે કામ કરવું જોઈએ.

'હું સરકાર પાસેથી આવા પ્રકારના ગુનાઓ બંધ કરાવવાની અપેક્ષા રાખું છું,' એમ તેમણે કહ્યું હતું. ■

# ખાનગી કંપનીઓએ નોકરીઓમાં ખાલી જગ્યાની માહિતી સરકારી બ્યૂરોને આપવી પડશે

## આના દ્વારા સિંગલ વિન્ડો એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ ઊભું કરવાની સરકારની નેમ

મુંબઈ: રાજ્ય સરકાર ખાનગી ક્ષેત્ર સહિત રાજ્યમાં રોજગારની તકો માટે સિંગલ-વિન્ડો સિસ્ટમ દાખલ કરવા પર કામ કરી રહી છે, જેથી રોજગારની એક્સેસ તેમ જ રોજગાર દરમાં સુધારો થાય. સરકાર એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જો (કમ્પલસરી નોટિફિકેશન ઓફ વેકેન્સી) એક્ટ, ૧૯૫૯માં ફેરફાર કરશે, ખાનગી કંપનીઓ માટે ખાલી જગ્યાઓ અંગે એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ બ્યુરોને સૂચિત કરવાનું ફરજિયાત બનાવશે અને જે કંપનીઓ આમ કરવામાં નિષ્ફળ જશે તેમને ભારે દંડ ફટકારવામાં આવશે. આ પ્રસ્તાવ સરકારના ૧૦૦ દિવસીય એક્શન પ્લાનનો એક ભાગ છે, જેને મંજૂરી માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને સુપરત કરવામાં આવ્યો છે.

અમે ખાનગી કંપનીઓ માટે દંડ વધારવાનો ઈરાદો ધરાવીએ છીએ, જેઓ રોજગાર વિનિમયમાં તેમની ખાલી જગ્યાઓ નોંધવામાં નિષ્ફળ જાય છે. હાલમાં ૧૦૦થી ૫૦૦ રૂપિયાનો દંડ છે, જે નહિવત્ છે. દંડની રકમ વધારીને ૫૦૦૦૦ રૂપિયા કરવાનું સરકાર વિચારી રહી છે, એવું એક અધિકારીએ જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારે રાજ્યોને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જો (કમ્પલસરી નોટિફિકેશન ઓફ વેકેન્સી) એક્ટ, ૧૯૫૯માં ફેરફાર કરવાની મંજૂરી આપી છે.

અમે જોગવાઈઓનો ઉપયોગ ખાનગી કંપનીઓને રોજગાર વિનિયમના દાયરામાં લાવવા માટે કરીશું, એવું અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રયાસના ભાગરૂપે રાજ્ય સરકાર નોકરી શોધનારાઓને ખાનગી કંપનીઓ સાથે જોડવા માટે એક પોર્ટલ શરૂ કરશે. પોર્ટલ ભરતી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા લાવશે. જેનાથી ઉમેદવારો અને કંપનીઓને રજિસ્ટ્રેશન અને રોજગારની તકો એકીકૃત રીતે આદાનપ્રદાન કરી શકશે. ■


## ક્લાસિફાઈડ

### ૨૦. ધંધાદારી જગ્યા

**KHAR (WEST)**
**650 sq.ft. RERA Carpet, 14th Floor (Corner Office, Open View), New Construction (OC Received), Located 5 minutes from Khar West Station and Linking Road, 2 minutes walking from the upcoming New Metro Station. Contact: Hardik Shah_9702051021. (B-15386)**

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2363)

800 SQ.FT. OFFICE FORT, Opposite GPO, VT Station, 1.75 Cr. Bhavik - 7021720942. (B-15451)

### ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૫૩૨-એ)

### ૨૭. ઔષધ ઉપચાર

**પેશંટની દેખરેખ**
રાખવા 8/12/24 કલાક માટે અનુભવી વોર્ડબોય, આયાબાઈ, નર્સ (મેલ/ફિમેલ) મળશે. (મુંબઈ/ગુજરાતમાં) સંપર્ક: 8655191176. (૧૫૫૧૭-એ)

### ૩૧. નાણાંકીય

■ ''ઈન્કમ ટેક્સ'' રિટર્ન ફાઈલ (કોઈપણ-મેટર) (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત). 9137725086. (બી-૧૫૪૪૭)

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15478-A)

### ૩૨. જમીન - મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

### ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૪૬૬-એ)

■ **બ્રાઉન ક્રાફ્ટ્સ પેપર બેગ્સ બનાવનારને રીટેલ્સ, હોલસેલ્સ ખરીદનાર જોઈએ છે. - 9619959698, 9136961627, 9136967216. (બી-૧૫૪૦૬)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજી.) જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર તથા સ્વરજ્ઞાનનો વિસ્તૃત ત્રીવર્ષીય સર્ટીફીકેટ અભ્યાસક્રમનાં ગુજરાતી તથા હિન્દીનાં નિઃશુલ્ક શિક્ષણના વર્ગો મલાડ તથા બોરીવલીમાં, જાન્યુઆરી ૨૦૨૪ થી પ્રારંભ. રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે. સંપર્ક:- આચાર્ય અશોકજી 93222 61709. (૧૫૪૧૮-એ)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પલીટ 2 બેડરૂમ, 3D-ડ્રોઈંગ 4000/=, 3 બેડરૂમ 3D-ડ્રોઈંગ 5000/=, સ્પેશિયલાઇઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (બી-૧૫૪૦૨)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**
**પર્સનલ અને સોસાયટીના તમામ પ્રકારના વોટરપ્રૂફિંગ, રીપેરીંગ, પેઈન્ટિંગ વર્ક. 10% બાકી. 9320770271. (૧૫૪૯૧-એ)**

**BUILDING REPAIR**
સોસાયટી, ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, કોમર્શિયલ, ટેરેસ, પેરાફીટ વૉલ, એક્સ્ટર્નલ પ્લાસ્ટરીંગ, પેઇન્ટીંગ, આર.સી.સી. પોલીમર વર્ક, પી. યુ. ઇન્જેક્શન ગ્રાઉટીંગ, સીમેન્ટ ગ્રાઉટીંગ (પોડીયમ, બેઝમેન્ટ માટે), દરેક ટાઇપના વોટરપ્રુફીંગ (10 વર્ષની વૉરન્ટી).: ઓથોરાઈઝ્ડ એપ્લિકેટર, સીવીલ કોન્ટ્રેક્ટર.: રાજુ ઠાકોર: -9172327272, 9323276664. (બી-૧૫૪૪૫)

### ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૩૬૬)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૪૪૩)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# મૃત પુત્રીને એઇડ્સની અફવા: ગામવાસીઓએ બહિષ્કાર કર્યો

મુંબઈ: મહારાષ્ટ્રના બીડ જિલ્લાના એક મજૂરે દાવો કર્યો છે કે તેની પરિણીત પુત્રીનું એચઆઈવી સંબંધિત કારણોથી મૃત્યુ થયું હોવાની અફવા વચ્ચે તેના પરિવારને બહિષ્કૃત કરવામાં આવી રહ્યો છે. બીડસાંગવી ગામના રહેવાસી મજૂરે તેની દુર્દશા માટે પોલીસ અને સરકારી ડોક્ટરને જવાબદાર ઠેરવ્યા હતા અને કાર્યવાહી કરવાની માગ કરી હતી. આ માટે તેમણે ડિસ્ટ્રિક્ટ એસપી અને કલેક્ટરને મેમોરેન્ડમ સુપરત કર્યા છે.

મે, ૨૦૨૩થી તેમની પુત્રીને તેનાં સાસરિયાંઓ દ્વારા હેરાન કરવામાં આવી રહી હતી, જેના કારણે તેણે ૨૦૨૪માં પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી હતી. મારી દીકરીનું ૧૩મી ડિસેમ્બરે હોસ્પિટલમાં લઇ જવામાં આવી ત્યારે અવસાન થયું હતું. ડોક્ટરોએ અમારી સાથે અભદ્ર વર્તન પણ કર્યું હતું. એક પોલીસકર્મીએ અમારા સંબંધીઓને કહ્યું કે મારી પુત્રી એચઆઈવી પોઝિટિવ છે અને તેમને તેના અંતિમસંસ્કારમાં હાજરી ન આપવા કહ્યું હતું. એક ડોક્ટરે પણ એવું જ કહ્યું હતું, એવો દાવો એ વ્યક્તિએ કર્યો હતો. મજૂરે એવો પણ આરોપ લગાવ્યો હતો કે પોલીસે તેની મૃત પુત્રીનાં સાસરિયાંઓ સાથે સાઠગાંઠ કરી હતી. સ્થાનિક પોલીસે પણ તેમની દીકરી દ્વારા કરવામાં આવેલી ફરિયાદ પછી પણ કોઇ કાર્યવાહી કરવામાં આવી નહોતી. (પીટીઆઈ)

# ૧.૧૮ કરોડના હીરા અને વિદેશી ચલણ સાથે મસ્કત જતા પ્રવાસીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર મસ્કત જઈ રહેલા પ્રવાસીની ધરપકડ કરી કસ્ટમ્સના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) કથિત દાણચોરીથી લઈ જવાતા ૧.૧૮ કરોડ રૂપિયાના હીરા અને વિદેશી ચલણ જપ્ત કર્યું હતું. કમિશન પેટે મળનારાં નાણાંની લાલચે હીરા અને વિદેશી ચલણની દાણચોરીનો પ્રયાસ કર્યો હોવાની કબૂલાત આરોપીએ કરી હતી.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ કર્ણાટકના ભટકલમાં રહેતા એ. આર. ખાતીબ (૪૫) તરીકે થઈ હતી. દાણચોરીથી ડાયમંડ્સ વિદેશ લઈ જવાતા હોવાની માહિતીને આધારે એઆઈયુના અધિકારીઓએ મંગળવારના મળસકે પ્રવાસીઓ પર નજર રાખી હતી. કસ્ટમ્સનાં સૂત્રોએ જણાવ્યું હતું કે મસ્કત જવા માટે ખાતીબ મળસકે ૨.૩૦ વાગ્યાની આસપાસ ઍરપોર્ટ પહોંચ્યો હતો. ખાતીબને દાણચોરીથી કોઈ વસ્તુ વિદેશ લઈ જતો હોવા સંદર્ભે પૂછવામાં આવ્યું હતું. ખાતીબે દાણચોરીનો ઇનકાર કર્યો હતો, પરંતુ તેના જવાબ અધિકારીઓને સંતોષકારક જણાયા નહોતા. ■

## દેશ વિદેશ

# દેશને 'નક્સલવાદ-મુક્ત' બનાવીશું: અમિત શાહ

## છત્તીસગઢમાં માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો અંત લાવીશું: વિષ્ણુ દેવ

નવી દિલ્હી: કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે અમે દેશને 'નકસલવાદ-મુક્ત' બનાવીશું છત્તીસગઢના નક્સલ પ્રભાવિત જિલ્લા ગરિયાબંદમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં અત્યાર સુધીમાં ૧૬ નક્સલવાદીઓ માર્યા ગયા છે. આ એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. માર્યા ગયેલા નક્સલીઓની સંખ્યા વધુ વધી શકે છે. માર્યા ગયેલા તમામ નક્સલીઓના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે. રવિવાર સવારથી મંગળવાર સવાર સુધી ગોળીબાર થયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મામલે ખુશી વ્યક્ત કરી છે. તેમણે ટ્વિટ કર્યું હતું કે આ નક્સલવાદને વધુ એક મોટો ઝટકો છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે' નક્સલવાદને બીજો મોટો ફટકો. આપણા સુરક્ષા દળોએ ભારતને નક્સલમુક્ત બનાવવાની દિશામાં મોટી સફળતા મેળવી છે. ઓડિશા-છત્તીસગઢ સરહદ પર સીઆરપીએફ, એસઓજી ઓડિશા અને છત્તીસગઢ પોલીસે સંયુક્ત કાર્યવાહીમાં ૧૬ નક્સલીઓને ઠાર માર્યા હતા. નક્સલવાદ મુક્ત ભારત માટેના અમારા સંકલ્પ અને આપણા સુરક્ષા દળોના સંયુક્ત પ્રયાસોને કારણે આજે નક્સલવાદ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, છત્તીસગઢ-ઓડિશા સરહદ પર મૈનપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જંગલમાં સોમવારે મોડી રાત્રે અને મંગળવારે સવારે થયેલા તાજેતરના ગોળીબારમાં નક્સલવાદીઓ માર્યા ગયા હતા.

છત્તીસગઢના ગરિયાબંદ જિલ્લાના પોલીસ અધિક્ષક નિખિલ રાખેચાએ જણાવ્યું હતું કે, મૃતકોમાં એકની ઓળખ જયરામ ઉર્ફે ચલપતિ તરીકે થઈ છે, જે સીપીઆઈ (માઓવાદી) ના કેન્દ્રીય સમિતિનો સભ્ય હતો અને તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ હતું. બાકીના કેડરોની ઓળખ હજુ સુધી નક્કી થઈ નથી.

પોલીસે જણાવ્યું હતું કે છત્તીસગઢ-ઓડિશા સરહદ પર સોમવારે સંયુક્ત કાર્યવાહી દરમિયાન બે મહિલા નક્સલીઓ માર્યા ગયા હતા. એન્કાઉન્ટર સ્થળ પરથી એક રાઇફલ સહિત હથિયારો, દારૂગોળો અને આઇઇડીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે આ સાથે ઓપરેશનમાં માર્યા ગયેલા માઓવાદીઓની કુલ સંખ્યા ૧૬ થઈ ગઈ છે. છત્તીસગઢ પોલીસના ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) ના કોબ્રા કમાન્ડો અને ઓડિશા પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) ના કર્મચારીઓની સંયુક્ત ટીમ આ ઓપરેશનમાં સામેલ હતી. ઓડિશાના નુઆપાડા જિલ્લાની સરહદથી માત્ર ૫ કિમી દૂર છત્તીસગઢના કુલારીઘાટ રિઝર્વ ફોરેસ્ટમાં નક્સલવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતીના આધારે ૧૯ જાન્યુઆરીની રાત્રે આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

સુરક્ષા દળોને બિરદાવતા છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળની ડબલ એન્જિન સરકાર હેઠળ છત્તીસગઢ માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો અંત લાવશે.

માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશમાં નક્સલવાદનો અંત લાવવાના વડા પ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીના સંકલ્પને મજબૂત બનાવતા સુરક્ષા દળો સતત સફળતા મેળવી રહ્યા છે અને લક્ષ્યને પૂર્ણ કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. સૈનિકોની આ સફળતા પ્રશંસનીય છે. હું તેમની બહાદુરીને સલામ કરું છું. ■

# વિશ્વ આરોગ્ય સંગઠનમાંથી અમેરિકાને અલગ કરવાનો ઑર્ડર

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંગઠન (હૂ)માંથી અમેરિકાને અલગ કરવાની પ્રક્રિયા શરૂ કરતા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે.

પાંચ વર્ષથી ઓછા સમયમાં અમેરિકાએ આ બીજી વખત વિશ્વ આરોગ્ય સંસ્થામાંથી અલગ થવાનો આદેશ આપ્યો છે.

સોમવારે બીજા કાર્યકાળ માટે શપથ લીધા પછી ટ્રમ્પે ઇમિગ્રેશનથી લઈને વિદેશ નીતિ અને આબોહવા પરિવર્તન સુધીના મુદ્દાઓ પર જે ડઝનેક એક્ઝિક્યુટિવ પગલાં પર હસ્તાક્ષર કર્યા હતા તેમાં આ એક હતું. ૨૦૨૦માં ટ્રમ્પ દ્વારા વિશ્વ આરોગ્ય સંગઠન (હૂ) ની કોવિડ-૧૯ રોગચાળા પ્રત્યેના પ્રતિભાવ માટે તીવ્ર ટીકા થઈ હતી, જે તેમના પ્રથમ કાર્યકાળના અંતિમ વર્ષ દરમિયાન વિશ્વવ્યાપી આરોગ્ય સંકટમાં ફેરવાઈ ગઈ હતી. ''તે એક મોટી વાત છે,'' ટ્રમ્પે વ્હાઇટ હાઉસના ઓવલ ઓફિસમાં પત્રકારોને જણાવ્યું હતું કે જ્યારે એક સહાયક સંસ્થાએ તેમને આ અંગેનો એક્ઝિક્યુટિવ ઓર્ડર રજૂ કર્યો હતો જેના પર તેમના દ્વારા સહી કરવામાં આવશે. ''જ્યારે હું અહીં હતો ત્યારે અમે હૂને ૫૦૦ મિલ્યન ડોલર ચૂકવ્યા હતા, અને મેં તેને સમાપ્ત કરી દીધું. ■

# તાઈવાનમાં ભૂકંપ

તાઈપેઈ : મંગળવારે દક્ષિણ તાઈવાનમાં ૬.૪ પરિમાણવાળો ભૂકંપ આવ્યો હતો અને આને લીધે ૨૭ જણને નજીવી ઈજા થઈ હતી તથા થોડું નુકસાન થયું હતું.

ભૂકંપ રાતના ૧૨-૧૭ કલાકે આવ્યો હતો અને એનું કેન્દ્રબિંદુ ચિઆયી કાઉન્ટી હૉલની ૩૮ કિલોમીટર અગ્નિ દિશામાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. અમેરિકા જીયોલોજિકલ સર્વેએ ભૂકંપનું પરિમાણ છનું અને એ ઓછો શક્તિશાળી હોવાનું જણાવ્યું હતું.

ચિઆયી અને તૈનાન શહેરમાં નાનું-નજીવું નુકાસન થયું હોવાના છૂટાછવાયા અહેવાલો છે.

તાઈવાનના ફાયર ડિપાર્ટમેન્ટે કહ્યું હતું કે ૨૭ લોકોને નજીવી ઈજા માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આમાંથી એક મહિનાના બાળક સહિત છ જણને તૈનાનના નેન્ક્સી જિલ્લાના તૂટી પડેલાં ઘરમાંથી બચાવી લેવામાં આવ્યાં હતાં.

પ્રાંતીય હાઈવેના ઝુવેઈ પુલને નુકસાન થયું છે. બચાવકારો હજી નુકાસનનો અંદાજ મેળવી રહ્યા છે, પરંતુ કોઈના મરણ થયાના અહેવાલ નથી. એલીવેટરમાં ફસાયેલા ત્રણ જણને બચાવી લેવામાં આવ્યા હતા. (એજન્સી) ■

# તુર્કીની હોટેલમાં આગ : ૬૬નાં મોત, ૫૧ ઘાયલ

અંકારા : વાયવ્ય તુર્કીના સ્કિ રિસોર્ટમાં મંગળવારે આગ લાગતાં ઓછામાં ઓછા ૬૬ જણનાં મોત થયાં હતાં અને બીજા ૫૧ ઘાયલ થયા હતા જેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બોલુ પ્રાંતના કારતાલકયા રિસોર્ટની બાર માળની ગ્રાન્ડ કરતાલ હોટેલની રેસ્ટરન્ટમાં રાતના સાડાત્રણ વાગ્યે આગ લાગી હતી. આગનું કારણ શોધવા તપાસ ચાલુ છે. બે જણે ગભરાટમાં મકાનમાંથી છલાંગ મારતાં તેમનું મરણ થયું હતું. અમુક લોકોએ ચાદર અને ધાબળાંની મદદથી નીચે ઊતરવાનો પ્રયાસ કર્યો હતો. રાજ્યપાલ અબ્દુલઅઝીઝ આયદીને સરકારી સમાચાર સંસ્થાને કહ્યું હતું કે હોટેલમાં ૨૩૪ અતિથિ હતા. હોટેલના સ્કિ શિક્ષક નેસમી કેપ્સેચ્યુટને કહ્યું હતું કે જ્યારે આગ લાગી ત્યારે હું સુતો હતો. હું મકાનની બહાર નીકળ્યો હતો. મેં ૨૦ મહેમાનોને હોટેલની બહાર કાઢવામાં મદદ કરી હતી. હોટેલમાં ધુમાડનું આવરણ હોવાથી મહેમાનોને માટે આગથી બચવાનું મુશ્કેલ બન્યું હતું. હું મારા અમુક વિદ્યાર્થીઓ સુધી પહોંચી શક્યો નહોતો. હું આશા રાખું છું કે એ લોકો સલામત હશે. (એજન્સી) ■

# ડોનલ્ડ ટ્રમ્પે બ્રિક્સ દેશોને ફરી ધમકી આપી

વૉશિંગ્ટન: શપથ લીધા બાદ ડોનલ્ડ ટ્રમ્પે પોતાની જૂની ધમકીને દોહરાવી છે.

બ્રિક્સ દેશોને ધમકી આપતાં તેમણે કહ્યું કે જો બ્રિક્સ દેશો અમેરિકા વિરોધી નીતિઓ લઈને આવશે તો તેમણે તેનાં પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

ઉલ્લેખનીય છે કે હાલમાં બ્રિક્સમાં ૧૦ દેશ સામેલ છે. જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઇજિપ્ત, ઇથોપિયા, ઇન્ડોનેશિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. સ્પેન બ્રિક્સનો ભાગ નથી. આમ છતાં સ્પેન ડોનલ્ડ ટ્રમ્પના રડાર પર છે.

ડોનલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં જ બ્રિક્સ દેશો પર ૧૦૦ ટેરિફ લાદવાનો સંકેત આપ્યો હતો ડોનલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર ટેરિફની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ૧ ફેબ્રુઆરીથી કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ લાદશે. ■

# કાશ્મીરની બે હોટેલને ઈડીએ ટાંચ મારી

નવી દિલ્હી: મનીલૉન્ડરિંગને લગતા કેસને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ જમ્મુ-કાશ્મીરના પર્યટનસ્થળ પટનીટોપસ્થિત અંદાજે રૂ.૧૫ કરોડનું મૂલ્ય ધરાવતી બે હોટેલને ટાંચ મારી હતી.

ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર પટનીટોપ ડેવલપમેન્ટ ઑથોરિટી (પીડીએ)ની પરવાનગીને અવગણી હોટેલ ત્રિનેત્ર રિસોર્ટ્સ અને હોટેલ ગ્રીન ઓર્ચિડે પરવાનગી કરતા વધુ વિસ્તારમાં બાંધકામ કર્યું હતું. ઈડીએ પ્રિવેન્સન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત હોટેલને ટાંચમાં લેવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## રેગ્યુલેટરના હિટ લિસ્ટમાં સપડાયા એનાલિસ્ટ

ઘણાં વિશ્લેષકો આ નિયમોથી એટલા નારાજ અને આક્રોશમાં છે કે તેમણે પોતાનો વ્યવસાય છોડી દેવાનો પણ નિર્ણય લીધો છે

ઓહો.. એક તરફ શેરબજારમાં કડાકા અને ભડાકા બોલાઇ રહ્યાં છે અને તેમાં નાણાં ગુમાવનારા રોકાણકારોની ભયભીત માનસિકતાને કારણે ધંધા પર ફટકો પડી રહ્યો છે ત્યારે બીજા તરફ શેરબજારના નિયામકે બજારના વિશ્લેષકોને અડફેટમાં લેવા માટે નવાં નિયમો લાદ્યા હોવાથી કેટલાક વિશ્લેષક તો એટલા નિરાશ થઇ ગયા છે કે તેઓ બિસ્તરાં પોટલા બાંધીને આ વ્યવસાય છોડવાની તૈયારી કરવા માંડ્યા છે.

વાત એવી છે કે, ભારતના બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ તાજેતરમાં રિસર્ચ એનાલિસ્ટ્સ (આરએ) માટે એક નવી માર્ગદર્શિકા જારી કરી છે. સંશોધન વિશ્લેષકો સૂચિત નવા નિયમો અંગે નાખુશ છે અને તેમનામાં અસંતોષ અને ગભરાટની લહેર ફેલાઇ છે.

રિસર્ચ એનાલિસ્ટ્સ એવો દાવો કરી રહ્યાં છે કે આ નવા નિયમો તેમની રોજીરોટી માટે જોખમી છે અને તે ટૂંકા ગાળાના રોકાણ માટે પ્રેરનારા હોવાથી રોકાણકારોના હિતમાં પણ નથી. ઘણાં વિશ્લેષકો આ નિયમોથી એટલા નારાજ અને આક્રોશમાં છે કે તેમણે પોતાનો વ્યવસાય છોડી દેવાનો પણ નિર્ણય લીધો છે.

સેબીએ આઠમી જાન્યુઆરીના રોજ, રિસર્ચ એનાલિસ્ટ માટે ગાઇડલાઇન્સ શીર્ષકવાળી એક સૂચના બહાર પાડી છે. આ માર્ગદર્શિકા હેઠળ, નવા આવનારાઓ માટે એક તરફ રિસર્ચ એનાલિસ્ટ તરીકે નોંધણી સરળ બનાવવામાં આવી છે, જેને કારણે અગાઉ જ મંદ પડી રહેલા ધંધામાં સ્પર્ધા વધશે.

નોંધવું રહ્યું કે, પાછલા સત્ર મંગળવારની જ વાત કરીએ તો સેન્સેક્સમાં લગભગ ૧૩૦૦ પોઇન્ટનો જોરદાર કડાકો પડ્યો છે અને એક જ સત્રમાં અંદાજે રૂપિયા સાત લાખ કરોડનું ધોવાણ થયું છે. આ ઉપરાંત અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે સત્તા પર સત્તાવાર સવાર થતાં જ જે પોત પ્રકાશ્યું છે, તે જોતા બજારમાં ભારે અફડાતફડી અને મંદી રહેવાની સંભાવના છે. આને કારણે આમ પણ ધંધો ઘટી રહ્યો હોય ત્યાં નવા નિયમો સ્પર્ધા વધારશે તો વધુ ફટકો પડવાની શક્યતા છે.

વધુમાં, પહેલાથી જ નોંધાયેલા રિસર્ચ એનાલિસ્ટ પર ઘણા નિયમોના પાલનનો બોજ વધારવામાં આવ્યા છે. ઘણા નિષ્ણાતો માને છે કે આમ કરવાથી બજારમાં સમસ્યાઓ તો વધશે જ, પણ પ્રામાણિક અને કાર્યક્ષમ વ્યાવસાયિકો માટે આ વ્યવસાયમાં રહેવાનું પણ મુશ્કેલ બનશે.

એક અહેવાલ મુજબ, એક પ્રખ્યાત કાનૂની નિષ્ણાતે માઇક્રોબ્લોગિંગ સાઇટ પર એવું લખાણ પોસ્ટ કર્યું છે કે સેબી તેના નિયમોમાં વધુ પડતી સખ્તાઇ દાખવી રહી છે અને પરિણામે, લાયક અને પ્રામાણિક સલાહકારો બહાર ધકેલાઇ રહ્યા છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આ વલણ ચાલુ રહેશે, તો બજારમાં ફક્ત અસમર્થ અને અપ્રમાણિક સલાહકારો જ રહેશે.

અનેક અગ્રણી સંશોધન વિશ્લેષકોએ આ નિયમો અંગે ચિંતા વ્યક્ત કરી છે અને તેમની સેવાઓ બંધ કરવાની જાહેરાત કરી છે. એક રિસર્ચ ફર્મ સેન્ટિનેલના માલિકે જણાવ્યું હતું કે જ્યારે રિસર્ચ એનાલિસ્ટ માટેના નિયમોનો ડ્રાફ્ટ બહાર પાડવામાં આવ્યો હતો, ત્યારે તેમણે તેમની સેવાઓ અસ્થાયી રૂપે બંધ કરી દીધી હતી, પરંતુ તેમને આશા હતી કે અંતિમ નિયમોમાં સુધારા અને સરળતા હશે, પરંતુ કમનસીબે, અંતિમ નિયમો વધુ ખરાબ નીકળ્યા!

બીજી મોટી ચિંતા એ છે કે નવા નિયમો હેઠળ, રિસર્ચ એનાલિસ્ટ એક સમયે ફક્ત ત્રણ મહિનાની ફી અગાઉથી લઈ શકે છે. સ્ટોલવર્ટ એડવાઇઝર્સે તેની સંશોધન કામગીરી બંધ કરવાની જાહેરાત કરતી વખતે લખ્યું હતું કે જ્યારે ક્લાયન્ટ નોંધણી, કેવાયસી, ઓડિટ વગેરે જેવી પ્રક્રિયાઓનો ખર્ચ સહન કરી શકાય છે, ત્યારે દર ત્રણ મહિને સેવા રિન્યૂ કરવાની જરૂરિયાતે તેને ટૂંકા ગાળાની બનાવી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે તેમની રોકાણનું ક્ષિતિજ સરેરાશ ત્રણથી પાંચ વર્ષનું છે અને રોકાણમાં ધીરજ રાખવી એ સફળતાની ચાવી છે. તેમણે ચેતવણી આપી હતી કે આ રીતે ચાલશે તો ગેરપ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે.

હવે જોઇએ કે વિવાદનું મુખ્ય કારણ શું છે? નવી માર્ગદર્શિકા મુજબ, રિસર્ચ એનાલિસ્ટ હવે રોકાણકાર અથવા તેના પરિવાર પાસેથી દર વર્ષે મહત્તમ રૂ. ૧,૫૧,૦૦૦ વસૂલ કરી શકે છે. આ મર્યાદા કોસ્ટ ઇન્ફ્લેશન ઇન્ડેક્સ (સીઆઇઆઇ)ને આધારે દર ત્રણ વર્ષે એકવાર સુધારી શકાય છે. આ માટે સેબીની પરવાનગી પણ જરૂરી રહેશે. અન્ય મુદ્દાઓમાં ગ્રાહક સેવા છોડી દે તો રિફંડ, થર્ડ પાર્ટી એજન્સી પાસેથી કામગીરીની ચકાસણી અને સેવાના નિયમો અને શરતો સાથે સંમત થવા જેવી શરતોનો સમાવેશ થાય છે.

એક રિસર્ચ એનાલિસ્ટે આ નિયમને આપત્તિ સમાન ગણાવ્યો છે. તેઓ પ્રશ્ન કરે છે કે સર્વિસ સેક્ટરમાં ફી મર્યાદા કેવી રીતે નક્કી કરી શકાય? દરેક વ્યક્તિની સેવા અને રિપોર્ટનું સ્તર અલગ અલગ હોય છે. રિસર્ચ એનાલિસ્ટે એ વાતનો પણ વાંધો ઉઠાવ્યો કે સમગ્ર પરિવાર માટે એક ફી મર્યાદા નક્કી કરવી અન્યાયી છે.

વધુમાં, અગાઉથી ફી વસૂલવાની મર્યાદાએ રિસર્ચ એનાલિસ્ટ અને તેમના ગ્રાહકો બંનેને ટૂંકા ગાળાના રોકાણો પર ધ્યાન કેન્દ્રિત કરવાની ફરજ પાડી છે. લાંબા ગાળાના રોકાણ માટે વ્યક્તિએ એક વર્ષ સુધી તેને પકડી રાખવું જરૂરી છે. પરંતુ, નવા નિયમ મુજબ જો ગ્રાહકને ત્રણ મહિનામાં પરિણામ ન મળે, તો તે સેવા બંધ કરી શકે છે. ■



### સેબી ગ્રે માર્કેટ પર લગામ તાણશે

સેબી ગ્રે માર્કેટ પ્રવૃત્તિને રોકવા માટે આઇપીઓમાં પ્રી-લિસ્ટિંગ ટ્રેડિંગ શરૂ કરવાની યોજના તૈયાર કરી રહ્યું છે. સેબી એક એવી સિસ્ટમ રજૂ કરવા પર વિચાર કરી રહ્યું છે જ્યાં રોકાણકાર પ્રારંભિક જાહેર ઓફરમાં ફાળવણી થતાં જ શેર વેચી શકે છે.

મૂડી બજાર નિયમનકારના વડા, ચેરપર્સન માધબી પુરી બુચે એવી પણ જાહેરાત કરી છે કે ટોચની બે પ્રોક્સી સલાહકાર કંપનીઓ એક પોર્ટલ શરૂ કરવાની તૈયારીમાં છે જે સંબંધિત પક્ષના ટ્રાન્ઝાક્શનની રીપોઝિટરી હશે અને કોઈપણ હિસ્સેદાર માટે કંપનીમાં ગવર્નન્સ સ્ટાન્ડર્ડનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે.

એ નોંધનીય છે કે તાજેતરના ભૂતકાળમાં ઘણા આઇપીઓમાં ખૂબ ઊંચા સબ્સ્ક્રિપ્શન જોવા મળ્યા છે, અને ઘણા ઇશ્યુએશન્સે લિસ્ટિંગના દિવસે પણ ભારે લાભ મેળવ્યો છે, જેના પરિણામે ગ્રે માર્કેટમાં ફાળવવામાં આવેલા શેરના પાસિંગની પ્રવૃત્તિ થાય છે.

બેંકરમાંથી બજાર નિયમનકાર બનેલા બુચે જણાવ્યું હતું, કે બેંકિંગ ક્ષેત્રની કારકિર્દીના દિવસોમાં, ગ્રે માર્કેટની આ પ્રવૃત્તિને 'કર્બ ટ્રેડિંગ' કહેવામાં આવતું હતું. તેમણે એક કાર્યક્રમના સંબોધન દરમિયાન કહ્યું હતું કે, અમને લાગે છે કે જો રોકાણકારો ગમે તે રીતે તે કરવા માંગતા હોય, તો શા માટે તેમને યોગ્ય રીતે નિયંત્રિત રીતે તે તક ન આપવી જોઇએ!

પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે સમજાવ્યું હતું કે, વિચાર એ છે કે ગ્રે માર્કેટમાં શેરના લિસ્ટિંગ અગાઉ જે પણ ચાલી રહ્યું છે તે અમને વાજબી જણાતું નથી. જો તમને ફાળવણી મળી છે અને તમે તમારો અધિકાર વેચવા માગતા હો, તો તેને સંગઠિત બજારમાં વેચો.

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ઈઝરાયલ- હમાસ વચ્ચે યુદ્ધવિરામઃ ટકશે ખરો?

પંદર મહિનાની લડાઈ બાદ ઈઝરાયલ અને હમાસે ગાઝામાં યુદ્ધ વિરામ કર્યો છે. આ યુદ્ધ વિરામ બહુ સમય પહેલાં જ થવો જોઈતો હતો. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુની સત્તાલાલસા અને જો બાઈડેનના આંખ મિચામણાને લીધે આ સીઝફાયર મોડ થયો. અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે નેતન્યાહુ પર લાવેલાપ્રચંડ દબાણને લીધે નેતન્યાહુ યુદ્ધ વિરામ કરવા હવે સંમત થયા છે. આ યુદ્ધમાં ન ઈઝરાયલ જીત્યું છે ન હમાસ જીત્યું છે, પરંતુ માનવતાની ભારે શિકસ્ત થઈ રહી છે. ઈઝરાયલ લાખો ટન બોમ્બ ઝીંકીને ગાઝાને ખંડેર બનાવી દીધું છે. ઈઝરાયલે નિર્દોષ નાગરિકોપર બોમ્બમારો કરીને એક જાતનો નરસંહાર જ કર્યો હતો. ઈઝરાયલી ડિફેન્સ ફોર્સેજે ૪૬,૦૦૦ લોકોને મારી નાખ્યા હતા એમાંથી અડધા જેટલા મહિલા અને બાળકો હતા. મકાન, શાળાઓ હોસ્પિટલો અને મસ્જિદો પર હુમલો કરીને તેમને જમીનદોસ્ત કરી નાખ્યા હતા ગાઝામાં હવે કાટમાળ સિવાય કશું રહ્યું નથી. ગાઝના મોટાભાગના લોકોને વિસ્થાપિત થયા છે. ૪૬૬ દિવસના લોહિયાળ યુદ્ધ બાદ યુદ્ધ વિરામ કેટલા દિવસ ટકે છે એ અંગે અત્યારથી શંકા વ્યક્ત કરવામાં આવી છે. ટ્રમ્પે તો ચેતવણી આપી હતી કે હું સત્તા સંભાળુંએ પહેલાં યુદ્ધ વિરામનો અમલ થવો જોઈએ...જો નહીં થાય તો આકરા પરિણામ ભોગવવા પડશે ટ્રમ્પે મોકલેલા પ્રતિનિધિને પહેલાં તો. નેતન્યાહુએ મળવાની ના પાડી હતી.

પરંતુ ટ્રમ્પે આદેશ આપ્યો કે મારા પશ્ચિમ એશિયાના એલચી સ્તિટિવ વિટકોફને મળવું જ પડશે અને એ જે કહે છે એ માનવું જ પડશે. નેતન્યાહુએ આ હુકમ સામે નતમસ્તક થયા હતા. નેતન્યા હુબાઈડેનને ગાંઠતા નહોતા, પરંતુ ટ્રમ્પ આગળ તેમનું કશું ચાલ્યું નથી. બાઈડેને ઈઝરાયલના નરસંહાર છતાં તેને સહાય કરવાનું ચાલુ રાખ્યું હતું અને યુદ્ધ અટકાવવા માટે ઈઝરાયલ પર કોઈ દબાણ લાવ્યા નહોતા. વિરામને લીધે નેતન્યાહુના જમણેરી સાથીદારોએ એમનો સાથ છોડી દીધો છે. નેતન્યાહુ હજી પણ યુદ્ધની વાત કરે છે. એમની યોજના છે કે યુદ્ધ વિરામની સંધિના પહેલા તબક્કાના અમલ પછી સમજૂતી તોડી નાખવી. નેતન્યાહુ હજી પણ દાવો કરે છે કે અમેરિકાના ટેકા સાથે એ. હમાસને ખતમ કરશે. વડા પ્રધાન નેતન્યાહુના કાર્યાલયે પોતાના 'એક્સ' અકાઉન્ટ પર પોસ્ટ કરી જણાવ્યું કે, ગાઝામાં યુદ્ધવિરામ કરાર લાગુ થઈ ગયો છે. જોકે, યુદ્ધ વિરામ ત્રણ કલાક મોડો શરૂ થયો. કારણ કે, હમાસે બંધકોની યાદી આપવામાં મોડું કર્યું હતું જે હવે મળી ગઈ છે. હવે એમની સિક્યોરિટી તપાસ કરવામાં આવી રહી છે. હમાસે નામ સોંપવામાં મોડું કરવા માટે ૩૯; ટેક્નિકલ ખામી૩૯; ને જવાબદાર ગણાવી હતી. હમાસે કહ્યું કે, અમે ગત અઠવાડિયે જાહેર યુદ્ધવિરામ કરાર માટે પ્રતિબદ્ધ છીએ.

આ યુદ્ધની શરૂઆત સાત ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે હમાસ દ્વારા ઈઝરાયલમાં કરાયેલો પ્રચંડ આતંકવાદી હુમલો હતો, જેમાં આશરે ૧૨૦૦ મોત થયાં હતાં. આ દરમિયાન ૨૫૦થી વધુને બંધક બનાવાયા હતા. ત્યારબાદ ઈઝરાયલ તરફથી ગાઝામાં ચલાવાયેલા સૈન્ય અભિયાનમાં અત્યાર સુધી ૪૬,૦૦૦ લોકોનાં મોત થઈ ગયાં છે. મધ્યસ્થી બાદ હમાસે કહ્યું કે, ગાઝામાં યુદ્ધ વિરામના રસ્તા પરથી તમામ અડચણો દૂર થઈ ગઈ છે. આ યુદ્ધ વિરામનો આ કરાર ત્રણ તબક્કામાં થશે. પહેલાં તબક્કામાં હમાસ ૯૮ બંધકોમાંથી ૩૩ બંધકોને મુક્ત કરશે. તેમાં તમામ મહિલા, બાળકો અને ૫૦થી વધારે ઉંમરના લોકો હશે. જોકે, ઈઝરાયલ તેના બદલે પોતાની જેલમાંથી આશરે એક હજાર પેલેસ્ટાઇનના કેદીને મુક્ત કરશે. ઈઝરાયલ તેના લશ્કરી દળોને આંશિક રીતે પાછા ખેંચશે.

જોકે ઈઝરાયલના દળો ફિલાડેલ્ફી કોરિડોરમાં રહેશે. આનો અર્થ એ થયો કે ઈઝરાયલની ગાઝા સરહદ પર નજર રહેશે. પહેલા તબક્કા બાદ પણ હમાસ પાસે ૬૫ બાન હશે અને ઈઝરાયલના જવાનો ગાઝાની સરહદે અને બફર ઝોનમાં જ રહેશે. બીજા તબક્કામાં હમાસ બાકીના બાનને મુક્ત કરશે અને બન્ને પક્ષો દુશ્મનાવટને કાયમી રીતે સમાપ્ત કરશે. ત્રીજો તબક્કો ઈઝરાયલ કદી નહી માને. હમાસે ત્રીજા તબક્કામાં ઈઝરાયલ ગાઝામાંથી સંપૂર્ણપણે હટી જાય એવી માગણી કરી છે. ઈઝરાયલ આ વાત કદી નહીં માને. ઈઝરાયલ તો આખી ગાઝા પટ્ટીને પચાવી પાડવા માગેછે. આ ડીલ આઠ મહિનાપહેલાં ચર્ચા કરાયેલી ડીલ જેવી જ છે, પરંતુ નેતન્યાહુએ બહાનાબાજી કરીને એને સ્વીકારી નહોતી. બાઈડેનની પાર્ટીનું હારનું કારણ પણ એ છે કે બાઈડેને ડીલ સ્વીકારવા ઈઝરાયલ પર કોઈ દબાણ નાખ્યું નહોતું. મેમાં નેતન્યાહુએ આ ડીલ નકારી કાઢીને એવો હુંકાર કર્યો હતો કે હમાસને નેસ્તનાબુદ કર્યા બાદ જ યુદ્ધ ખતમ થશે.

લાખો ડોલરનો સવાલ તો એ છે કે ઈઝરાયલે અને નેતન્યાહુએ હિજબુલ્લા અને હમાસ સામેના યુદ્ધમાં શું મેળવ્યું. ઈઝરાયલે નરસંહાર કરીને આખા વિશ્વમાં તેની શાખ ગુમાવી છે. આરબ દેશોમાં અને તેના દુશ્મનોમાં રહેલો તેનો ખોફ ઓછો થઈ ગયો છે. ઈરાન, હિજબુલ્લા અને હમાસે સાબિત કર્યું છે કે જો તમારામાં હિંમત, સાહસ અને ધૈર્ય હોય તો ઈઝરાયલને નમાવી શકાય છે. ઈરાનના એક્સીસ ઓફ રેસિસ્ટન્સના રોકેટ અને મિસાઈલ હુમલા સામે ઈઝરાયલની ડિફેન્સ સિસ્ટમ લાચાર બની ગઈ હતી. લેબેનોનમાં ઈઝરાયલ એક ઈંચ પણ આગળ વધી શક્યું નહોતું. અંતે તેને પહેલાં હિજબુલ્લા અને પછી હમાસ સાથે સમાધાન કરવું પડ્યું છે. જે હમાસને ઈઝરાયલ આતંકવાદી સંગઠન કહે છે એની સાથે વાતચીત કરીને તેની સાથે સંધિ કરવીપડી. પેજર હુમલા વડે અમે હમાસને ખતમ કરી દીધું છે એવો ઈઝરાયલનો દાવો ખોટો સાબિત થયો છે. અમેરિકના વિદેશ પ્રધાન એન્ટોની બ્લિનકેને કહ્યું છે કે હમાસે જેટલા લડવૈયા ગુમાવ્યા હતા એટલાની હમાસે નવી ભરતી કરી છે. ઈઝરાયલને હમાસ અને હિજબુલ્લા સાથે સંધિ કરવી પડી એનું કારણ ઈરાનનું દબાણ હતું. ઈરાને મિસાઈલ ટેક્નોલોજીમાં હરણફાળ ભરી છે. હમાસ, હુતી અને હિજબુલ્લાએ છોડેલી ઈરાનની મિસાઈલોને લીધે ઈઝરાયલના પગ જમીન પર આવ્યા છે. આ મિસાઈલે ઈઝરાયલની એરડિફેન્સ સિસ્ટમને બેઆબરૂ કરી નાખી છે.

ઘણાને સવાલ થાય છે કે આમાં ખલનાયક નેતન્યાહુનું શું થશે. નેતન્યાહુ યુદ્ધ કરી અને એને લંબાવીને સત્તા પર ચીટકી રહેવામાં તો સફળ થયા છે, પરંતુ હવે એમનું પતન નક્કી છે. યુદ્ધ પતી ગયું હોવાથી નેતન્યાહુ સામેના કેસો પરની સુનાવણી હવે ઝડપી બનશે એમનું ભાવિ ટ્રમ્પના હાથમાં છે. જો ટ્રમ્પ બાઈડેનની જેમ ઈઝરાયલને સહાય નહીં કરે તો નેતન્યાહુની હકાલ પટ્ટી થશે. યુદ્ધને લીધે ઈઝરાયલને અબજો ડોલરનો ખર્ચ થયો છે. તે દેવામાં આવી ગયું છે. તેનો પર્યટન વ્યવસાય બંધ થઈ ગયો છે.

આ ડીલ કરાવામાં અમેરિકા, કુવૈત અને ઈજિપ્તે મુખ્ય ભૂમિકા ભજવી છે. આતંરરાષ્ટ્રીય આલમે પણ ડીલ ટકી રહે એ માટેએમનીભૂમિકા ભજવવી પડશે. ખાસ કરીનેઆરબ દેશોએ પેલેસ્ટાઈન માટે મગરના આંસુ સારવાને બદલે પેલેસ્ટાઈનને ફરી બેઠું કરવામાં મદદ કરવી જોઈએ.

યુદ્ધ પછી ઈઝરાયલની આબરૂ તળિયે ગઈ છે તો પેલેસ્ટાઈન પ્રત્યની સહાનુભૂતિ વધતી જાય છે. યુદ્ધ પછી વધુદેશોએ પેલેસ્ટાઈનને માન્યતા આપી છે. વેસ્ટ એશિયામાં કાયમી શાંતિ સ્થાપવી હોય તો ટુ નેશનની થિયરીને અમલમાં મૂકવી પડશે. પેલેસ્ટાઈન સાથે ન્યાય કરીને તેને દેશનો દરજ્જો આપવો જોઈએ. ■



યુદ્ધવિરામ પછી...

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## દીકરાના અકસ્માતને નામે ગઠિયાઓ લાખોની ઠગાઈ કરી ગયા

મોટી કોર્પોરેટ કંપનીની ખૂબ ઈમ્પોર્ટન્ટ મીટિંગ ચાલતી હતી. ભારત છોડીને અમેરિકામાં દસ વર્ષ બાદ સ્વદેશ પાછા ફરેલા આકાશ રસ્તોગીએ ઘણાંને ઈર્ષા થાય એવી સફળતા મેળવી હતી. મીટિંગમાં ગયા વર્ષના ટાર્ગેટ પૂરા કરવા બદલ પ્રમોશનની જાહેરાત થવાની હતી. સાથોસાથ નવી બ્રાંચ ખોલવાની ઘોષણા ય કરવાની હતી.

કંપનીના ટોચના અધિકારીઓ ઉપરાંત અમુક એન.આર.આઈ. પણ મૂડી રોકાણ કરવા માટે આવવાના હતા. મૂડીદાર મહેમાનો આવે ત્યાં સુધી બઢતી મેળવનારા કર્મચારીઓના નામ જાહેર થવાનાં હતાં. બધાના ટેબલ પર પાણીની બોટલ સાથે કોફીના કપ મુકાઈ ગયા.

આકાશ રસ્તોગી સંબોધનની શરૂઆત કરે, એ અગાઉ એમનો મોબાઈલ ફોન વાઈબ્રેટ થયો. અજાણ્યો નંબર જોઈને તેમણે ધ્યાન ન આપ્યુંઃ સંબોધનની આરંભિક લાઈન બોલવાનું પૂરું કરે એ અગાઉ ફરી ફોન વાઈબ્રેટ થયો એ જ નંબર હતો. તેમણે અવગણના કરવાનું ઊચિત સમજ્યું. ફોન કટ કર્યા બાદ ત્રીજીવાર ફોન વાઈબ્રેટ થયો. ક્યાંક રોકાણકાર વતી કોઈ ફોન તો નહીં કરતું હોય ને! અથવા કોઈ ઈન્વેસ્ટર જ બીજા નંબરથી ફોન કરતા હોય તો?

થોડી નારાજગી સાથે ''એક્સક્યુઝ મિ'' કહીને રસ્તોગી બહાર નીકળ્યા. તેમણે ફોન ઉપાડ્યો. સામેથી અવાજ સંભળાયો. ''આપ મિસ્ટર રસ્તોગી?''

સહેજ અણગમા સાથે તેમણે જવાબ આપ્યો. ''યસ, બટ આઈ એમ વેરી બિઝી નાઉ.''

''સર, આપ આકાશ રસ્તોગીને?''

''યસ, યસ. બટ...''

''અંકુશ રસ્તોગીના પપ્પા ને?''

''હા. હા. પણ આમાં અંકુશ કયાંથી આવ્યો?''

''સર, અંકુશ રસ્તોગીને અકસ્માત નડ્યો છે?''

આકાશ રસ્તોગીના હાથમાંથી ફોન પડતા-પડતા રહી ગયો. ''વ્હોટ?''

''હા. લોનાવાલા ઘાટ પાસે ખૂબ સિરિયસ એક્સડન્ટ થયો છે. એમની હાલત ખરાબ છે...''

''ઓહ ... નો ... અત્યારે અંકુશ ક્યાં છે?''

''એને નજીકની જીવનદાતા હૉસ્પિટલમાં ખસેડાયો છે...''

''ઓ.કે. હું તાત્કાલિક નીકળું છું...''

''સર, આપને આવતા સમય લાગશે. ત્યાં સુધીમાં કદાચ બહુ મોડું પણ થઈ જાય!''

''એટલે?''

''સર, ખૂબ ગંભીર ઈજા થઈ છે. અમે સીધા અંકુશજીને હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં લઈ ગયા છીએ...''

''અરે પણ...''

''સર, ૧૫ મિનિટમાં ઓપરેશન શરૂ ન થયું તો કંઈ પણ થઈ શકે એવું ડૉક્ટરનું કહેવું છે...''

''તો પ્લીઝ ઓપરેશન કરી દો તાત્કાલિક... હું નીકળું જ છું...''

''સર, મારું નામ કૌશલ છે હું હોસ્પિટલમાં જ મળીશ.''

''થેન્ક યુ બેટા. કૌશલ.''

''સર, ઓપરેશન શરૂ કરાવવા માટે આપ રૂપિયા દસ હજાર મોકલી દો. હું આપને હૉસ્પિટલની પેમેન્ટ લિંક મોકલું છું.''

તરત જીવનદાતા હૉસ્પિટલની પેમેન્ટ લિન્ક આવી. એક પળનો ય વિલંબ કર્યા વગર આકાશ રસ્તોગીએ રૂા. દસ હજાર ટ્રાન્સફર કરી દીધા. સેક્રેટરીને કાનમાં બે વાક્ય કહીને તેઓ ચાલવા માંડ્યા. દરવાજા સુધી પહોંચ્યા, ત્યાં યાદ આવ્યું કે હોસ્પિટલનું સરનામું લેવાનું તો રહી જ ગયું. તેમણે કૌશલને ફોન લગાવ્યો. તો નંબર સ્વીચ ઓફ આવ્યો. વધુ કંઈ વિચારે એ અગાઉ એસ.એમ.એસ. આવ્યો. આપના ખાતામાંથી છ લાખ રૂપિયા ઉપાડાયા છે. એ વિશે વિચારીને આંચકો અનુભવે એ અગાઉ બીજો એસ.એમ.એસ. આવ્યો. પાંચ લાખની રકમ ઉપાડાઈ છે.

આકાશ રસ્તોગી સ્તબ્ધ થઈ ગયા. ન જાણે કંઈક સૂઝતું હોય એમ તેમણે દીકરા અંકુશનો નંબર ડાયલ કર્યો. પહેલી જ રિંગ પર દીકરાએ ફોન ઉપાડ્યો.

''હલ્લો, પપ્પા...''


''બેટા, તું ઠીક છો ને?''

''હા, એકદમ મજામાં. કેમ?''

''તું ક્યાં છો?''

''દોસ્તો સાથે લોનાવાલાના રિસોર્ટમાં જ છું. આપણી વાત તો થઈ હતી ને? પણ થયું શું?''

હવે કોઈ જવાબ આપવાના હોશ કોશ બચ્ચા નહોતા આકાશ રસ્તોગીમાં દીકરા માટેની લાગણી અને ફિકરથી એમનું મગજ બહેર મારી ગયું હતું એટલે ન કરવાનું કરી બેઠા અને સાયબર ક્રિમિનલનો શિકાર થઈ ગયા. ■



**A.T.P.** (ઑલ ટાઇમ પાસવર્ડ)

*અજાણ્યા નંબર પરથી કંઈ પણ કહેવાય કે મેસેજ આવે. અસ્વસ્થ થવા કે અકળાવાને બદલે શાંતિથી બે ઊંડા શ્વાસ લો. પછી શક્ય હોય તો સંબંધિત વ્યક્તિને ફોન કરો. એ ન બને તો નિરાંત લીંબુ પાણી પીતા-પીતા મનગમતું ગીત ગાવા માંડો.*

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સંબંધો...
## ...છે જિંદગી લાંબી કરવા માટે એક જ ઉપાય

માણસ પૈસા, પ્રતિષ્ઠા કે અન્ય મોહમાયા પાછળ પાગલ હોય. જે પોતાના માટે સમય કાઢી શકતો ના હોય ત્યારે આધુનિક સમયમાં એક સવાલ વારંવાર પૂછવામાં આવે છે : તું અમરત્વ લખાવીને આવ્યો છે? ધરતી પર આવ્યો છે તો થોડી જિંદગી તો ભોગવી લે, પણ ધરતી પર દરેકને અમરત્વ ભોગવવું છે.


આ અમરત્વ બલા શું છે? આપણે ત્યાં કોણે અમરત્વ મેળવેલા? આપણી સંસ્કૃતિ મુજબ ઇશ્વરે જેમને અમરત્વ આપ્યું છે એ બધા માણસજાતને શીખવી રહ્યા છે કે સરસ મજાનું જીવો. જીવનદર્શન સમજાવવા માટે એમણે ઇશ્વરના અદ્‌ભુત અવતાર લખ્યા, કોઇએ માનવજાતના કલ્યાણનો માર્ગ દર્શાવીને દુઃખ દર્દ ઓછા કર્યા. અશ્વત્થામા જેવા થકી એવું પણ સાબિત થયું કે, અમરત્વ તો શ્રાપ છે. ભારતીય કથાકનો મુજબ મહર્ષિ વેદ વ્યાસ, પરશુરામ, દુર્વાસા, જામ્બવાન, હનુમાનજી, માયાસુર, નર્મદા નદીના કિનારા પર ફરતા અશ્વત્થામા કે અશ્વત્થામાના મામા કૃપાચાર્ય અને માર્કેન્ડેય મુનિ અમરત્વ ભોગવી રહ્યા છે. આ મહાત્માઓમાંથી કોઈ માનવજાતના કલ્યાણ માટે ધરતી પર વસવાટ કરી રહ્યા છે તો કોઈ સ્વની ચેતના જાગ્રત કરી રહ્યા છે તો કોઈ શ્રાપના ભાગરૂપે ધરતી પર વિચરણ કરી રહ્યા છે.

એક કથા મુજબ ગૌતમ મુનિના પુત્ર શરદવાનનો જન્મ જ બાણ સાથે થયેલો. શરદવાન એટલા તેજસ્વી કે ઇન્દ્ર પણ એમનાથી ડરે. રાબેતા મુજબ , ઇન્દ્રએ નામપદી નામની અપ્સરા મોકલી,જેના થકી કૃપ અને કૃપા પેદા થયા. કૃપ પણ સમર્થ બાણાવટી . ભીષ્મએ એમનું કૌશલ્ય જોઇને કૌરવો- પાંડવોની શાળામાં આચાર્ય બનાવ્યા. માર્કેન્ડેય ઋષિએ શિવજીની ભક્તિ કરીને મહામૃત્યુંજય મંત્રનો સતત જપ કર્યો અને અમરત્વ પામ્યા.

આપણે વાત કરવી છે, માયાસુરની. આ માયાસુર એટલે દાનવોના આર્કિટેક. દેવોના આર્કિટેક એટલે વિશ્વકર્મા...

માયાસુરનો બીજો પરિચય કરાવું. એમને બે પત્ની નામે હેમા અને રંભા. સંયુક્ત ઉપક્રમે પાંચ પુત્ર અને ત્રણ પુત્રીનો પરિવાર . આ છોકરીઓ પૈકી અત્યંત સુંદર એવી મંદોદરી સાથે ગ્રેટ રાવણના લગ્ન થયેલા. આમ માયાસુર રાવણના સસરા થાય, તો લંકા કોણે બનાવી? આમ તો ક્રેડિટ વિશ્વકર્મા પાસે છે, પણ લંકાને અદભૂત બનાવી એ માયાસુરની કરામત હતી. સ્થાપત્ય સર્જન માટે માયાસુરને શ્રેષ્ઠ માનવામાં આવે છે. માયાસુરે સૂર્ય જ્યોતિષશાસ્ત્રના નિયમો બનાવ્યા.વિજ્ઞાનનો ઉપયોગ કરી મસમોટું વિમાન બનાવ્યું. ભારતભૂમિ પર મેરઠ, મનસોર અને મૈસુર નગર નિર્માણમાં મહારથી એવા માયાસુરની કરામત છે. આ તો નાની અમસ્તી વાત હતી, પણ મોટી વાત તો રહી ગઇ...

સાઉથ અમેરિકાની માયા સંસ્કૃતિ યાદ છે? કોણે બનાવી હશે.. એ આજ માયાસુર હશે? પાંડવોની રાજધાની ઇન્દ્રપ્રસ્થ યાદ છે ને? મહાભારતની લડાઇનું મૂળ એવી સભાગૃહના સર્જનકર્તા એવા માયાસુરે પાંડવોને અમૂલ્ય હથિયાર સાથે કિમતી રત્નો આપ્યા હતાં.




પ્રશ્ન એ જ છે કે અમરત્વ અથવા લાંબું આયુષ્ય ભોગવીને કરવું શું છે એ પ્રશ્નના જવાબ માટે દુનિયાનું સાહિત્ય અને વિજ્ઞાન પણ એટલી જ તાલાવેલી રાખે છે. જ્યોર્જ વેલેન્ટ નામના સાયકોલોજિસ્ટે માણસની ઉંમર પર ઘણા સંશોધનો કર્યા છે અને એ પરથી ‘એજિંગ વેલ’ નામનું પુસ્તક પણ લખ્યું હતું. જ્યોર્જ વેલનું માનવું છે કે માણસે લાંબું જીવવું હોય તો સુખ-દુઃખની વધારે પડતી લાગણીઓથી દૂર રહીને જીવનનો આનંદ લેતાં શીખવું જોઈએ. શારીરિક સ્વસ્થતાના સામાન્ય નિયમોનું પાલન કરીને લાંબું જીવન જીવવા માટે એક જ ચાવીનો ઉપયોગ કરી શકાય છે અને એ ચાવી છે માનવીય સંબંધ.

આ વેલેન્ટે લાંબું જીવન જીવવા માટે એક આ કડી દર્શાવી છે અને એ છે પોતાના જીવનસાથી સહીત દરેક સાથે ઉષ્માભર્યો સંબંધ રાખવો,જે માણસને અનેક રોગોથી દૂર રાખે છે. એમનું એવું માનવું હતું કે જે લોકો યુવાવયે કોઈ ગંભીર અકસ્માતમાંથી બચી જાય છે એમને જિંદગીનું મૂલ્ય વધારે સમજાતું હોવાથી એ લાંબું જીવન જીવે છે.

એજિંગ સાયન્સ પર હાલમાં અસંખ્ય સંશોધન થાય છે, પણ મનોવિજ્ઞાનમાં છેલ્લા સો વર્ષથી જે સંશોધન થાય છે એ મુજબ લાંબા આયુષ્ય માટે પચાસ વર્ષની ઉંમર પછી કેટલા ખુશ રહી શકો છો એના પર ઘણું બધું નિર્ભર છે. જેમના લગ્નજીવન ખુશ હશે એમને નાના-મોટા શારીરિક દર્દ ખાસ અસર કરતાં નથી. આપણા એક દેશી ઈલાજ પર દુનિયાભરના વૈજ્ઞાનિકો સહમત છે કે જયારે મન થાય ત્યારે એક ઝપકી મારી લેવી અર્થાત બેઠાં બેઠાં વામકુક્ષિ કરતાં રહો. નિયમિત ચાલતાં રહો કે ઓછું ભોજન કરો જેવી સલાહ ઉપરાંત એક સલાહ આપી છે કે લગ્ન કરો.

દુનિયાના મનોચિકિત્સકોએ ભારતીય અમરત્વ પ્રાપ્ત થયેલાઓના લગ્નજીવનની કથાઓનો અભ્યાસ કરવો જોઈએ. અમરત્વની વાત શું કામ? આપણે અમરત્વ લખીને નથી આવ્યા, પણ માનવજાત એક જ સંઘર્ષ કરે છે, ટકી રહેવાનો લાખો, વર્ષોથી એક જ સંઘર્ષ કરે છે અને એ છે અસ્તિત્વ માટે... કેમ? કેમ કે જિંદગીનાં મધુરા સ્વપ્નોની વણઝાર અધૂરી રહી નહી. વિશ્વભરમાં ફક્ત આપણી જ ભાષામાં ‘કાલ’ માટે અલગ અલગ અર્થઘટન છે. કાલ એટલે અંતિમ સમય, કાલ શબ્દ ગઇ કાલ અને આવતી કાલમાં પણ છે. આ શબ્દોમાં સમાનતા એ છે કે જેનું અસ્તિત્વ સમાપ્ત થયું અથવા જે હાલમાં અસ્તિત્વ જ ધરાવતું નથી એને કાલ કહેવાય. આ કાલરૂપી અ-અસ્તિત્વમાં સુખ શોધવું એ માનવજાતનું એકમાત્ર લક્ષ્ય છે.

આપણી દોડ પણ કોઈ એવા કાલ માટે તો નથી જે અસ્તિત્વ જ ધરાવતું નથી? થોડી પળ પાછી જોઈએ છે. ચાલને, રિવર્સમાં જઇએનો ફન્ડા કામ લાગવાનો નથી. જે છે એ આ ક્ષણ જ છે. આપણી પાસે ફક્ત વર્તમાન જ છે. આપણી આશાઓ, ઉમંગો, અરમાનો, સ્વપ્નાં જેવા હોય એવા એ સંજોગો મુજબ પૂરા કરવા તૈયારી કરીએ. જેને હસવું હોય કે મજાક કરવી હોય એ કરે. યે મેરી જિંદગી હૈ... ચલો, ચાંદ કો છૂ લે. ફેમિલી ફ્રેન્ડ્સ સાથે ચાલો, આજથી તૈયાર થાવ એવાં સ્વપ્ન સાથે જે આપણી મર્યાદામાં હોય દુનિયાભરના સંશોધકો માને છે કે ફેમિલી ફર્સ્ટ

-તો તૈયાર ૨૦૨૫નાં સ્વપ્નાઓને સર્જવા માટે? ■

**ધ એન્ડ :**

*તમારી પાસે જિંદગીમાં સમય મર્યાદિત હોય છે, કમસેકમ કોઈની જિંદગીનો સમય બરબાદ ના કરશો.*
(સ્ટીવ જોબ્સ)

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# આ લે લે લે લે.... આ પણ નકલી?




‘કંઇ દમ નથી.’

આટલું બોલી રાજુ રદી ગિન્નાયો. સુતાર કે દરજી ડાબા કે જમણા કાને પેન્સિલ કે ફૂટપટી ભરાવે.જરૂર પડયે તેનો ઉપયોગ કરે. રાજુએ ડાબા કાને ભરાવેલી બીડી કાઢી. બીડીનો દોરો જે ભાગે હોય તે ભાગ એટલે બીડીના પૃષ્ઠ ભાગને ફૂંક મારી. બે આંગળી વચ્ચે બીડી આમતેમ ફેરવી. પછી બીડી મોઢામાં મૂકી. લાઇટરથી બીડી સળગાવી. એક સટ માર્યો. રાજુનો મૂડ ઓફ થઇ ગયો. બીડીનો છૂટો ઘા કર્યો.

‘રાજુ, શું થયું?’ મેં રાજુ રદીને પૂછયું.

‘આ તો હદ થઇ ગઇ.’ રાજુ રદી ગુસ્સે થઇ ગયો. રાજુ ક્યારે રડે અને ક્યારે ગુસ્સે થાય તે ગ્રહની માફક નક્કી હોતું નથી. રાજુ કમાતો ધમાતો હોવા છતાં કોઇ ડાળીએ વળગી શકતો નથી.એણે શર્ટની વાળેલી બાંયમાંથી બીડી કાઢી.બીડીનો આગળનો ભાગ ટેબલ પર હળવેથી પછાડ્યો. બીડીનો દોરો કડક કર્યો.બીડી સળગાવી. એક સટ લીધો. વિચિત્ર બેસ્વાદ લાગ્યો.રાજુએ બેવડા ઝનૂનથી બીડીનો ભાલાની જેમ ઘા કર્યો.

‘રાજુ, શેની હદ થઇ ગઇ? ટેલિપ્રોમ્પટર હોય તો બગડે. ટેલિપ્રોમ્પટર પર ગુસ્સે થોડું થવાનું હોય? આપણે ભાષણની ટાઇપ કોપી સાથે રાખવાની હોય. ટેલિપ્રોમ્પટર બગડે તે ભાષણની કોપી કડકડાટ વાંચી જવાની હોય. બાઘાની જેમ બેહૂદું થોડું વર્તવાનું હોય?’ મેં તાજેતરની ઘટના પર ટીકાટિપ્પણ કર્યું.

‘ગિરધરલાલ, હું તેની વાત કયાં કરું છું ? તમે પણ ઝૂડઝૂડ કરો છો?’ રાજુએ મને તતડાવ્યો.રાજુએ ફરી બીડી સળગાવી. કોણ જાણે બીડીની જાત બદલાઇ ગઇ કે બીડી હવાઈ ગઇ હોય તેમ બેસ્વાદ લાગી. પાછી બીડી મિસાઇલની જેમ ફંગોળી

‘રાજુ શું વાત છે એ તો ફોડ પાડ ?’

‘ગિરધરલાલ, આ દેશ રસાતાળ થવા તરફ જઇ રહ્યો છે. પણ દેશ આટલી હદે નીચે જશે તેની મેં કલ્પના કરી નથી. ડિસ્ગસ્ટિંગ.’ રાજુએ બબડાટ કર્યો.

‘રાજુ, આજે કેમ બહુ અસ્વસ્થ છો? ’

રાજુ તલબ બુઝાવવા વારંવાર બીડી સળગાવતો હતો અને ગુસ્સે થઇને બીડી ફેંકતા હતો.

‘ગિરધરલાલ, આ દેશમાં કેન્સરની જેમ નકલીપણું વ્યાપી રહ્યું છે. અસલી ઘીના નામે ડાલ્ડા ઘી, નાગરવેલનો રસ અને ઘીનું એસેન્સ હોંશે હોંશે ઉંચા ભાવ આપી ખાઇ રહ્યા છીએ. વરિયાળીને રંગીને જીરું બનાવીએ છીએ. સફેદ તલને હેરડાઇ કરાવી કાળા તલની સાની કે કચ્ચરિયું બનાવી ભાવથી આરોગીએ છીએ. દરેક વસ્તુમાં નકલ છે. અસલી નકલીનો ભેદ પારખી ન શકાય તેવી સ્ફોટક પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે. હવે તો હિન્દુસ્તાનનું નામ નકલીસ્તાન કરવું પડશે તેમ લાગે છે.’ રાજુ વ્યથિત થયો.

‘રાજુ, ખેડૂતો યૂરિયા ને બદલે નકલી ખાતર વાપરે તો પાકની ફળદ્રુપતા ક્યાંથી વધે? નકલી બિયારણ, નકલી જંતુનાશકનો વપરાશ વધતો જાય છે.’ મે રાજુના સૂરમાં સૂર પુરાવ્યો.

‘ગિરધરલાલ, સિમેન્ટની જાણીતી કંપનીની બેગમાંથી સિમેન્ટ કાઢી લઇ ઓછી જાણીતી કંપનીની સિમેન્ટ ઉમેરી દે છે.મરચાંમાં લાકડાનો વેર, ધાણાજીરામાં ઘોડાની લાદ, હળદરમાં લોટ,બેસનમાં ઘઉંનો લોટ, નકલી પનીર, નકલી ચીઝ, ટોમેટો સોસમાં કોળું. જગત આખું ભેળસેળમય છે. લાગણીઓમાં પણ નકલીપણું જોવા મળે છે. ‘રાજુએ નકલીના અત્ર, તત્ર અને સર્વત્ર જોવા મળે છે તેમ દલીલ સહ પ્રતિપાદિત કર્યું.’

‘નકલની મોહમાયાથી સોના-ચાંદી જેવી ધાતુ પણ બાકાત નથી. સો ટચનું સોનું માત્ર કલ્પના જગતમાં છે. બાકી, બગસરાના ગોલ્ડની બોલબોલા છે. ભૂતિયા રેશનકાર્ડ, ભૂતિયા કંપની, ભૂતિયા વિધ્યાર્થી, નકલી મતદારો. કરોળિયો જાળ બનાવે તેમ નકલીનું નેટવર્ક અસલીને ઓહિયા કરી જાય છે.’ મેં રાજુને નકલી જ અસલી હોવાનો અહેસાસ કરાવ્યો.

‘અરે, એ છોડો, છેલ્લા દસકામાં નકલી આઇપીએસ, નકલી આઇએએસ, પીએમઓના નકલી અધિકારી, સીએમઓના અધિકારી, નકલી કચેરીઓ, નકલી સીબીઆઇ અધિકારીઓ બનીને મિસ્ટર નટવરલાલ કે બંટી-બબલી લૂંટ કરે છે.... કોલ સેન્ટર મારફતે નોન મેટ્રિક થયેલો છોકરડો હાઇફાઇ અમેરિકનોને છેતરે છે....હમણાં તો ગુજરાતમાં એક ધારાસભ્ય પણ નકલી પકડાયા!’

‘રાજુ, નકલમય સબ જગ જાની કરહૂં પ્રણામ કર જોરી.’ મેં તુલસીદાસની ચોપાટને ટવિસ્ટ કરી.

‘ગિરધરલાલ, નકલનો નાગ મારા વ્યસનને પણ ભરખી ગયો છે.’ રાજુએ ફરિયાદ કરી.

‘એ કેવી રીતે?’ મેં રાજુને સવાલ કર્યો .

‘ગિરધરલાલ, તમને ખબર છે કે ચેઇન સ્મોકર છું. (વૈધાનિક ચેતવણી :-સ્મોકિંગ ઇઝ ઇન્જરસ ટુ હેલ્થ) હું એક જ બ્રાંડની બીડી પીવું છું. સિગારેટ કરતાં બીડી ઓછી નુકસાનકારક છે તેવું મનાય છે. હું એક જ દુકાનમાંથી બીડીની ગડીઓ લાવું છું. છેલ્લે જે બીડી ખરીદીને લાવેલો તે બીડી બેસ્વાદ લાગતી હતી. તેનો ધુમાડો પણ નકલી ધુમાડો લાગતો હતો. હું બીડીની સો ગડી લાવેલો એ બધા ફેંકી દેવી પડે તેમ હતું.’ રાજુએ ફરિયાદ વિગતે વાત કરી.

‘એટલે તને બીડીમાં ગરબડ લાગી?’ મેં પૂછયું

‘હા, નકલીનો કોબ્રા મારી.’

‘રાજુ, હજુ તો નકલી હવા, સૂર્યપ્રકાશ, નકલી પવન અને નકલી દાતણનો નકલયુગ આવશે. કદાચ તું લગ્ન કરીશ તો તારે ત્યાં નકલી પુત્ર-પુત્રી આવશે.’ મેં ભવિષ્યવાણી ભાંખી.

આ સાંભળી રાજુ પણ નકલી બીડીના નકલી ધૂમાડાની જેમ અસલી રીતે અદશ્ય થયો! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# પચીસ વર્ષ અગાઉનો મહાકાય ‘ભૂકંપ’ની ધ્રૂજાવતી વાતો

“ચમત્કાર... ચમત્કાર..!?” આ શું... !!?, શિવજીનું તાંડવ નૃત્ય છે...!!!?. ના ભૈ ના...!?. આ તો ધરા ધ્રુજી ભૂકંપ થયો છે હો તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના દા’ડે પ્રજાસતાક દિન નિમિત્તે ભારત ભરમાં ધ્વજવંદન થતું હતું, ત્યારે સાવરના ૮. ૪૬ મિનિટે મહાકાય ધરતીકંપ થયો હતો ને સમગ્ર ગરવી વસુંધરા ગુજરાતને દોઢ મિનિટ સુધી હૃદયદ્રાવક અનુભૂતિ થઈ હતી. ત્યાં તો ગુજરાતની પ્રજાને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય એવી અનુભૂતિ તંતોતંત થઈ હતી...!

તસવીરની આરપાર કોલમનાં કોલમિસ્ટ ભાટી એનને થયુંકે શું આજે પ્રલય થવાનો છે...!? દરિયાનાં મોજાની માફક ધરતી ધ્રુજાતી હતી, મારી આંખો સામે પૃથ્વી આમ તેમ ડોલતી હતી. લોકો ચિચિયારી મારતા ઘરમાંથી બહાર નીકળી ચોક તરફ આવતા હતા. ધરતીમાંથી ભયાવહક ગેબી અવાજ થી ધરતીના પડ તૂટતાં હતા...!. આવી અણધારી બિના ચર્મચક્ષુમાંથી ચોધાર આંસુ સંગાથે સાક્ષી ભાવે નિહાળતો હતો...!, હું અને બધાજ લાચાર હતા, કુદરત કને કોનું કશું ચાલે છે...!?. આવી ભયાનક દર્દ ભરી સ્ટોરીને પચીસ વર્ષનાં વાણા વાઈ ગયા છે તેમ છતાં ઈ ’ સ્મૃતિ આજે પણ મસ્તિષ્કમાં અંકિત છે...!?.

ભૂકંપમાં કચ્છ તબાહ ને નેસ્તનાબૂદ થઈ ગયું હતું. કચ્છના ગામડાં પડીને પાધર થઈ ગયાં હતાં. હજારો લોકોએ જીવતા સમાધિ લીધી હતી. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ નાં રોજ આ ભયાવહક દુર્ઘટનાને પૂરા ૨૫ વર્ષ થયાં. આ ભૂકંપના સમાચાર મળતાં હું રાત્રીનાં બે વાગ્યે સ્કૂટર લઈને કડકડતી ઠંડીમાં છાતી માં પસ્તી ભરાવી ૨૦૦ કિ.મી. દુર, વાંકાનેર મારા ગામથી સ્કુટર ચલાવી કચ્છ બહારનાં ફોટોજર્નાલિસ્ટ ભાટી એન પ્રથમ હતા, સવાર સુધી સ્કૂટર ચલાવી કચ્છ પહોંચ્યો અને આ ભયાનક ભૂકંપની વરવી વાસ્તવિકતા નિહાળી હું હચમચી ગયો...! અરે..! ભોળાનાથ તેં આ શું કર્યું..!?. હજારો લાશો આમતેમ પડી હતી, ગામોના ગામો પડીને પાધર થયાં હતાં. આંખમાં દુઃખ બિહામણાં દર્દથી આંખોમાં શ્રાવણ - ભાદરવાની અશ્રુધારા વહેતી હતી...!. આ સાથે પ્રસ્તુત છે, ૨૬ મી જાન્યુઆરી ૨૦૦૧ નાં દિવસે આવેલા ભૂકંપની આછેરી ઝલક.

આ મહાભયાનક ભૂકંપને યાદ કરતાં મારી મતિ મૂંઝાઈ જાય છે...! હાંજા ગગડવા લાગે છે...! ગુજરાતને ખાસ કરીને સમગ્ર કચ્છ, સૌરાષ્ટ્રની હાલત તો દયનિય હતી. સમગ્ર કચ્છ તો તબાહ થયું છે. તેવી બાતમી મળી..!!. જેમાં હજારો નિર્દોષ લોકો એ જીવતાજીવ સમાધિ લીધી છે.. !!!. ને સૂરજબારી પુલમાં ભયાનક ગાબડું પડતા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, રસ્તામાં તિરાડો પડી ગઈ હતી. અને ટેલિફોનનાં થાંભલા પડી જત્તા કચ્છ સમગ્ર દેશ અને દુનિયાથી સંપર્ક વિહોણું થઈ ગયું હતું...!. તે સમયે મોબાઈલની સુવિધા ઉપલબ્ધ ન હતી, એટલે સાચી માહિતી પ્રાપ્ત થતી ન હતી.

મારું ગામ વાંકાનેરમાં પણ ભૂકંપે ખૂબ જ તારાજી વેરેલી. અસંખ્ય લોકોનાં મૃત્યુ થયાં હતાં, હું પોતે આ દારૂણ પરિસ્થિતિમાં ફસાયો હતો તેમ છતાં એક સાચા ફોટો જર્નાલિસ્ટનો ધર્મ બજાવા બધું ભૂલી રાતનાં બે વાગ્યે શિયાળાની કડકડતી ઠંડીમાં બજાજ સુપર સ્કૂટરની ટાંકી ફૂલ પેટ્રોલ ભરાવી નીકળી પડ્યો. રાતનાં કચ્છ તરફ એક પણ વાહન જતું ન હતું. સૂરજબારીના પુલમાં ભયાનક તિરાડ પડતા કોઈ પણ વહાન આવન જાવન બંધ હતી આથી નેશનલ હાઇવે પર હું ને મારાં કાકાનો દીકરો જ નોનસ્ટોપ સ્કૂટર ચલાવ્યે જતા હતા, આખી રાત સ્કૂટર ચલાવી થકી ગયો હતો.!. સવાર થતા સામખીયારી થઈ ને વૌધ ગામે ગયો તો રોડ પર આવેલ આખું ગામ પડીને પાધર થઈ ગયેલ ને કાટમાળ નીચે અસંખ્ય લાશો દટાયેલ હતી અને ભેંકાર ભાસતું હતું, મૃતદેહ કાઢી કાઢી લોકો થાકી ગયા હતાને ગામને પાધર ટાયર સળગાવી લાશોને બાળતા હતા...!!!?.

હું મારા આધુનિક કેમેરાથી બધી દસ્તાવેજી તસવીર કઠણ હૃદયે પાડતો હતો, અંતે હું પણ માનવ ખરોને હું કાટમાળ ઉપર ચાલતો જાવને દટાયેલ મૃતદેહ જોઈ કહું કે અહીં મૃતદેહ છે તો કહે હવે અમે પણ લાશ કાઢી કાઢી થાકી ગયા છીએ...!? હિંમત કરી ભચાઉ ગયો. નેશનલ હાઈવે પર આવેલી વિશાળ હોસ્પિટલ આખી ધરતીની સાથે સમથળ થઈ ગયેલી..! ભચાઉનું થિયેટર પડી ગયેલું માત્રને માત્ર સિનેમાનો પડદો જ ઊભો હતો..!, ભચાઉનું રેલવે સ્ટેશન પડીને પાઘર થઈગયું હતું માત્ર પીળા કલરના સાઈન બોર્ડમાં ભચાઉ લખેલ હતું તેની સિગ્નલ આપવાની કેબીન પડી ગઈ હતી. ભચાઉમાં તો ભગવાન જાણે વેરી બની ગયો હોય એમ તમામ મંદિરો પડી ગયા હતા! પોતાના પરિવારને ગુમાવ્યાની પારાવાર વેદનાથી લોકો ચોધાર આંસુ એ રડતા હતા, મને આવા કરૂણાંતિક દૃષ્ય લેતા અંતરમનમાં ખૂંચતું હતું. તેમ છતાં મારો પત્રકરત્વનો ધર્મ બજાવતો હતો.

ત્યાંથી અંજાર ગયો ત્યાં તો કુદરતે કંઈ કમી રાખી ન હતી. આખા અંજારનો સોથવાળી દીધો હતો, ત્યાં તો દિવસોનાં દિવસો લાશો કાઢતા થયાં હતા ને વિખ્યાત જેસલ-તોરલની સમાધિ મંદિર પડીને, પાધર થઈ ગયેલી. કચ્છના મુખ્ય મથક ભુજમાં ઘણાં બહુમાળી બિલ્ડિંગ પડી ગયેલાં, ભુજ પણ તબાહ થઈ ગયેલું, આમ મે સતત એક મહિનો ધરતીકંપની હજારો તસવીર લીધીને ગુજરાતનાં તમામ માતબાર દૈનિકોએ અસંખ્ય તસવીર પ્રસિદ્ધ કરેલને બાદમાં ભૂકંપનું ફોટો પ્રદર્શન રાજકોટ, અમદાવાદ, દિલ્હી સુધી કરેલ ને ભાટી એનની કદર સરકારે કરતા બેસ્ટ ફોટો જર્નાલિસ્ટ અવૉર્ડ ૧૯૯૯ =૨૦૦૦ માટે અવૉર્ડ માહિતી ખાતા તરફથી આપવામાં આવેલ તો કચ્છ મિત્ર દૈનિકે ભાટી એનની ખાસ નોંધ લઈ વિશેષ આર્ટિકલ લખેલ મુંબઈ સમાચારના વાંચક મિત્રો માટે પચીસ વર્ષ અગાઉની તસવીર બતાવી એક દસ્તાવેજીકરણની જાંખી કરાવું છું. ■









પ્રકરણઃ ૧૯

# ચહેરા મોહરા

**એને હવે સમજાતું હતું કે તે જે પ્લાનમાં આગળ ચાલી રહ્યો છે, તેમાં એ ખુદ તો માત્ર પ્યાદું જ છે. ચાલ તો બીજો જ કોઈક ચાલે છે... કદાચ એ જ સાચો રાજા છે! કોણ હશે એ?**





પ્રફુલ્લ કાનાબાર

**સોહમને** એકાએક અંકુશ યાદ આવી ગયો. જેલમાંથી છૂટવાના એક દિવસ પહેલાં જ અંકુશ સાથે થયેલી મુલાકાત યાદ આવી ગઈ. જો અંકુશ ન મળ્યો હોત તો તેની આ લાંબી અને અજાણી સફર શરૂ જ ન થઈ હોત! સોહમ વિચારી રહ્યો.. અંકુશનું જેલમાં મળવું એ નિયતિનો ખેલ હતો કે કોઈકે બિછાવેલી શતરંજનો ખેલ હતો?

આવું વિચારતો સોહમ હાથમાં સેલફોન રમાડી રહ્યો હતો ત્યાં જ એ રણકી ઊઠ્યો એટલે સોહમ ચમક્યો. ફોનમાં એક માત્ર સેવ કરેલો ભોલુનો નંબર ડિસપ્લે થઈ રહ્યો હતો. સોહમે ફોન ઉપાડયો. સામે છેડેથી નંદગીરીનો ઘેઘૂર અવાજ સંભળાયોઃ

‘સોહમ, કહાં તક પહુંચે? સુરત સ્ટેશન નીકલ ગયા?’

‘જી...મહારાજ. નવસારી ભી નીકલ ગયા.’

‘સૂનો, થોડી દેરમે વલસાડ આયેગા. તુમ્હે વહાં ઉતર જાનેકા હૈ.’

‘મહારાજ, ટિકિટ તો વાપી કી હૈ.’ સોહમથી અનાયાસે જ બોલાઈ ગયું.

સામા છેડેથી નંદગીરીનો હસવાનો અવાજ સંભળાયોઃ

‘વાપી કી ટિકિટ હૈ ઇસ લિયે વાપી તક જા સકતે હો.. લેકિન બીચમે કોઈ ભી સ્ટેશન પે ઉતર ભી શકતે હો. ઉસમેં કોઈ પેનલ્ટી નહી લગતી.’

‘હા વોહ તો મુઝે ભી પતા હૈ.’ સોહમે પણ હસતાં હસતાં જ જવાબ આપ્યો.

‘ઔર સૂનો..વલસાડ સ્ટેશન પે હી એક આદમી તુમ્હે લેને આયેગા.’

‘લેકિન મૈં ઉસે પહેચાનુંગા કૈસે?’ સોહમે મુદ્દાનો સવાલ કર્યો.

‘વોહ તુમ્હે પહેચાન લેગા.’

‘ઠીક હૈ, મહારાજ.’

સોહમના મનમાં સવાલ અનેક હતા, પણ તેણે નંદગીરીને આગળ સવાલ પૂછવાનું માંડી વાળ્યું, કારણ કે એ સારી રીતે જાણતો હતો કે નંદગીરી જરૂર કરતાં વધારે એક શબ્દ પણ બોલશે નહી. ફોન કટ થયા બાદ સોહમ વિચારી રહ્યો..વાપીની ટિકિટ બૂક કરાવીને તેને વલસાડ ઉતારી દેવાનું પ્લાનિંગ અગાઉથી નક્કી જ હશે.. ટૂંકમાં, આ સમગ્ર પ્લાનનો મહારથી ચાલાક છે. આખો પ્લાન ગુપ્ત રહી શકે તે માટેનું એનું સંચાલન પણ જડબેસલાક છે. સોહમે બારીની બહાર નજર કરી. ટ્રેનની ગતિ ધીમી પડી રહી હતી. જેમને વલસાડ ઊતરવાનું હતું તે મુસાફરો સામાન સીટ નીચેથી કાઢી રહ્યા હતા. સોહમ પણ સીટ નીચે રાખેલી એટેચી હાથમાં લઈને ઊભો થઈ ગયો.

અચાનક વલસાડ સ્ટેશનની બહાર ટ્રેન ઊભી રહી ગઈ. ડબ્બામાં મુસાફરોનો ગણગણાટ ચાલુ થઈ ગયો હતો. કોઈકે કહ્યું.. ‘ચેઈન પુલિંગ થયું લાગે છે.’ કોઈક બોલ્યું.. ‘સિગ્નલ નથી મળ્યું.’ સીટ પરથી ઊભો થઈ ગયેલો સોહમ ફરીથી તેની જગ્યાએ બેસી ગયો.

સોહમ વિચારી રહ્યો.. નંદગીરીએ ફોનમાં કહ્યું કે વલસાડ સ્ટેશને લેવા આવનાર માણસ તેને ઓળખી જશે. એ કઈ રીતે ઓળખી જશે? સોહમે દિમાગ દોડાવ્યું. આવનાર માણસ પાસે એસ સેવન ડબ્બાની વિગત હોઈ શકે, જેમાં એ બેઠો હતો. બની શકે કે એ ડબ્બો પ્લૅટફૉર્મ પર જ્યાં આવતો હોય એ જ જગ્યાએ એ માણસ ઊભો રહે.

એકાએક સોહમના દિમાગમાં ચમકારો થયો. ભોલુએ સેલફોનનાં ફંકશન્સ સમજાવતી વખતે સોહમનો ફોટો પાડીને તેને ફોટો કઈ રીતે પાડવાનું તે બતાવ્યું હતું. ભોલુએ એ ફોટો ખુદના ફોનમાં સેન્ડ પણ કર્યો હતો. બની શકે કે ભોલુએ એ ફોટો અત્યારે સ્ટેશને આવનાર માણસને પણ સેન્ડ કર્યો હોય....!

થોડી વાર બાદ ટ્રેન ધીમે ધીમે વલસાડના પ્લૅટફૉર્મ પર પ્રવેશી રહી. સોહમે બારીની બહાર નજર કરીને વલસાડનું પાટિયું વાંચ્યું. સોહમ માટે તો વાપી કે વલસાડ બધું સરખું જ હતું.

બે દિવસથી સોહમ કોઈકે બિછાવેલી શતરંજની બાજીમાં કઠપૂતળીની જેમ એવી રીતે દાખલ થઈ ચૂક્યો હતો, જેમાં તેણે એક પણ ચાલ ચાલવાની જ ક્યાં હતી?

સોહમ ક્યારેય શતરંજ રમ્યો નહોતો. ચાલીની બહાર ઓટલા પરિષદ ભરીને કેટલાક બેકાર યુવાનો કેરમ પર જુગાર રમતા. થોડે દૂર બે યુવાન હમેશાં ચેસ રમતા. સોહમ ત્યાં બેસીને એ રમત ધ્યાનપૂર્વક જોતો. તેને ચેસની રમતમાં રસ પડયો હતો. થોડા દિવસમાં જ શતરંજની રમતમાં તેને થોડી થોડી ખબર પડવા લાગી હતી. સોહમને નવાઈ લાગતી કે હાથી કેમ માત્ર આડી લાઈનમાં જ ચાલી શકે? ઘોડો કેમ અઢી ડગલા ચાલે છે? વજીર કેમ મન ફાવે તેમ ત્રાંસો અને આડો જઈ શકે છે? વળી રાજા તો એક જ સ્ટેપ ચાલી શકે.. આ વળી કેવું? ખરેખર તો રાજા મન ફાવે તે રીતે ચાલી શકવો જોઈએ ને?

સોહમના મનમાં ઉદ્‌ભવેલો એ સવાલ ચેસ રમતા યુવાને સરસ રીતે સમજાવ્યો હતો. રાજા પાસે તો હાથી, ઘોડા અને સૈનિકોની આખી સેના હોય છે. તેને ચાલવાની જરૂર જ શા માટે પડે? તેણે તો માત્ર હુકમ જ કરવાના હોય ને?! સોહમના બાળદિમાગમાં ત્યારે એ વાત થોડીક જ સમજાઈ હતી. હા..સોહમને આજે સમજાતું હતું કે તે જે પ્લાનમાં આગળ ચાલી રહ્યો છે, તેમાં એ ખુદ તો માત્ર પ્યાદું (સૈનિક) જ છે. ચાલ તો બીજો જ કોઈક ચાલે છે.. કદાચ એ જ સાચો રાજા છે! કોણ હશે એ? એની પાસે પૈસા હશે? પાવર હશે? કેટલીય ચાલ ચાલી ચૂકેલો શતરંજનો અઠંગ ખેલાડી હશે?

સોહમ ટ્રેનની બારીમાંથી દેખાઈ રહેલા સ્વચ્છ આકાશ સામે જોઈને મનમાં જ મલક્યો. ખરો ખેલાડી તો ઉપરવાળો જ હોય છે, જે આકાશ જેટલી શતરંજ લઈને બેઠો છે!

વલસાડ પ્લૅટફૉર્મ પર ટ્રેન ઊભી રહી એટલે સોહમ હાથમાં એટેચી સાથે નીચે ઊતર્યો. ટ્રેન આવવાને કારણે વલસાડ પ્લૅટફૉર્મ જીવંત બની ગયું હતું.


ચાવાળાની સાથે ચીકુવાળા ફેરિયાઓની દોડાદોડી પણ વધી ગઈ હતી. સોહમને યાદ આવ્યું કે વલસાડના ચીકુ વખણાય છે, તેવું સાંભળ્યું હતું ખરું. સોહમ ટ્રેનથી થોડે દૂર પ્લૅટફૉર્મ પર જ ઊભો રહી ગયો. સોહમે આજુબાજુમાં નજર દોડાવી. કોઈ દેખાયું નહી. ‘ગુજરાત એક્સપ્રેસ’નો વલસાડ સ્ટેશને માત્ર પાંચ જ મિનિટનો હોલ્ટ હતો. થોડી વાર બાદ સોહમ ટ્રેનને આગળની દિશા તરફ જતી જોઈ રહ્યો.

અચાનક સોહમના ખભા પર પાછળથી કોઈકે ધીમેથી હાથ રાખ્યો. સોહમે પાછા વાળીને જોયું. લગભગ છ ફૂટ હાઈટ અને ભારે શરીર અને મોટી મૂછોવાળો ચાળીસ આસપાસનો એક હેન્ડસમ માણસ તેની સામે ઊભો હતો. કડક ચહેરાવાળો એ માણસ આર્મીમેન જેવો દેખાતો હતો. તેણે તેના કડક ચહેરા પર આછેરું સ્મિત લાવીને પૂછયુંઃ

‘મિસ્ટર સોહમ?’

‘જી..હા’ સોહમના ગળામાંથી માંડ અવાજ બહાર નીકળ્યો. હકીકતમાં સોહમ એ માણસના પડછંદ વ્યક્તિત્વથી જ અંજાઈ ગયો હતો. પેલા માણસે હાથ લંબાવીને કહ્યું મારું નામ પ્રભાસ છે સોહમે તેના મજબૂત પંજામાં પોતાનો જમણો હાથ સાચવીને આપ્યો.

‘ચાલો.’ પેલાએ પોતાનો હાથ રોબોટની સ્ટાઈલમાં પાછો ખેંચીને આદેશના સૂરમાં કહ્યું.



પ્રભાસ આર્મીમેનની જેમ જ શિસ્તબદ્ધ રીતે ડગલાં માંડતો આગળ ચાલવા માંડયો. સોહમ હાથમાં એટેચી સાથે તેની

પાછળ યંત્રવત્ દોરવાયો. સ્ટેશનની બહાર છૂટાછવાયા કેટલાક રિક્ષાવાળાઓ ઊભા હતા. એમાંથી એકે ઇશારાથી જ પ્રભાસને રિક્ષા માટે પૂછયું.

‘નહી ચાહિયે, હમારે પાસ ગાડી હૈ.’ પ્રભાસે હાથમાં લટકાવેલી કીચેઈન ઊંચી કરીને પેલાને જવાબ આપ્યો.

ખાસ્સું ચાલ્યા બાદ બંને એક ટાટા સુમો પાસે આવ્યા.

પ્રભાસે ચાવી વડે દરવાજો ખોલ્યો. તેણે સોહમને ડ્રાઈવરની બાજુની જ સીટમાં બેસવા માટે ઈશારો કર્યો. સોહમ પાછળની સીટ પર એટેચી રાખીને ચૂપચાપ બેસી ગયો. પ્રભાસે ગાડી સ્ટાર્ટ કરીને ધીમે ધીમે ભીડવાળા એરિયામાંથી બહાર કાઢી લીધી.

પ્રભાસે એસી ઑન કર્યું. દસેક મિનિટ બાદ ગાડી મુંબઈ હાઈ-વે પર દોડી રહી હતી. વીસેક મિનિટ બાદ પ્રભાસે ગાડી હાઈ-વે પરથી નીચે ઉતારીને એક નાનકડા બાયપાસ પર લીધી.

થોડે આગળ ગયા બાદ ગાડી બિલકુલ જંગલ જેવા રસ્તે દોડી રહી. સોહમે જોયું કે મુખ્ય હાઈ- વે ઘણો પાછળ છૂટી ગયો હતો. જે રસ્તે ગાડી જઈ રહી હતી એ રસ્તો સિંગલ ટ્રેક હતો. રસ્તો પાકો હતો, પરંતુ એકદમ નિર્જન હતો. કોઈને લૂંટીને લૂંટારા પલાયન થઈ જાય તોપણ ખબર ન પડે તેવા સૂમસામ રસ્તા પર ગાડી પૂરપાટ દોડી રહી હતી.

સોહમના મનમાં પહેલી વાર ગભરાટ થયો. જોકે તેની પાસેથી લૂંટવા જેવું તો કંઈ જ નહોતું. એણે પ્રભાસ તરફ જોયું. એનાં જડબાં ભીડાતાં જતાં હતાં..... તેને ડર લાગ્યોઃ

આ અજાણ્યો પડછંદ માણસ તેના પર હુમલો તો નહી કરે ને? (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| Temper | ચેડાં કરવા |
| Tamper | રખડવું |
| Tramp | થડ |
| Trump | ગુસ્સો |
| Trunk | હુકમ |

### ઓળખાણ પડી?



સમડી જેવા લાંબી પાંખવાળા શિકારી પક્ષીની ઓળખાણ પડી? આપણે ત્યાં સિક્કિમમાં જોવા મળે છે. ઘાસના મેદાન પર મંડરાય છે.

અ) વાબગલી  બ) કરકરિયો  ક) કપાસી  ડ) રાજાલાલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | શે | ૨ ષ | ૩ તા | | ૪ મ | ૫ હા | ૬ રા | જ | |
| ખ | | ૭ ટ | કો | ૮ રો | | ૯ લ | ત | | ૧૦ દ |
| ૧૧ વા | ૧૨ દ | ક | | ગિ | | ૧૩ ત | ડી | ૧૪ પા | ર |
| ૧૫ દ | યા | | ૧૬ કો | ષ્ટ | ૧૭ ક | | | ૧૮ ર | વા |
| | ૧૯ નિ | ષ્ણા | ત | | ણ | | ૨૦ વ | દ | ન |
| ૨૧ વ્યા | ધિ | | ૨૨ ર | ૨૩ જ | ક | ણ | | ર્શ | |
| જ | | ૨૪ કૂ | | ડ | | | ૨૫ ટ | ક | ૨૬ લો |
| ૨૭ ખો | ડી | બા | ૨૮ રું | | ૨૯ બા | ૩૦ ક | સ | | કા |
| ર | | | ધા | | ૩૧ બા | પ | | ૩૨ દ | ર્પ |
| | ૩૩ શો | ભા | યા | ત્રા | | ૩૪ રા | જ | વ | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | ૬ | |
| ૭ | | | | ૮ | | | ૯ | | ૧૦ |
| | | | | ૧૧ | | ૧૨ | | | |
| | | ૧૩ | | | | | | ૧૪ | |
| | ૧૫ | | | ૧૬ | | | ૧૭ | | |
| ૧૮ | | | ૧૯ | | | | ૨૦ | ૨૧ | |
| ૨૨ | | ૨૩ | | | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| | | | | ૨૭ | | | | ૨૮ | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | | | | ૩૨ | | |
| | ૩૩ | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. રસોઈ કરનાર (૪)
૪. ઈશારો (૪)
૭. --- ભવાનીને શિવાજી નમન કરતા (૩)
૯. હજામત કરે તે (૩)
૧૧. ચિક્કાર ભરેલું (૪)
૧૩. --- માટે પાણીમાં પડો (૩)
૧૪. --- પરવાના ગઝલોમાં આપે (૨)
૧૬. ભાત, નયનરમ્ય આકાર (૪)
૧૮. પંક્તિને અંતે અક્ષર મળતા આવે તે (૨)
૧૯. માટીનો કાણાંવાળો દીવો (૨)
૨૦. રોગપ્રતિકારક ઔષધ (૨)
૨૨. વાયા, દ્વારા (૪)
૨૫. ભેદ, રહસ્ય (૩)
૨૭. --- જમાવવું એટલે બેસવું (૩)
૨૮. પતિ, વિશ્વાસ (૨)
૨૯. સાર, સત્વ, બળ (૨)
૩૧. દાળ શાકમાં --- કરો (૩)
૩૩. બંદગી, પ્રાર્થના-ઉર્દૂ (૪)
૩૪. એકદમ પોચું અને સુંવાળું (૪)

**ઊભી ચાવી**

૧. લાલાશવાળી (૪)
૨. દસ વત્તા છ (૨)
૩. પરવાનગી, રજા-ઉર્દૂ (૪)
૫. જોખમભરેલું કામ (૩)
૬. છુટ્ટી (૨)
૮. આઠ દિવસનો સમૂહ (૫)
૧૦. મોટો રોગ દા.ત. કોરોના (૪)
૧૨. ઠગવું તે (૩)
૧૫. વસ્તુની છાપ કે પ્રભાવ (૩)
૧૭. ઢીલું, પોચું (૩)
૧૮. ઈમાનદાર, વિશ્વાસપાત્ર (૪)
૧૯. કહાની, ઘટના, પ્રસંગકથન (૨)
૨૧. ઘટ્ટ પ્રવાહી, શરબત (જો.છૂ.) (૩)
૨૩. ફૂલમાંથી --- બને (૨)
૨૪. ખોટ, કમી (૩)
૨૬. મદમસ્ત (૪)
૨૭. પ્રહાર, ફટકો, ધક્કો (૩)
૩૦. સહિયર, બેનપણી (૨)
૩૧. અંધારિયું (૨)
૩૨. આબરૂ, ઈજ્જત (૨)

### ગુજરાત મોરી મોરી રે

‘જરૂરિયાત ભલભલાને લાચાર બનાવે’ જેવો અર્થ ધરાવતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

બાપડી શીરો ને ખાય ગરજ પાપડી બિચારી

### માતૃભાષાની મહેક

કપાસ પીળાં ફૂલનો છોડ હોય છે. તેના પાતળા અને સીધા થડને સાંઠી કહે છે. તેનાં ફળને જીંડવાં કહે છે. તે પાકે ત્યારે તેને કાલાં કહે અને તેમાંથી કપાસ નીકળે. કપાસમાં અંદર બી અને ઉપર સફેદ તંતુઓનું ગૂંચળું હોય. આ તંતુઓને રૂ અને બીને કપાસિયા કહે છે. રૂમાંથી લૂગડાં વગેરે બનાવાય છે અને કપાસિયા ઢોરને ખવડાવાય.

### ઈર્શાદ

ભીંતને લીધે જ આ પાડોશી જેવું હોય છે,
એક સમજૂતીસભર ખામોશી જેવું હોય છે.

-- મુકુલ ચોક્સી

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘ગયા મહિનામાં બે ગોઝારી ઘટના બની’ વિધાનમાં ગોઝારી શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ગજબનાક  બ) ભયંકર  ક) ગર્વિષ્ઠ  ડ) ભવ્ય

### સુડોકુ-૭૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૪ | ૮ | | ૬ | | |
| | ૪ | | ૭ | ૩ | | | | ૨ |
| ૧ | ૭ | ૨ | | ૯ | | | | |
| | ૫ | ૭ | ૯ | | | | | ૧ |
| | | ૧ | ૨ | | ૬ | ૪ | | |
| ૪ | | | | | ૭ | ૯ | ૫ | |
| | | | | ૨ | | ૧ | ૬ | ૯ |
| ૯ | | | | ૭ | ૪ | | ૮ | |
| | | ૫ | | ૬ | ૯ | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૪ | ૫ | ૬ | ૭ | ૨ | ૮ | ૧ |
| ૮ | ૨ | ૬ | ૯ | ૩ | ૧ | ૭ | ૪ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ | ૯ |
| ૧ | ૩ | ૭ | ૨ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ |
| ૫ | ૮ | ૯ | ૪ | ૧ | ૩ | ૬ | ૨ | ૭ |
| ૪ | ૬ | ૨ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૪ | ૫ | ૩ | ૨ | ૮ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૭ | ૮ | ૧ | ૯ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૨ | ૧ | ૩ | ૬ | ૭ | ૪ | ૫ | ૯ | ૮ |

### માઈન્ડ ગેમ

હાલ માતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં પાંચ ગણી હોય અને છ વર્ષ પછી બંનેની ઉંમરમાં ત્રણ ગણો તફાવત હશે તો બંનેની હાલની ઉંમર જણાવો.

અ) ૫ અને ૨૫  બ) ૬ અને ૩૦
ક) ૭ અને ૩૫  ડ) ૮ અને ૪૦

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Rag | ચીંથરું |
| Rage | ક્રોધાવેશ |
| Raze | પાડવું |
| Racy | પાણીદાર |
| Raise | ઉછેરવું |

ઓળખાણ પડી?
Weaver Bird

માઈન્ડ ગેમ
૩૬

ગુજરાત મોરી મોરી રે
બળિયા સાથે બાથ ન ભીડવી

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
માછલી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ધીરેન ઉદેશી (૫) ગીતા ઉદેશી (૬) પ્રતિમા પમાણી (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) વિભા મહેશ્વરી (૧૦) ડો. પ્રકાશ કટકિયા (૧૧) ભારતી પ્રકશ કટકિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) અશોક સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેશ દોશી (૨૩) સુરેખા દેસાઈ (૨૪) કિશોર બી. સંઘરાજકા (૨૫) અંજુ ટોલિયા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૯) પ્રવીણ વોરા (૩૦) હર્ષા મહેતા (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) રમેશ દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) નિતિન બજરિયા (૩૯) નુતન વિપીન (૪૦) નંદકિશોર સંજાણવાળા (૪૧) વિણા સંપટ (૪૨) દેવેન્દ્ર સંપટ

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## નસીબનું પાંદડું ને ઉદ્યમના મૂળિયાં





મધુ રાયના રૂપાંતર 'સંતુ રંગીલી'નો એક સંવાદ છે કે' માણસ રહેતો હોય છે ભૂલેશ્વરની ઓરડીમાં કે બોરીવલીની ચાલમાં. રાતોરાત લખપતિ બની જાય છે (આ વાત છે ૧૯૭૫ની) અને રહેવા ઉપડી જાય છે નેપિયન્સી રોડ કે પેડર રોડના બંગલામાં કે કોઈ આલીશાન ફ્લૅટમાં, પણ આ બધાં જેવા બોલવા માટે પોતાના મોં ખોલે છે ત્યારે એમાંથી ભૂલેશ્વરની વાસ આવે છે.'

ટૂંકમાં માણસ પોતાના મૂળિયાં સાથે જોડાયેલો રહે છે. નાળા સફાઈની નોકરી કરતા યુકેના જેમ્સ ક્લાર્કસન નામના યુવકને તાજેતરમાં ૭૫ લાખ પાઉન્ડ (આશરે ૮૦ કરોડ રૂપિયા)ની લોટરી લાગી. લોટરીના શોખીન જેમ્સને ક્રિસમસમાં ૧૨૦ પાઉન્ડ (આશરે ૧૩ હજાર રૂપિયા)નું ઈનામ લાગ્યું હતું અને એણે એ બધા પૈસા વધુ ટિકિટ ખરીદવામાં ખર્ચી નાખ્યા. શુક્રવારે એક પાર્ટીમાં ગયો હતો ત્યાં ફોન પરના મેસેજથી અધધ રકમની લોટરીનો મેસેજ મળ્યો અને પરિવારમાં આનંદનું ઘોડાપૂર આવ્યું.

શનિ - રવિ પરિવાર અને ગર્લફ્રેન્ડ સાથે ડિનર - શેમ્પેઇનની પાર્ટી કરી અને સોમવારે સવારે જેમ્સ નોકરી પર હાજર થઈ ગયો નાળા સફાઈનું કામ કરવા! ભલે નસીબ આડેનું પાંદડું ખસી ગયું, પણ જેમ્સ ઉદ્યમના મૂળિયાં ત્યજવા તૈયાર નથી. 'હું હજી બહુ નાનો છું અને મારે કામ નથી છોડવું. પૈસાનું વ્યવસ્થિત આયોજન કરી સમગ્ર પરિવારની આવતી કાલ ઊજળી બનાવવી છે,' જેમ્સના આ શબ્દે શબ્દમાં શાણપણ ડોકિયાં કરે છે.

## ક્યા પાયા નહીં તૂને, ક્યા ઢૂંઢ રહા હૈ તૂ!




પરમેશ્વરને પામવાની ભક્તિમાં બે ભાવ હોય છે, સ્થૂળ ભાવ અને સૂક્ષ્મ ભાવ. પ્રયાગરાજમાં શરૂ થયેલા કુંભ મેળામાં પહેલું સ્નાન થઈ ગયું અને છેલ્લું સ્નાન મહા શિવરાત્રીના દિવસે છે. 'કલાપી'ની પંક્તિમાં થોડો ફેરફાર કરી કહી શકાય કે 'ભક્તો તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.'

કુંભ મેળામાં તમે સ્નેહીજનોથી વિખૂટા પડી ખોવાઈ ગયા તો 'ખોયા - પાયા બૂથ' ઊભા કરવામાં આવ્યા છે. લાઉડસ્પીકર પર ઘોષણા કરી પુનર્મિલાપ કરી દેવામાં આવે છે. આ વખતે તો ક્યુ આર કોડ અને ગૂગલ લોકેશન જેવી ડિજિટલ સુવિધા પણ ઉપલબ્ધ છે. આ થયો સ્થૂળ ભાવ. જોકે, સાથે એવા પણ લોકો છે જે ખોવાયેલા સ્વને મેળવવા કુંભ મેળામાં આવ્યા છે. ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ભૌતિક સુખને બદલે આંતરિક સુખની મહેચ્છા રાખતો હોય છે. ભૌતિક સુખમાં આળોટી લીધા પછી ખોવાયેલો અંતરનો આનંદ કુંભ મેળામાં પાછો મળશે એવી આશાએવો વિશ્વાસ એ સૂક્ષ્મ ભાવ છે. જાતને શોધવા પહેલા પૂરેપૂરા ખોવાઈ જવું જરૂરી હોય છે.

## દરેક ડબ્બાનું ઢાંકણું ન ખોલાય

જીવન એક રહસ્યનું પડીકું છે. જોકે, જીવનના કેટલાંક રહસ્ય એવાં હોય છે કે એ ન જાણીએ એમાં જ ભલાઈ હોય છે. એમાંય પારિવારિક રહસ્યનાં પડીકાં ન ખોલીએ એ જ ઈષ્ટ. અમુક લોકોના દિમાગમાં કુતૂહલનો કીડો એવો સળવળાટ કરતો હોય છે કે રહસ્યનું પડીકું ખોલ્યા વિના ચેન ન પડે. પછી કર્યા ભોગવવા પડે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા કિસ્સા અનુસાર ૨૮ વર્ષની યુવતીએ એના પૂર્વજો કોણ હતા, ક્યાં રહેતા હતા અને આજની તારીખમાં કેટલા સગાવ્હાલા જીવિત છે એ જાણવા ડીએનએ ટેસ્ટ કરાવ્યો. જોકે, ટેસ્ટનો રિપોર્ટ આવ્યા પછી જે સંબંધ હતા એ પણ ખતમ થવા પર આવી ગયા. રિપોર્ટ અનુસાર તપાસ કરતા ખબર પડી કે યુવતીના પિતા અગાઉ કોઈ મહિલા સાથે રિલેશનશિપમાં હતા અને એ સંબંધથી એક પુત્રી પણ હતી. પિતાએ આ વાત સાચી હોવાનું કહ્યું ત્યારે યુવતી માથે તો આભ તૂટી પડ્યું. જાત પર બહુ કંટ્રોલ રાખ્યા પછી યુવતીએ પોતાની માતાને પિતાના વિવાહ બાહ્ય સંબંધની વાત કરી દીધી.




પછી પેરેન્ટ્સ વચ્ચે શું થયું?

વાત છૂટાછેડા સુધી પહોંચી ગઈ. રહસ્યનું પડીકું ખોલવાની ચળમાં એક ખુશાલ પરિવાર રોતલ થઈ ગયો.

Curiosity killsa the cat' જેવી પેલી અંગ્રેજી કહેવતની જેવી 'અતિ કુતૂહલ એ આફતનું મૂળ' એવી ગુજરાતી કહેવત પણ બનાવવી જોઈએ.

## 'ટ્રમ્પ'ની ખીર ખાવા ટ્રમ્પને નોતરું



'સચ્ચે કા બોલબાલા ઔર જૂઠે કા મુંહ કાલા' એવી કહેવત છે, પણ કળિયુગમાં તો 'સચ્ચે કા મુંહ ઢીલા ઔર જૂઠે કા બોલબાલા' જેવી પરિસ્થિતિ છે. આર્થિક રીતે કંગાળ થઈ રહેલા પાકિસ્તાનમાં આવેલા પંજાબના સાહીવાલ શહેરમાં ખાણીપીણીનો સ્ટોલ ચલાવતા સલીમ બગ્ગા અચાનક સ્ટાર બની ગયા છે. ના, એમના ટેસ્ટી ફૂડને કારણે નહીં, પણ એમના ચહેરાને કારણે. ના, ના, એમને ફિલ્મોમાં સાઈન કરવા માટે નિર્માતાઓની લાઈન નથી લાગી. બગ્ગા બાબુનો ચહેરો મહોરો યુએસએના પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પને મળતો હોવાથી સાહીવાલના રહેવાસીઓ સ્થાનિક 'ટ્રમ્પ'ના સ્ટોલ પર ખીરનો સ્વાદ લઈ એમની સાથે સેલ્ફી પડાવી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે. ધોળા વાળ, ટ્રમ્પ જેવું મુખારવિંદ, ગાયન ગાવાની કળાના ત્રિવેણી સંગમ સાથે સ્વાદિષ્ટ ખીરની ચોકડીને કારણે લોકપ્રિય બનેલા ૫૩ વર્ષના સલીમભાઈએ અસલી ટ્રમ્પને પાકિસ્તાન આવી પોતાની ખીર ચાખવા નોતરું આપી દીધું છે. સાથે 'તમને ટેસડો પડી જશે' એવી ખાતરી પણ આપી છે.

## લ્યો કરો વાત!

*મનુષ્ય પ્રેમ કરતાં પ્રાણીપ્રેમ વધુ દર્શાવતી એકવીસમી સદીની જનરેશનના અતિરેકનો ક્લાસિક કિસ્સો કર્ણાટકના હમ્પીમાં બન્યો છે. સાતમી સદીના વિરુપાક્ષ મંદિરના પરિસરમાં રહેતી ૩૬ વર્ષની લક્ષ્મી નામની હાથણીને કેળા ખવડાવી સેલ્ફી લેવા પર ભક્તો + સહેલાણીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હાથણીને પરાણે કેળા ખવડાવવાનો પ્રયાસ અને લોકો દ્વારા ન ખાધેલા કેળા તેમ જ પ્લાસ્ટિકની થેલી છોડી દેવાથી થતી ગંદકીના કારણે આ મનાઈહુકમ આવ્યો છે. મંદિરમાં રોજ પાંચ હજાર લોકો આવે છે અને રજાના દિવસોમાં આ સંખ્યા ૫૦ હજાર પર પહોંચી જાય છે. હાથણી પર કેવો 'કેળાત્કાર' થતો હશે એના વિચારમાત્રથી કંપારી છૂટી જાય છે.* ■

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**અમેરિકામાં ટ્રમ્પ આવ્યા. એમને સમર્થન આપવું કે વિરોધ કરવો? સમજાતું નથી.**
* સમજ ના પડે ત્યાં સુધી મૌન રહો...

**શિયાળામાં સ્કૂલનો સમય મોડો કરવો જોઈએ?**
* ચર્ચા ચાલુ રાખો. શિયાળો પૂરો થઈ જશે...

**હવે તો વર-વધૂ માટે પણ લગ્નના કપડાં ભાડે મળે છે.**
* રાહ જુઓ. ભવિષ્યમાં વેવાઈ-વેવાણ ને મહેમાનો પણ ભાડાથી મળશે....

**જાનૈયાઓની સાથે વરરાજા પણ જાહેરમાં કેમ ડાન્સ કરે છે?**
* જાહેરમાં નાચવાની આ છેલ્લી તક હોય છે....

**કંકોત્રીમાં 'નો ગિફ્ટ' લખ્યું હોય, પણ રોકડ ચાંલ્લો આપો તો લઈ લે. આવું કેમ?**
* એમાં રોકડ ચાંલ્લો લેવાની ના લખી નથી હોતી...

**પત્ની પિયર જવાનું કહેતી નથી. શું કરું?**
* તમે સાસરે જવાનું બોલવાનું શરૂ કરો....

**મારે ફિલ્મમાં કામ કરવું છે.**
* કરો. ફિલ્મ રિલીઝ થાય તો ટિકિટ મોકલજો...

**મને ટીવી ડિબેટમાં બોલાવે છે તો શું કરું ?**
* જાવ એ પહેલાં પત્ની સાથે દલીલ કરતાં શીખી લો....

**કાગડો દહીંથરું લઈ ગયો. હવે શું?**
* કાગડો પાછો આવે તો પૂછી લે જો....

**પંચતંત્રની વાતો આજે ચાલે ખરી?**
* જમાનો પ્રપંચ તંત્રનો છે...

**સ્વપ્નની દરેક વાત સાચી પડે તો ?**
* જાગ્યા પછી જાહેરમાં મારામારી થઈ જાય...

**ચલણી સિક્કાની બે બાજુ હોય તો ખોટા સિક્કાની?**
* ચારેબાજુ...

**બૅન્કનું ઉઠમણું થાય તો કોણ રડે?**
* જેનું એમાં ખાતું ન હોય એ જાહેરમાં વધુ રડે...

**શૅરબજાર નીચું જાય તો શું ઊંચું જાય?**
* શૅરહોલ્ડરનું બ્લડ પ્રેશર....

**ભ્રષ્ટાચારની કમાણીથી બનાવેલા ઘરની તકતી પર કટકી કૃપા કેમ લખાતું નથી?**
* યે અંદર કી બાત હૈ...

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# નક્કર વાતો પર વિશ્વાસ ન મુકાય!

કાઈ વ્યક્તિ કે કોઈ વસ્તુની ગુણવત્તા દર્શાવવા માટે એક સુંદર ચોવક પ્રચલિત છેઃ **''ઓરત રાંફડી, ને સોપારી વાંકડી''** રાંફડી એટલે રાંક. 'ઓરત રાંફડી' મતલબ કે સ્ત્રી રાંક હોય એ એક ગુણ છે, અને સોપારી ખાવાના શોખીન હંમેશાં 'વાંકડી' સોપારી જ પસંદ કરે છે. હવે જો આમાં કંઈ પણ ખામી વરતાય ત્યારે સમાજ એમ કહે છે કેઃ **''કાં વટ ડીયે મેં નાંય, કાં તેલ તરે મેં નાંય''** 'વટ' એટલે દીવાની વાટ અને 'ડીયે મેં' એટલે દીવામાં. 'તરે મેં' શબ્દ ચોવકમાં છે, જેનો અર્થ થાય છેઃ તળિયામાં. હવે ચોવકનો શબ્દાર્થ જોઈએઃ કાં તો દીવામાં વાટ નથી ને કાં તો તળિયામાં તેલ નથી! નહીં તો દીવો જરૂર પ્રગટે! આ ચોવક ખૂબ જ ગર્ભિત અર્થ ધરાવે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ, પરણવા માટે એવી છોકરી પસંદ કરી બેસે કે, જેનામાં કોઈ આવડત જ નથી!

ઘણીવાર આપણે સાંભળતા હોઈએ છીએ કે, 'સમય સમયની વાત છે' જેનો અર્થ ખૂબ જ સ્પષ્ટ છે, પણ એવી હાલત દર્શાવવા માટે એક ચોવકનો ઉપયોગ થતો હોય છે કેઃ **'કડેંક મન માકૂડી, કડેંક કેસર સીં, કડેંક ચટણી માંની, કડેંક સીરેજો ડીં''** અત્યંત ગહન અર્થ ધરાવતી એ ચોવકમાં જે 'કડેંક' શબ્દનો વારંવાર પ્રયોગ થયો છે તેનો અર્થ થાય છેઃ ક્યારેક. 'કેસર સીં' એટલે કે કેસરી સિંહ, 'ચટણી-માંની'નો અર્થ પણ સ્પષ્ટ છેઃ રોટલો અને ચટણી અને ચોવકમાં છેલ્લે જે શબ્દો પ્રયોજાયા છે ''સીરે જો ડીં'' એટલે શીરો ખાવાનો દિવસ! અર્થમાં ભૂતકાળનાં સ્મરણ પણ છે અને વર્તમાનકાળના જીવનના તબક્કા પણ જોવા મળે છે. શબ્દાર્થ જોઈએઃ ક્યારેક મન ચંચળ (આમ તો માકૂડીનો અર્થ થાય છે કીડી કે મંકોડી) કયારેક મન કેસરી સિંહ જેવું, ક્યારેક ખાવામાં રોટલો અને ચટણી તો ક્યારેક શીરો ખાવાનો દિવસ! સ્મરણમાં 'આવું હતું' અને વર્તમાનમાં 'આવું છે'... એ રીતે આ ચોવકનો પ્રયોગ થતો હોય છે.

ઘણા લોકો ચોકસાઈ કર્યા વગર જ કોઈ પણ વિશ્વાસ મૂકતા હોય છે કે કામ કરતા હોય છે. એ પ્રકારની ત્રણેક બાબતો વણી લેતી એક ચોવક, ચોકસાઈ રાખવી કેટલી જરૂરી હોય છે તેનો અરીસો બતાવે છેઃ

**''પાણી પીને પુછે ઘર, બખવિજીને પુછે બર,**
**ધી ડઈને પૂછે વર, ઈ માડૂ ન ય ગોંની ફર''**

ચોવકની બીજી લાઈનમાં છેલ્લા બે શબ્દો છેઃ 'ગોંની ફર' એટલે કે ગાયનું વાછડું, પણ એ અહીં 'ઢગા'ના અર્થમાં વપરાયેલા શબ્દો છે. શબ્દાર્થ એવો થાય છે કે, પાણી પી લીધા પછી ઘર કોનું છે, તેવું પૂછનાર, કોઈની તાકાત (બર)નો અંદાજ લગાવ્યા વગર 'બાથ ભીડી લેનાર', (ધી) દીકરી આપ્યા પછી 'વર' (મૂરતિયા) વિશે માહિતી મેળવનાર એ બધા માણસ નહીં 'ઢગા' છે!

જે વાતમાં નક્કરતા જોવા ન મળે, તો તેવી વાતો પર વિશ્વાસ કેમ મૂકી શકાય? તેના માટે એવી ચોવક પ્રચલિત છે કે, **''અકજે માંઢૂવે જો કિતરો ભકા''** ગુજરાતીમાં કહેવું હોય તો એ ચોવક આ રીતે કહી શકાયઃ 'આકડાના માંડવાનો ભરોસો કેટલો?' 'અક' એટલે આકડો અને 'માંઢૂવે' શબ્દ માંડવા (મંડપ)ના બદલે વપરાયો છે. 'કિતરો ભકો'? મતલબ કે ભરોસો કેટલો? મતલબ કે આકડાના બરડ લાકડાંથી માંડવા ન બંધાય! એક ચોવકના અર્થ-ભાવાર્થમાં પણ કેટલો વ્પાય હોય છે, તેનું આ એક ઉદાહરણ છે.

ખરેખર, ઘણા એવા માણસો હોય છે, જેની વાતો પર ભરોસો ન કરી શકાય. એ માણસો કેવા હોય છે? એ ચોવક બતાવે છેઃ **''અગાડ આલેજા, પછાડ પાલેજા, ખરેં બિપોરે કેંજા ન''** 'અગાડ' શબ્દનો અર્થ છે 'સવારે' તેની સાથે જોડાયેલો શબ્દ છે 'આલેજા' (મૂળ શબ્દ 'આલા' છે જેનો અર્થ થાય છેઃ ઉત્તમ કે ભવ્ય) બન્ને શબ્દોને જોડતાં અર્થ થાય છેઃ સવારે ઉત્તમ! 'પછાડ' એટલે દિવસ આથમવા ટાણે અને 'પાલેજા' (મૂળ શબ્દ 'પાલો' છે. કેરી પકવવા સૂકા ઘાસ વચ્ચે રાખેલો કેરીનો ઢગલો) મતલબ કે પરિપકવતા વગરની વાતો! અને બપોરે તો એ 'કેંજા ન' એટલે કે કોઈનો નહીં... મતલબ કે, બપોરે તેની વાતોના કોઈ ઠેકાણા ન હોય! આવા રંગ બદલતા લોકોની વાતો પર કેમ ભરોસો કરાય? ■

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# ચોટ ખાધા વિના દડો ઊછળી શકતો નથી, એડી માર્યા વિના ઘોડાની ચાલ ઝડપી બનતી નથી



'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય.' આ ઉક્તિ અનુસાર સફળતાનો માર્ગ સરળ નથી. મહેનત કર્યા વગર - તકલીફ ભોગવ્યા વગર સફળતા મળતી નથી. મધમાખીઓના ઝેરી ડંખની આડમાં જ મધ હોય છે, જે આ ડંખનો સામનો કરી શકે છે એ જ મધ મેળવી શકે છે. સુંદર વ્યાઘ્ર ચર્મ મેળવવાની ઇચ્છા રાખનારે સાક્ષાત કાળ સમા વિકરાળ વાઘ સાથે યુદ્ધ કરવું પડે છે. મોતી શોધી લાવનારે મગરથી ભરેલા સમુદ્રના તળિયા સુધી જવું પડે છે. ભગવાનને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા સાધકે પહેલાં કઠોર સાધનાનું દુઃખ સહેવું પડે છે.

બીજા શબ્દોમાં કહીએ તો પ્રગતિની પ્રત્યેક દિશામાં દુઃખ, મુશ્કેલીઓ અને અડચણો રહેવાની. એવી એક પણ સફળતા નથી કે જે મુશ્કેલીઓનો સામનો કર્યા વિના મળી હોય.. જો પરમાત્માએ સફળતાને મુશ્કેલીઓ સાથે વણી ન લીધી હોત અને બધાને માટે સરળ બનાવી દીધી હોત, તો તે માનવીનું સૌથી મોટું દુર્ભાગ્ય જ ગણાત. સરળતાથી મળેલી સફળતા સાવ નીરસ અને અવગણી શકાય તેવી બની જાત. જે વસ્તુ જેટલી મહેનતે, જેટલાં દુઃખો વેઠી, જેટલો ખર્ચ કર્યા બાદ મળે છે, તે તેટલી જ આનંદદાયક હોય છે. કોઈ શાક કે ફળફળાદિ તેની ઋતુમાં સસ્તાં અને ભરપૂર માત્રામાં મળે છે ત્યારે તેની કોઈ કિંમત હોતી નથી, પણ જ્યારે તે દુર્લભ બની જાય છે ત્યારે અમીરો તેને શોધીને મોંઘાદાટ ખરીદે છે. મીઠાઈનો આનંદ કંદોઈ ન જાણે, જેને માત્ર કોઈક જ વાર મીઠાઈ મળે છે તે જ આનંદ મેળવી શકે.... જે માંદગીમાં સપડાયો છે તે જ શરીર સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજી શકે છે. એ જ રીતે, સોનું ઘણી ઓછી માત્રામાં મળે છે એટલે જ એની કિંમત છે. બાકી કોલસાની ખાણોની જેમ સોનાની ખાણો મળવા લાગે તો લોકો તેને પણ લોખંડ કે બીજી સસ્તી ધાતુની જેમ બેદરકારીથી જ જોતા હોત.

જ્યારે બે પથ્થર ઘસીને અગ્નિ પેટાવવામાં આવતો હતો, ત્યારે અગ્નિનું ઘણું મહત્ત્વ હતું, દેવની જેમ તેની પૂજા થતી હતી, પરંતુ આજે જ્યારે દીવાસળીની પેટીઓ દુકાનોમાં સાવ સરળતાથી મળે છે ત્યારે અગ્નિને કોણ આટલું મહત્ત્વ આપે?

વસ્તુની અછત અને મેળવવાની મહેનત સાથે આનંદને સીધો સંબંધ છે. જે કાર્યોની સફળતા સામાન્ય માનવ માટે દુર્લભ છે તેવાં જ કાર્યો જો બધા માનવી હંમેશાં કરતા રહે તો તે લોકોએ કોઈ ચોપડી વાંચવાની જરૂર પડે નહીં કે ન કોઈ લેખકે આવા લેખ લખવાની... કોઈ રસ, કોઈ વિશેષતા ન રહેતાં આ સંસાર સાવ નીરસ કદરૂપો બની જાત, લોકોને જીવન જીવવું ભારરૂપ લાગ્યું હોત.

મુશ્કેલી-અડચણ ન હોવાથી એક બીજું નુકસાન એ થાય છે કે માનવીની ક્રિયાશીલતા, કૌશલ્ય અને ચેતના નાશ પામે છે. ઠોકરો ખાઈ ખાઈને અનુભવનું ભાથું બાંધી શકાય છે. ઘસવાથી અને દળવાથી યોગ્યતા વધે છે. દુઃખનો આઘાત સહન કરીને માનવી દૃઢ, બળવાન અને સાહસિક બને છે અને માનવી સો ટચના સોના જેવો ચમકી ઊઠે છે. આઘાત-પ્રત્યાઘાતની ઠોકરો ખાઈ રબ્બરના દડાની જેમ આપણી આંતરચેતના ઊછળે છે અને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવા ગતિવિધિઓ આરંભી દે છે. ચોટ ખાધા વિના દડો ઊછળી શકતો નથી, થપકી માર્યા વિના ઢોલક વાગતું નથી એમ, એડી માર્યા વિના ઘોડાની ચાલ ઝડપી બનતી નથી. માનવી પણ લગભગ આવાં તત્ત્વોનો બનેલો છે અને જ્યાં સુધી કોઈ ઠોકર ન ખાય, મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો ન આવે ત્યાં સુધી એની સુષુપ્ત શક્તિઓ જાગૃત થતી નથી. ■

# વાહ વૈષ્ણવી વાહ! જાડેજાની ચાહકનો હૅટ-ટ્રિક સાથે પાંચ વિકેટનો તરખાટ

## જુનિયર વર્લ્ડ કપમાં ગ્વાલિયરની નવી સ્પિનરનો વિક્રમજનક પર્ફોર્મન્સ, ભારતે ત્રણ જ ઓવરમાં લક્ષ્યાંક મેળવી લીધો

કવાલાલમ્પુરઃ મધ્ય પ્રદેશના ગ્વાલિયર શહેરમાં જન્મેલી લેફ્ટ-આર્મ સ્પિનર વૈષ્ણવી શર્મા (૪-૧-૫-૫)એ અહીં ગઈ કાલે ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં પોતાની પહેલી જ મૅચમાં વિક્રમજનક પર્ફોર્મ કર્યું હતું અને ભારતને આસાન વિજય અપાવ્યો હતો. વૈષ્ણવીએ યજમાન મલયેશિયા સામેની લીગ મૅચમાં હૅટ-ટ્રિક લીધી હતી તેમ જ ફક્ત પાંચ રનમાં પાંચ વિકેટ લીધી હતી જે આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં નવો વિક્રમ છે. વૈષ્ણવીને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

મલયેશિયાની ટીમ ૧૪.૩ ઓવરમાં માત્ર ૩૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ૩૧માંથી ૧૦ રન વાઇડમાં મળ્યા હતા અને એક નો બૉલ હતો. જો આ વધારાના રન ન મળ્યા હોત તો મલયેશિયાની ટીમ ૨૧ રનમાં તંબૂ ભેગી થઈ ગઈ હોત.



**વૈષ્ણવી છે રવીન્દ્ર જાડેજાની ફૅનઃ** વૈષ્ણવી (જમણે)એ જીત્યા પછી કહ્યું, ‘ભારતીય મહિલા પ્લેયર રાધા યાદવ તેમ જ રવીન્દ્ર જાડેજાના પર્ફોર્મન્સીઝને હું હંમેશાં ફૉલો કરતી હોઉં છું.’

ભારતે ૨.૫ ઓવરમાં એકેય વિકેટ ગુમાવ્યા વગર ૩૨ રન બનાવીને ૧૦ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

મલયેશિયાને ૩૧ રનમાં ઑલઆઉટ કરાવવામાં વૈષ્ણવી ઉપરાંત સાથી-સ્પિનર આયુષી શુક્લા (૩.૩-૧.૮-૩)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. તેમણે મલયેશિયાની બૅટિંગ લાઇન-અપનો કચ્ચરઘાણ વાળ્યો હતો. નુર દાનિયા સ્યૂહાદાના સુકાનમાં રમતી યજમાન મલયેશિયન ટીમની એકેય બૅટર ડબલ-ડિજિટમાં નહોતી પહોંચી શકી, ચાર બૅટરના ઝીરો હતા તેમ જ પાંચ રનનો વ્યક્તિગત ટીમમાં હાઈએસ્ટ હતો. પહેલી ઓપનિંગ બૅટર રનઆઉટ થઈ અને બીજી ઓપનરને પેસ બોલર વી. જે. જોશિથાએ આઉટ કરી ત્યાર બાદ તમામ આઠ વિકેટ વૈષ્ણવી અને આયુષીએ લીધી હતી.

ભારતને માત્ર ૩૨ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ઓપનર ગોન્ગાડી ત્રિશા (૨૭ અણનમ, ૧૨ બૉલ, પાંચ ફોર) અને વિકેટકીપર જી. કમલિની (ચાર અણનમ, પાંચ બૉલ, એક ફોર)ની જોડીએ ત્રીજી ઓવરની સમાપ્તિ પહેલાં જ ભારતને વિજય અપાવી દીધો હતો. ભારતીય ઓપનર્સે વિજય અપાવતા અગાઉ છેલ્લા ૧૦માંથી છ બૉલમાં ફોર ફટકારી હતી જેમાંથી પાંચ ફોર ત્રિશાના નામે હતી.

આ ટૂર્નામેન્ટના ગ્રૂપ-એમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારત ચાર પૉઇન્ટ તથા ૯.૧૪૮ના રનરેટ સાથે મોખરે છે. શ્રીલંકા (૪ પૉઇન્ટ) બીજા નંબરે તેમ જ વેસ્ટ ઇન્ડિઝ (૦) ત્રીજા અને મલયેશિયા (૦) ચોથા ક્રમે છે.

કુલ ૧૬ દેશની ટીમ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે અને અન્ય ત્રણ ગ્રૂપમાં અનુક્રમે અમેરિકા, સાઉથ આફ્રિકા તથા ઑસ્ટ્રેલિયાની મહિલા ટીમ મોખરે છે.

# ભારતની આજે સાંજે ૭.૦૦ વાગ્યાથી ઇંગ્લૅન્ડ સામે પ્રથમ ટી-૨૦ મૅચ

કોલકાતાઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝ આજે શરૂ થઈ રહી છે જેમાં આજની પ્રથમ મૅચ અહીં ઈડન ગાર્ડન્સમાં (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાશે. બન્ને દેશ વચ્ચે કુલ ૨૪ ટી-૨૦ મૅચ રમાઈ છે જેમાંથી ૧૩ ભારતે અને ૧૧ ઇંગ્લૅન્ડે જીતી છે. ફરી ફિટ થઈ ગયેલો ફાસ્ટ બોલર મોહમ્મદ શમી ભારત વતી ૧૪ મહિને કમબૅક કરી રહ્યો છે એટલે બધાની નજર તેના પર્ફોર્મન્સ પર રહેશે. જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં ભારતને જિતાડવાનો ભારે બોજ તેના પર રહેશે.

શમી ભારત વતી ટી-૨૦ મૅચ છેલ્લે ૨૦૨૨ની સાલમાં ઇંગ્લૅન્ડ સામે જ રમ્યો હતો. એ મૅચ ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલ હતી.

સૂર્યકુમાર યાદવ ભારતનો કૅપ્ટન છે અને ઘણા વખતે તે ફરી રમતો જોવા મળશે. અક્ષર પટેલ વાઇસ-કૅપ્ટન છે.

ભારતની ટીમઃ સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), અક્ષર પટેલ (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), તિલક વર્મા, હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ, નીતીશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, મોહમ્મદ શમી, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, વૉશિંગ્ટન સુંદર અને ધ્રુવ જુરેલ (વિકેટકીપર).

ઇંગ્લૅન્ડની ટીમઃ જૉસ બટલર (કૅપ્ટન), હૅરી બ્રૂક (વાઇસ-કૅપ્ટન), ફિલ સૉલ્ટ (વિકેટકીપર), જેકબ બેથેલ, લિઆમ લિવિંગસ્ટન, જોફ્રા આર્ચર, ગસ ઍટકિન્સન, બેન ડકેટ, જૅમી ઑવર્ટન, આદિલ રાશિદ અને માર્ક વૂડ.

# મિષ્ટી દોઇઃ કોલકાતામાં સૂર્યકુમાર યાદવની નંબર-વન મનપસંદ વાનગી





કોલકાતાઃ ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝમાં ભારતીય ટીમે જે પર્ફોર્મ કર્યું એનાથી નિરાશ ભારતના કરોડો ક્રિકેટપ્રેમીઓ માટે હવે ટી-૨૦ના ધમાકા શરૂ થવાની તૈયારીમાંછે અને એ પહેલાં ભારતની ટી-૨૦ ટીમના સુકાની સૂર્યકુમાર યાદવે ચાહકો માટે કેટલીક રસપ્રદ વાતો કરી છે જેમાં ખાસ કરીને તેણે કોલકાતામાં ફૂડની બાબતમાં પોતાને સૌથી પ્રિય જે ચીજ છે એનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

સૂર્યકુમાર યાદવે ટી-૨૦ સિરીઝની પૂર્વસંધ્યાએ આપેલા ઇન્ટરવ્યૂમાં કેટલાક રસપ્રદ સવાલના જવાબ આપ્યા હતા. એટલું જ નહીં, તેણે કોલકાતા પ્રત્યેનો પ્રેમ પણ વ્યક્ત કર્યો હતો. બીસીસીઆઇએ ‘એક્સ’ પર સૂર્યકુમારનો એક વીડિયો શૅર કર્યો છે.

આજે ભારતની પ્રથમ ટી-૨૦ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં સાંજે ૭.૦૦ વાગ્યાથી રમાશે.

વાઇરલ થયેલા વીડિયોમાં પૂછવામાં આવેલા એક સવાલના જવાબમાં સૂર્યકુમારે કહ્યું, ‘હું તો વિચારતો હતો કે તમે મને કેમ છો એવું પૂછશો. ત્યાર બાદ તેણે ટીમના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને મજાકમાં પૂછ્યું, પાજી...જેમ કે આ પાજીને જોઈને યાદ આવે છે...પાજી ભાલો? ભાલો પાજી?’

સૂર્યકુમારને બંગાળી ભાષામાં બોલતો જોઈને અર્શદીપે પણ એ જ ભાષામાં તેને જવાબ આપતા કહ્યું, ‘ભાલો અચી!’ ત્યાર બાદ સૂર્યાએ હસતાં કહ્યું, ‘પાજી પણ શીખી ગયા છે અહીં રહીને’

વાતચીત દરમ્યાન સૂર્યકુમારે જૂના દિવસોની યાદ તાજી કરતા કહ્યું, ‘એ વખતે હું જ્યારે હું અહીં આવ્યો હતો ત્યારે મને ભરીભરીને મિષ્ટી દોઈ ખવડાવ્યું હતું. ત્યારે મેં એની ખૂબ મજા કરી હતી. આ વખતે પણ અહીં અમે ટ્રાવેલ કરી રહ્યા છીએ. અહીં આવ્યા બાદ એક વાર જ્યારે વિચાર્યું કે થોડું હળવું ભોજન કરી લેવું છે તો એમાં પણ તેઓ એ વાનગી (મિષ્ટી દોઈ) ખાસ ઉમેરી દીધું હતું.’

# લવ મૅરેજ કે અરૅન્જડ મૅરેજ?: નીરજ ચોપડા સાથેના પુત્રીના લગ્ન વિશે હિમાનીના પિતા શું બોલ્યા?

શિમલાઃ ગયા અઠવાડિયે લગ્ન ગ્રંથિથી જોડાયેલાં નીરજ ચોપડા અને હિમાની મોર બન્ને જણ હરિયાણાનાં છે, પરંતુ તેઓ પહેલી વાર થોડાં વર્ષો પહેલાં એકમેકને અમેરિકામાં મળ્યાં હતાં એ આપણે સૌ કોઈ જાણીએ છીએ, પણ તેમના આ લવ મૅરેજ છે કે અરૅન્જ્ડ મૅરેજ એ વિશે હિમાનીના પિતા ચાંદરામે ફોડ પાડીને વાત કરી છે જેને લીધે નવદંપતી વિશેની એ વિષયની અટકળો બંધ થઈ ગઈ છે.

નીરજ ભારતના ગોલ્ડન બૉય તરીકે જાણીતો છે. તે ભાલાફેંકમાં ઑલિમ્પિક્સનો ગોલ્ડ મેડલ તેમ જ સિલ્વર મેડલ જીતી ચૂક્યો છે. નીરજ ભારતીય લશ્કરમાં સુબેદાર મેજરના હોદ્દા પર છે. તેની પત્ની હિમાની ટેનિસ ખેલાડી છે. હિમાનીના મમ્મી કબડ્ડીનાં કોચ છે. તેમના પરિવારના ઘણા સભ્યો ખેલકૂદમાં દેશ વતી રમી ચૂક્યા છે. હિમાનીને ટેનિસ પ્લેયર બનાવવામાં તેના મામા સુરેશ રાણાનું મોટું યોગદાન છે.





નીરજ ચોપડા અને હિમાની મોર એકમેકને સૌથી પહેલાં અમેરિકામાં મળ્યા હતા.

૧૪-૧૭ જાન્યુઆરી દરમ્યાન હિમાચલ પ્રદેશના સોલન વૅલી વિસ્તારના સૂર્યવિલાસ નામના લક્ઝરી રિસોર્ટમાં તેમનાં લગ્નની વિધિઓ પાર પાડવામાં આવી હતી. આ લગ્નપ્રસંગમાં બન્ને પરિવારોના ૬૦ લોકો હાજર હતા. એ પ્રસંગની તસવીર ખુદ નીરજે સોશિયલ મીડિયા પર શૅર કરી હતી.

હિમાની મોરના પિતા ચાંદરામે એક મુલાકાતમાં કહ્યું હતું કે ‘નીરજ-હિમાનીના આ પ્રેમલગ્ન નથી. બન્ને પરિવારો સાત-આઠ વર્ષથી એકમેકને ઓળખતા હતા. નીરજ-હિમાનીના આ અરૅન્જ્ડ મૅરેજ છે.’

હિમાની મોર હરિયાણા રાજ્યમાં સોનીપત જિલ્લાના લડસૌલી ગામની છે. લગ્ન પછી હિમાની સાથે નીરજ લડસૌલી પહોંચ્યો ત્યારે ખાસ કરીને નીરજનું દેશી વ્યંજનો પીરસીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચાંદરામ મોરે જ કહ્યું છે કે ‘હિમાની-નીરજ હાલમાં વિદેશ ગયાં છે. તેઓ પાછાં આવશે ત્યાર બાદ રિસેપ્શનનો ભવ્ય સમારંભ યોજીશું.’

# દિવ્યાંગોની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત ચૅમ્પિયન

કોલંબોઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોની વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી શરૂ થવાને હજી એક મહિનાની વાર છે, પરંતુ એ પહેલાં આ નામવાળી એક ટી-૨૦ ટૂર્નામેન્ટ રમાઈ ગઈ જેમાં ભારતે ચૅમ્પિયનપદ મેળવ્યું છે. આ સ્પર્ધા દિવ્યાંગ ક્રિકેટરો વચ્ચેની હતી જેમાં ભારતે ઇંગ્લૅન્ડને ૭૯ રનથી પરાજિત કરીને વિજેતાપદ મેળવ્યું હતું.

ફિઝિકલી ડિસએબલ્ડ (પીડી) ચૅમ્પિયન્સ ટ્રોફીની નિર્ણાયક મૅચમાં ભારતે ૨૦ ઓવરમાં યોગેન્દ્ર ભદોરિયા (૪૦ બૉલમાં પાંચ સિક્સર અને ચાર ફોરની મદદથી ૭૩ રન)ની હાફ સેન્ચુરીની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૭ રન બનાવ્યા હતા. ત્યાર બાદ ભારતીય ટીમે ઇંગ્લૅન્ડને ૧૧૮ રનમાં ઑલઆઉટ કરી દીધું હતું.

રાધિકા પ્રસાદ નામના ભારતીય બોલરે ૧૯ રનમાં ચાર વિકેટ લીધી હતી. વિક્રાંત કેનીએ ૧૫ રનમાં બે વિકેટ અને રવીન્દ્ર સાન્ટેએ ૨૪ રનમાં બે વિકેટ લીધી હતી.

કૅપ્ટન વિક્રાંત કેનીએ વિજેતાપદ મેળવ્યા પછી કહ્યું, ‘પીડી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની આ ઉત્કૃષ્ટ ટીમનું નેતૃત્વ સંભાળવા મળ્યું એને હું સૌથી મોટું ગૌરવ માનું છું. ખાસ કરીને પ્લે-ઑફમાં ભારતીય ખેલાડીઓની ટૅલન્ટ અને લડાયક શક્તિ બધાએ જોઈ. આ સિદ્ધિમાં ટીમના દરેક ખેલાડીનું યોગદાન છે. આ ટ્રોફી માત્ર અમારી નથી, ભારત વતી ક્રિકેટ રમવાનું સપનું સેવ્યું હોય એ દરેક દિવ્યાંગ ખેલાડીની છે.’

# સૌરવ ગાંગુલી થયો કિંગ કોહલી પર આફરીન

કોલકાતાઃ વાઇટ બૉલ ક્રિકેટ (ખાસ કરીને વન-ડે ક્રિકેટ)ને વિવિયન રિચર્ડ્સ, સચિન તેન્ડુલકર, સૌરવ ગાંગુલી, વીરેન્દર સેહવાગ, રોહિત શર્મા, એમએસ ધોની, ગૌતમ ગંભીર, માઇકલ બેવન, ઍડમ ગિલક્રિસ્ટ, બ્રેન્ડન મૅક્લમ, કુમાર સંગકારા, જૅક કૅલિસ, સનથ જયસૂર્યા, ક્રિસ ગેઇલ, બ્રાયન લારા, એબી ડિવિલિયર્સ વગેરે અનેક ખ્યાતનામ બૅટર્સ મળ્યા છે, પરંતુ બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીની દૃષ્ટિએ વિવ રિચર્ડ્સ નહીં, પણ વિરાટ કોહલી વન-ડેનો સૌથી મહાન બૅટર છે.

વિવ રિચર્ડ્સ તેમ જ સેહવાગને વન-ડેના સૌથી વિસ્ફોટક બૅટર માનવામાં આવે છે. જોકે કોહલીની નિવૃત્તિની વાતો કરતા વિવેચકોના મુદ્દે ગાંગુલીએ એક મુલાકાતમાં કહ્યું છે કે ‘વિરાટ કોહલી એક એવો ખેલાડી છે જે જીવનમાં એક જ વાર મળતો હોય છે. જેમ મહિલા ક્રિકેટમાં બૅટર મિતાલી રાજ અને ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામી છે એમ પુરુષોની ક્રિકેટમાં કોહલી જેવો ખેલાડી જિંદગીમાં એક વાર મળે. કરીઅરમાં ૮૦ સેન્ચુરી ફટકારવી એ મારા માટે તો અકલ્પનીય જ કહેવાય. મારી દૃષ્ટિએ તે વાઇટ બૉલ ક્રિકેટનો સૌથી મહાન બૅટર છે.’

ગાંગુલીએ કોહલીના બૅટિંગ-ફૉર્મ વિશે અને તેની ઑસ્ટ્રેલિયાની નિરાશાજનક ટૂર બાબતમાં કહ્યું છે કે ‘કોહલીએ પર્થની પ્રથમ ટેસ્ટમાં જે રીતે અણનમ સદી (૧૦૦ રન) ફટકારી ત્યાર પછી તેણે જે બૅટિંગ કરી એ અંગે હું પણ હેરાન હતો. અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે તે સારું નહોતો રમી શક્યો, પરંતુ પર્થમાં તેણે સદી ફટકારી ત્યારે મને લાગ્યું કે એ ટેસ્ટ શ્રેણી તેના માટે યાદગાર બની જશે. જોકે દુનિયાના દરેક ખેલાડીની કોઈને કોઈ નબળાઈ હોય છે જ.’

ગાંગુલીએ કોહલીના ભવિષ્ય બાબતમાં કહ્યું, ‘મને લાગે છે કે વિરાટ કોહલીમાં હજી ઘણું ક્રિકેટ બાકી છે. તે હજી સારું રમી શકે એમ છે. જૂન મહિનાની ઇંગ્લૅન્ડ ખાતેની ટૂર તેના માટે મોટો પડકાર બની શકે. ફેબ્રુઆરીની વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી બાબતમાં હું તેના વિશે બહુ ચિંતિત નથી, કારણકે મેં પહેલા જ કહ્યું કે વાઇટ બૉલ ક્રિકેટમાં મારી દૃષ્ટિએ કોહલી લાંબા સમયથી સર્વશ્રેષ્ઠ બૅટર સાબિત થતો રહ્યો છે.’

# ૩૭ વર્ષના જૉકોવિચે ૨૧ વર્ષના અલ્કારાઝને ક્વૉર્ટરમાં હરાવ્યો

## મહિલાઓમાં સબાલેન્કા અને બડોસા સેમિમાં પહોંચી ગઈ છે

મેલબર્નઃ ૨૦૨૫ની સાલની પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ સ્પર્ધા ઑસ્ટ્રેલિયન ઓપનમાં સર્બિયાના ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન અને સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ સિંગલ્સ ટાઇટલ જીતનાર નોવાક જૉકોવિચે આજે અહીં વર્લ્ડ નંબર-થ્રી કાર્લોસ અલ્કારાઝને ભારે રસાકસીભરી ક્વૉર્ટર ફાઇનલમાં ૪-૬, ૬-૪, ૬-૩, ૬-૪થી હરાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

જૉકોવિચ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમમાં સૌથી વધુ ૧૦ ટાઇટલ ઑસ્ટ્રેલિયન ઓપનમાં જીતી ચૂક્યો છે. અલ્કારાઝ ૨૦૨૪ની આ સ્પર્ધામાં પણ ક્વૉર્ટર ફાઇનલમાં ઍલેક્ઝાંડર ઝવેરેવ સામે હારી ગયો હતો.

વર્લ્ડ નંબર-સેવન જૉકોવિચ ૩૭ વર્ષનો અને અલ્કારાઝ ૨૧ વર્ષનો છે. જૉકોવિચ આ ટૂર્નામેન્ટમાં સૌથી અનુભવી અને સૌથી સફળ ટેનિસ ખેલાડી હોવા છતાં અલ્કારાઝ સામે જીતવું તેના માટે જરાય આસાન નહોતું મનાતું. પહેલા જ સેટમાં જૉકોવિચે ૪-૬થી હાર જોવી પડી, પણ ત્યાર બાદ ઉપરાઉપરી ત્રણ સેટ જીતીને જૉકોવિચે અલ્કારાઝને બતાવી દીધું હતું કે કેમ તેને હાલમાં સૌથી પડકારરૂપ ખેલાડી તરીકે ઓળખાવવામાં આવે છે અને પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવા માટે તે કેટલો બધો આતુર છે.



જૉકોવિચ-અલ્કારાઝ વચ્ચેનો મુકાબલો ત્રણ કલાક અને ૩૭ મિનિટ સુધી ચાલ્યો હતો.

જૉકોવિચ હવે ૨૪મી જાન્યુઆરીએ સેમિ ફાઇનલમાં ઍલેક્ઝાંડર ઝવેરેવ સામે રમશે. ઝવેરેવે ક્વૉર્ટરમાં ટૉમી પૉલને ૭-૧, ૭-૦, ૨-૬, ૬-૧થી હરાવ્યો હતો.

મહિલાઓમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન અરીના સબાલેન્કા અને પોઉલા બડોસા સેમિમાં પહોંચી ગઈ છે. બેલારુસની સબાલેન્કા ૨૦૨૩માં તેમ જ ૨૦૨૪માં ઑસ્ટ્રેલિયન ઓપનનું ટાઇટલ જીતી હતી. સ્પેનની બડોસા હજી સુધી એકેય ગ્રૅન્ડ સ્લૅમ સિંગલ્સ ટાઇટલ નથી જીતી શકી.

# કોહલી ગરદનની ઈજાને કારણે સૌરાષ્ટ્ર સામેની રણજી મૅચમાં નથી રમવાનો

## આ દિગ્ગજ ક્રિકેટરે ઑસ્ટ્રેલિયાની ટૂર પછી પેઇન-કિલર ઇન્જેક્શન લીધું હતું, તેના વિશે ‘બાર વર્ષે બાવો બોલ્યો’ એવું કહેવાય છે

નવી દિલ્હીઃ માત્ર ભારતનો જ નહીં, વર્તમાન ક્રિકેટ જગતનો એક સમયનો નંબર-વન બૅટર વિરાટ કોહલી અનેક સૂચનો અને અસંખ્ય ટીકા ટિપ્પણીઓનો વરસાદ થયા બાદ ડોમેસ્ટિક ક્રિકેટમાં (રણજી ટ્રોફી મૅચમાં) રમવા તૈયાર તો થયો છે, પરંતુ તેણે એક શરત સાથે રણજી ટ્રોફીમાં લાંબા સમય બાદ (બાર વર્ષે) કમબૅક કરવાની તૈયારી બતાવી છે.

રણજી ટ્રોફીનો નવો રાઉન્ડ આવતી કાલે શરૂ થઈ રહ્યો છે અને એ દિવસથી દિલ્હીની પહેલી ચાર દિવસીય મૅચ સૌરાષ્ટ્ર સામે રમાવાની છે. જોકે કોહલીએ બીસીસીઆઈને કહ્યું છે કે તે ગુરુવાર, ૨૩મી જાન્યુઆરીએ શરૂ થનારી મૅચથી નહીં, પણ ૩૦મી જાન્યુઆરીથી રેલવે સામે શરૂ થનારી મૅચથી રણજીમાં ફરી રમવાનું શરૂ કરશે.

ગુરુવારે શરૂ થનારી મૅચમાં રિષભ પંત દિલ્હી વતી રમવાનો છે, જ્યારે રવીન્દ્ર જાડેજા સૌરાષ્ટ્ર વતી રમશે. જોકે કોહલીએ બીસીસીઆઈના મેડિકલ વિભાગને એવું કારણ આપ્યું છે કે આ મહિનાની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયા સામે પૂરી થયેલી ટેસ્ટ સિરીઝ પછી તેની ગરદનમાં જે અસહ્ય દુખાવો શરૂ થયો હતો એના ઈલાજ માટે તેણે એક ઇન્જેક્શન લીધું હતું અને ગરદનનો દુખાવો હજી દૂર નથી થયો.

કોહલી ૩૦મી જાન્યુઆરીથી રેલવે સામેની રણજી મૅચમાં રમશે એટલે રણજી ટ્રોફી ટૂર્નામેન્ટમાં તેના માટે ‘બાર વર્ષે બાવો બોલ્યો’ એવું કહેવામાં આવી રહ્યું છે. છેલ્લે તે ૨૦૧૨ની સાલમાં ગાઝિયાબાદમાં ઉત્તર પ્રદેશ વિરુદ્ધ રણજી મૅચમાં રમ્યો હતો. આવતી કાલે શરૂ થતા રણજી ટ્રોફીના નવા રાઉન્ડમાં રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ મુંબઈ વતી રમવાના છે, જ્યારે શુભમન ગિલ પંજાબ વતી રમતો જોવા મળશે.







**એક પીછાંએ રમત અટકાવી!:** ઑસ્ટ્રેલિયન ઓપનમાં પૉલ સામેની ક્વૉર્ટરમાં અમ્પાયરે ઝવેરેવના એરિયામાં પક્ષીનું એક પીછું આવીને પડતાં રમત રોકી હતી અને એ પૉઇન્ટ ફરી રમવાની સૂચના આપી. ઝવેરેવ પીછું ઉપાડીને આશ્ચર્ય સાથે તેમને બતાવવા આવ્યો હતો.

# આંચકાજનક ઑસ્ટ્રેલિયન ટૂરના ખેલાડીઓ રણજીમાં ફરી કાબેલિયત બતાવવા તૈયાર

મુંબઈઃ ગુરુવાર, ૨૩મી જાન્યુઆરીએ રણજી ટ્રોફીનો નવો લીગ-રાઉન્ડ શરૂ થશે અને ત્યારથી રણજીની વિવિધ ટીમોમાં એવા કેટલાક ખેલાડીઓ જોવા મળશે જેઓ તાજેતરની ઑસ્ટ્રેલિયાની નિરાશાજનક ટેસ્ટ-ટૂર પછી પાછા આવ્યા છે.

ગુરુવારે શરૂ થતી રણજી મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં મુંબઈનો મુકાબલો જમ્મુ અને કાશ્મીર સામે થશે. ટેસ્ટ-કૅપ્ટન રોહિત શર્મા અને ટેસ્ટ-ઓપનર યશસ્વી જયસ્વાલ ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈની ટીમમાં સામેલ કરાયા છે. અજિંક્ય રહાણે આ ટીમનું સુકાન સંભાળશે. બાંદ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)માં મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)ના મેદાન પર રમાનારી આ મૅચમાં રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ ઓપનિંગમાં રમશે એવી સંભાવના છે. આ ટીમમાં રહાણે ઉપરાંત શ્રેયસ ઐયર, શાર્દુલ ઠાકુર અને શિવમ દુબે જેવા બીજા જાણીતા ખેલાડીઓ પણ સામેલ છે. સરફરાઝ ખાનને પાંસળીમાં ઈજા છે જેને લીધે તે આ મૅચમાં નહીં રમે. તેના નાના ભાઈ મુશીર ખાનનો ગયા વર્ષે અકસ્માત થયો હતો જે પછી તેનો ગરદનનો દુખાવો હજી પૂરેપૂરો દૂર નથી થયો એટલે તે આ જમ્મુ અને કાશ્મીર સામેની મૅચમાં નહીં જોવા મળે.

જો રોહિત અને યશસ્વીને ઓપનિંગમાં મોકલવાનું નક્કી કરાશે તો ટીનેજ વયના ઇન-ફૉર્મ ઓપનર આયુષ મ્હાત્રેએ કદાચ નિરાશ થવું પડશે. ૧૭ વર્ષનો મ્હાત્રે બહુ સારા ફૉર્મમાં છે અને છેલ્લી છ ઇનિંગ્સમાં બે સેન્ચુરી ફટકારી ચૂક્યો છે. બીજા ઓપનર અંગક્રિશ રઘુવંશીનું સ્થાન પણ મુંબઈની ટીમમાં ચોક્કસ ન કહી શકાય. પૃથ્વી શૉનું નામ પણ લિસ્ટ છે.

વિરાટ કોહલીએ ગરદનના દુખાવાને કારણે ઇન્જેક્શન લેવું પડ્યું છે અને તે હજી પૂરેપૂરો ફિટ નથી એટલે ગુરુવારે સૌરાષ્ટ્ર સામે શરૂ થનારી ચાર દિવસીય મૅચમાં દિલ્હી વતી નથી રમવાનો, પરંતુ ત્યાર બાદ ૩૦મીએ રેલવે સામે શરૂ થનારી મૅચમાં રમશે. જોકે ઑસ્ટ્રેલિયામાં કેટલીક લડાયક ઇનિંગ્સ રમ્યા બાદ પાછો આવેલો વિકેટકીપર-બૅટર રિષભ પંત દિલ્હી વતી રમતો જોવા મળશે.

બૅટર શુભમન ગિલ માટે પણ ઑસ્ટ્રેલિયાની ટૂર નિરાશાજનક હતી. તે રણજી મૅચમાં પંજાબ વતી રમશે. પંજાબની મૅચ કર્ણાટક સામે રમાવાની છે. કર્ણાટકની ટીમમાં તાજેતરની ઑસ્ટ્રેલિયા ટૂરના બે ખેલાડી પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના અને બૅટર દેવદત્ત પડિક્કલનો સમાવેશ છે. જોકે વિકેટકીપર-બૅટર કે. એલ. રાહુલને કોણીમાં ઈજા છે જેને લીધે તે કર્ણાટકની આ રણજી મૅચમાં નહીં રમે.

ઑસ્ટ્રેલિયાના પ્રવાસેથી પાછા આવેલા બીજા બે પ્લેયર આકાશ દીપ અને અભિમન્યુ ઈશ્વરન ઈજાને કારણે નહીં રમે. પેસ બોલર આકાશ દીપને પીઠમાં દુખાવો છે, જ્યારે ઈશ્વરનને જમણા હાથની વચલી આંગળીમાં ફ્રૅક્ચર થયું છે.

પેસ બોલર મોહમ્મદ સિરાજ પર તાજેતરની ઑસ્ટ્રેલિયા ટૂરમાં બોલિંગનો ઘણો બોજ હતો એટલે નૅશનલ ટીમ મૅનેજમેન્ટે તેને આરામ કરવાની સલાહ આપી હોવાથી તે હૈદરાબાદ વતી રણજી મૅચમાં નહીં રમે. ઑસ્ટ્રેલિયાની ટૂરનો મુખ્ય બોલર અને સિરીઝમાં સૌથી વધુ ૩૨ વિકેટ લેનાર જસપ્રીત બુમરાહ પીઠની ઈજાને લીધે આરામ કરી રહ્યો છે.

## પશ્ચિમ રેલવે અમદાવાદ-બાંદ્રા વચ્ચે સુપરફાસ્ટ સ્પે. ટ્રેન દોડાવશે

| ટ્રેન નંબર | અહીંથી ઉપડશે અને અહીં પહોંચશે | તારીખ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૪૬૨ | અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ | ૨૪-૦૧-૨૦૨૫ | ૨૦:૦૦ કલાકે (શુક્રવાર) | ૦૪:૨૦ કલાકે (બીજે દિવસે) |
| ૦૯૪૬૧ | બાંદ્રા ટર્મિનસ–અમદાવાદ | ૨૫-૦૧-૨૦૨૫ | ૦૫:૩૫ કલાકે (શનિવાર) | ૧૩:૪૫ કલાકે (એજ દિવસે) |

**અહીં ઊભી રહેશેઃ** વડોદરા, ઉધના, વલસાડ, વાપી, દહાણુ રોડ અને બોરીવલી સ્ટેશન (બંને દિશામાં).

**કમ્પોઝિશનઃ** એસી-થ્રી ટિયર, સ્લિપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સમય, ટ્રેન ઉભી રહેવાના સ્થાન અને કમ્પોઝિશનની વિગતવાર માહિતી માટે પ્રવાસીએ મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે.

ટ્રેન નં. ૦૯૪૬૨ અને ૦૯૪૬૧નું બુકિંગ પીઆરએસ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ૨૨/૦૧/૨૦૨૫થી ખૂલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડાં સાથે વિશેષ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : x.com/WesternRly

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટ માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો

# ખાંડમાં વધુ ₹ ૩૦થી ૫૦ની તેજી

નવી મુંબઈઃ વર્તમાન ખાંડ મોસમ માટે સરકારે ૧૦ લાખ ટન ખાંડની નિકાસની છૂટ આપવાની સાથે ખાંડ મિલોનો માલબોજ હળવો થવાની શક્યતા ઉપરાંત મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં આજે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવ વધુ ક્વિન્ટલે રૂ. ૯૦ વધીને રૂ. ૩૬૩૦થી ૩૬૮૦ની સપાટીએ રહ્યાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ ખાસ કરીને હાજરમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૫૦ની તેજી આગળ ધપી હતી. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી રૂ. ૫૦ વધીને રૂ. ૩૭૨૨થી ૩૮૩૨માં થયા હતા.

### ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ થતાં વૈશ્વિક સોનામાં આગળ ધપતી તેજી

# સોનામાં ₹ ૧૦૮નો સુધારો, ચાંદીમાં ₹ ૩૩૩ની તેજી

મુંબઈઃ ગઈકાલે નવા ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની સોગંદવિધી પશ્ચાત્ ડૉલર ઈન્ડેક્સ ગત સાતમી જાન્યુઆરી પછીની નીચી સપાટીએ પહોંચતાં વૈશ્વિક સોનામાં રોકાણકારોની સલામતી માટેની લેવાલી નીકળતાં ભાવ ૧૧ સપ્તાહ અથવા તો ગત નવેમ્બર પછીની ઊંચી સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૧૮ પૈસાનો કડાકો બોલાઈ ગયો હોવાથી આયાત પડતરોમાં પણ વધારો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૮નો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૩૩ની તેજી આગળ વધી હતી.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તાત્કાલિક ધોરણે ટેરિફના ઊંચા દરો લાદશે નહીં એવું સ્પષ્ટ થતાં ગઈકાલે પુનઃ ટેરિફ અંગેની અનિશ્ચિતતા સપાટી પર આવતા ડૉલર ઈન્ડેક્સ ઘટીને ગત સાતમી જાન્યુઆરી પછીની નીચી સપાટી આસપાસ પહોંચ્યા બાદ પુનઃ ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો. તેમ છતાં એકંદરે ડૉલરમાં નરમાઈનું વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૭૦૯.૦૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૨૭૩૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ સાધારણ ૦.૭ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૩૦.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં આજે મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૩૩ વધીને રૂ. ૯૦,૫૩૩ના મથાળે રહ્યા હતા, જ્યારે હાજર સોનામાં રૂપિયાની નરમાઈ અને વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૮ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯,૧૩૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯,૪૫૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટ્રમ્પની ટેરિફ વોર ગ્લોબલ ઇક્વિટી માર્કેટને ડહોળી નાખશે, સેન્સેક્સ ૧૪30 પોઇન્ટ સુધીનો કડાકો નોંધાયો, નિફ્ટીએ ૨૩,000ની સપાટી માંડ ટકાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતીય ઇક્વિટી બેન્ચમાર્ક શેરઆંકોમાં મંગળવારે ભારે ઊથલપાથલ જોવા મળી હતી. નિફ્ટી ફિફ્ટી અને સેન્સેક્સ સહેજ ઊંચા મથાળે ખુલ્યા પછી તીવ્ર વેચવાલી જોવા મળી, પરંતુ એક કલાકમાં બંને બેન્ચમાર્ક ગ્રીન ઝોનમાં પાછા ફર્યા. સેન્સેક્સ દિવસના નીચલા સ્તરથી લગભગ ૧,૨૦૦ પોઈન્ટ ઉછળ્યો. જોકે, તે ૧૫ મિનિટ સુધી સ્તર ટકાવી શક્યો નહીં અને દિવસના ઉચ્ચ સ્તરથી ફરીથી ૧,૨૦૦ પોઇન્ટ નીચા સપાટીએ પટકાયો! આઇસીઆઇસીઆઇ બેન્ક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટ્રેન્ટ, સ્ટેટ બેન્ક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરના ભાવમાં મહત્તમ ધોવાણ જોવા મળ્યું હતું.

એ જ રીતે, મંગળવારના વેપાર દરમિયાન એનએસઇના બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ ઇન્ડેક્સમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. તે ૨૩,૧૫૦ પોઇન્ટની નીચે ૨૩,૧૧૧.૧૦ પોઇન્ટના ઇન્ટ્રા-ડે નીચા સ્તરે પટકાયો હતો.

ભારતનો વોલેટિલિટી ઇન્ડેક્સ, ઇન્ડિયા વીઆઇએક્સ પાંચેક ટકા ઊછળ્યો હતો. બીએસઇનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૭,૫૨,૫૨૦.૩૪ કરોડના ધોવાણ સાથે રૂ. ૪,૨૪,૦૭,૨૦૫.૮૧ કરોડ અથવા તો ૪.૯૦ ટ્રિલિયન ડોલરની સપાટીએ પહોંચ્યું હતું.

સેન્સેક્સ ૧૨૩૫.૦૮ પોઇન્ટ અથવા તો ૧.૬૦ ટકાના જોરદાર કડાકા સાથે ૭૫,૮૩૮.૩૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન તે ૧૪૩૧.૫૭ પોઇન્ટ અથવા તો ૧.૮૫ ટકાના કડાકા સાથે ૭૫,૬૪૧.૮૭ પોઇન્ટની સપાટીએ પટકાયો હતો. એ જ રીતે, નિફ્ટી ૩૨૦.૧૦ પોઇન્ટ અથવા તો ૧.૩૭ ટકાના તોતિંગ કડાકા સાથે ૨૩,૦૨૪.૬૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો, જે છઠી જૂન, ૨૦૨૪ પછીની સૌથી નીચી સપાટી છે. સત્ર દરમિયાન તે ૩૬૭.૯૦ પોઇન્ટના કડાકા સાથે ૨૨,૯૭૬.૮૫ની સપાટીને અથડાયો હતો. નિફ્ટીમાં મુખ્ય ઘટનારા શેરોમાં ૪.૬ ટકાનો કડાકો નોંધાવનાર ટ્રેન્ટ ટોચ પર હતો. ત્યારબાદ અદાણી પોર્ટ્સ અને એસઇઝેડ, આઇસીઆઇસીઆઇ બેંક, એનટીપીસી, એસબીઆઇનો ક્રમ હતો. સેક્ટોરલ ઇન્ડેક્સમાં, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિયલ્ટી શેરોમાં ચાલુ રહેલા વેચવાલીના દબાણ વચ્ચે પ્રત્યેક શેરોના ભાવમાં ત્રણેક ટકાનો કડાકો નોંધાયો હતો.

એક ટોચની બ્રોકિંગ ફર્મના રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, હાલમાં આ અસ્થિરતા પાછળ ડેરિવેટિવ્સ એક મુખ્ય કારણ છે. સેન્સેક્સના વીકલી એક્સપાઇરીનો ૨૧ જાન્યુઆરી અંતિમ દિવસ હતો. તેમના મતે ટ્રમ્પની સ્પીચ કે તેની સંભવિત અસરોની અટકળો આજે (મંગળવારે) બજારના ગબડવાનું મહત્ત્વનું કારણ નથી. બજારને ધક્કો મારનાર એક પરિબળ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી છે. ભારતીય બજારોમાં વિદેશી ફંડોનો આઉટફ્લો સતત ચાલુ રહ્યો છે. જાન્યુઆરીમાં જ એફઆઇઆઇએ ૫૦,૯૧૨.૬૦ કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. પાછલા સાત ટ્રેડિંગ દિવસોમાંથી છ સત્રોમાં વિદેશી ફંડ ચોખ્ખા વેચવાલ રહ્યા હતા.

ટ્રમ્પની વાત કરીએ તો ટ્રમ્પે ખાસ કરીને ઇક્વિટી માર્કેટની આગામી ચાલ અંગેની અનિશ્ચિતતામાં વધારો કર્યો છે. ટ્રમ્પની બીજી ઇનિંગની શરૂઆત સંભવિત આર્થિક નિર્ણયોની મર્યાદિત સમજ સાથે થઈ હોવાનું કહેતા જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસીસના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું, કે તેમના ઉદઘાટન ભાષણ દરમિયાન, તેઓ ઇમિગ્રેશન વિશે સ્પષ્ટ હતા, પરંતુ ટેરિફ અંગે અનિશ્ચિત જણાતા હતા. કેનેડા અને મેક્સિકો પર સંભવિત ૨૫ ટકા ટેરિફનું સૂચન સૂચવે છે કે ટેરિફ વધારવાની નીતિ ધીમે ધીમે લાગુ કરવામાં આવશે. ઉપરાંત, ટ્રમ્પે સોમવારે પદભાર સંભાળ્યા પછી યુરોપિયન બજારો થોડા ઊંચા ખુલ્યા હતા.

સકારાત્મક પરિબળોની વાત કરીએ તો, અમેરિકાના આર્થિક ડેટાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની આશા ફરી વધી છે. વધુમાં, ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ, ચાઇનાના અર્થતંત્રનો પાંચ ટકાથી વધુનો વિકાસ, ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડમાં જળવાયેલો ઘટાડાના ટ્રેન્ડ તેમ જ સ્થાનિક સ્તરે વેપાર ખાધમાં ઘટાડો બજારને ટેકો આપી શકે છે. જોકે, નિષ્ણાતો અનુસાર ટ્રમ્પની સંભવિત નીતિ ભારતીય રૂપિયા અને શેરબજાર બંને માટે પ્રતિકૂળ રહેવાની સંભાવના છે.

આ ઉપરાંત યુકેના નબળા આર્થિક વિકાસના ડેટા ચિંતાનો વિષય છે. આ ઉપરાંત નિષ્ણાતો માને છે કે ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડનો ઘટાડાનો ટ્રેન્ડ એવો નથી કે વિદેશી ફંડોની વેચવાલીના તીવ્ર દબાણને હળવું કરી શકે. ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ ઉપરાંત એફઆઇઆઇની એકધારી જંગી વેચવાલી પણ નકારાત્મક બાબતોમાં સામેલ છે. સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝનની અસર વર્તાવી શરૂ થઇ ગઇ છે, જ્યારે આગામી કેન્દ્રીય બજેટની અટકળોની વધુ અસર વર્તાવી શરૂ થઇ જશે. કોટક મહિન્દ્રા બેન્કના પરિણામ નબળા આવ્યાં છે. વિપ્રોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૪ કરોડનો ચોખ્ખો નફો અને ૦.૫ ટકાના સુધારા સાથે રૂ. ૨૨,૩૧૯ કરોડની રેવન્યૂ નોંધાવી છે. પેટીએમની ખોટ ત્રીજા ક્વાર્ટરમાં ઘટીને રૂ. ૨૦૮.૫૦ કરોડ રહી છે, જે ગયા વર્ષે સમાનગાળામાં રૂ. ૨૨૧.૭૦ કરોડ રહી હતી. ઝોમેટોએ ત્રીજા ક્વાર્ટરમાં ૫૭.૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આઈડીબીઆઇ બેન્કે ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૯૦૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આઇઓબીએ બેડ લોનમાં ઘટાડો થયો હોવાથી ત્રીજા ક્વાર્ટરમાં ૨૧ ટકાના વધારા સાથે રૂ. ૮૭૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આઈટી ફર્મ ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિની જાહેર કરવામાં આવી છે.

પ્રાઇમરી માર્કેટ પર સેબી દ્વારા પ્રસ્તાવિત આઇપીઓ શેરમાં પ્રી-લિસ્ટિંગ ટ્રેડિંગની નેગેટિવ અસર પડી શકે છે. લક્ષ્મી ડેન્ટલનો શેર તેના રૂ. ૪૨૮ના ઇશ્યૂ ભાવ સામે એનએસઇ પર ૨૭ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૫૪૨ની સપાટીએ ખૂલ્યો હતો. વેરીટાસ ફાઇનાન્સે રૂ. ૨૮૦૦ કરોડના આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે. વીનીર એન્જિનિયરીંગે પણ જાહેર ભરણું લાવવા માટે માર્કેટ રેગ્યુલેટર પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે.

આ સપ્તાહમાં પણ ચાર આઇપીઓ આવવાના છે. જેમાંથી એક આઇપીઓ મેઈનબોર્ડ સેગમેન્ટનો છે અને ત્રણ પ્રારંભિક જાહેર ભરણાં એસએમઈ સેગમેન્ટના છે. આ કંપનીઓમાં ડેન્ટા વોટર એન્ડ ઇન્ફ્રા સોલ્યુશન્સ ૨૨ જાન્યુઆરીએ ખુલશે, એ જ રીતે, એસએમઈ સેગમેન્ટમાં કુલ ત્રણ જાહેર ભરણાં સબસ્ક્રિપ્શન માટે ખુલવા જઈ રહ્યા છે. આમાંથી કેપિટલ નંબર્સ ઇન્ફોટેકનો આઇપીઓ ૨૦ જાન્યુઆરીએ ખૂલ્યો છે, તો રેક્સપ્રો એન્ટરપ્રાઇઝિસનો આઇપીઓ ૨૨ જાન્યુઆરીથી, જ્યારે જીબી લોજિસ્ટિક્સનો આઇપીઓ ૨૪ જાન્યુઆરીએ ખુલશે. તાજેતરમાં એક અહેવાલ આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે. બજારમાં આગામી સમયમાં અફડાતફડી ચાલુ રહી શકે છે, કારણ કે પ્રમુખ-ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ હેઠળ યુએસ નીતિ માળખા વિશે રોકાણકારોની ચિંતા અને સ્થાનિક કોર્પોરેટ કમાણીમાં સંભવિત મંદી સેન્ટિમેન્ટ પર ભાર મૂકે છે.

# ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન ૧૭ પૈસાનો સુધારો જોવા મળ્યા બાદ ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી જોવા મળેલા સુધારાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ભારે વેચવાલીનું દબાણ આવતા બૅન્ચમાર્ક ઈન્ડેક્સમાં કડાકા બોલાઈ જતાં ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલો આરંભિક સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે ૧૬ પૈસા ગબડીને ૮૬.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે એક તબક્કે ડૉલર ઈન્ડેક્સ ઊંચી સપાટીએથી પાછો ફર્યા બાદ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી પહેલી ફેબ્રુઆરીથી કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, પરંતુ ચીનથી થતી આયાત સામેના ટેરિફની કોઈ જાહેરાત ન કરતાં ડૉલર ઈન્ડેક્સ પુનઃ વધીને ૧૦૮.૬૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. આમ વેપારના ભવિષ્યના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં લેતાં ચિંતા સપાટી પર આવતા રૂપિયામાં ભારે ચંચળતા જોવા મળી હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

હિન્દુહૃદયસમ્રાટ બાલાસાહેબ ઠાકરે ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી (ઈ), મુંબઈ-૪૦૦૦૬૦

નં. HO/૮૮૮૮/HBTH તા. ૨૧/૧/૨૦૨૫

**ઈ–ટેન્ડર નોટિસ**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ્ મુંબઈના મ્યુનિસિપલ કમિશ્નર નીચેના કામ માટે ટૂંકી ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્રમ. | બીડ નં. | ટેન્ડર ફી | બારડી રૂા. | બીડ પ્રારંભ તારીખ અને સમય | પ્રી-બીડ મીટીંગ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧. | HBT ટ્રોમા કેર હોસ્પિટલ, જોગેશ્વરી (પૂ.)ના પ્રિમાઈસિસમાં સંલગ્ન કામ સાથે બિન-કાર્યકારી ઉચ્ચ અને નીચી રોશની સાધનોની બદલી. ઈ-ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૩૯૯૧૮ | 3,300/- + 18% GST | Rs. 19,500/- | 22.01.2025 at 13:00 Hrs | N.A. | 28.01.2025 at 13:00 Hrs |
| ૨. | HBT ટ્રોમા કેર હોસ્પિટલ, જોગેશ્વરી (પૂ.) ખાતે પેસ્ટ કંટ્રોલ સંબંધિત કામ માટે ગ્રીલ સાથે એલ્યુમિનિયમ ફ્રેમની જોગવાઈ અને ફિક્સિંગ. ઈ-ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૩૯૯૧૯ | 3,300/- + 18% GST | Rs. 20,000/- | 22.01.2025 at 13:00 Hrs | N.A. | 28.01.2025 at 13:00 Hrs |
| ૩. | HBT ટ્રોમા કેર હોસ્પિટલ ખાતે તમામ સંલગ્ન કામ સાથે ૨જા માળ ખાતે પાર્ટીશનનું જોગવાઈ અને ફિક્સિંગ. ઈ-ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૩૯૯૨૨ | 3,300/- + 18% GST | Rs. 15,000/- | 22.01.2025 at 13:00 Hrs | N.A. | 28.01.2025 at 13:00 Hrs |
| ૪. | HBT ટ્રોમા કેર હોસ્પિટલ, જોગેશ્વરી (પૂ) ખાતે DSA કેથ લેબનું અનટ્રપ્ટીબલ પાવર સપ્લાય (UPS) માટે આવશ્યક ઉપયોગિતાઓનું ફેરબદલ. ઈ-ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૩૯૯૨૪ | 3,300/- + 18% GST | Rs. 20,000/- | 22.01.2025 at 13:00 Hrs | N.A. | 28.01.2025 at 13:00 Hrs |
| ૫. | HBT ટ્રોમા કેર હોસ્પિટલ ખાતે હાલના વિઝયુઅલ મોનિટરિંગ નેટવર્ક સિસ્ટમને વધારવી. ઈ-ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૩૯૯૨૬ | 3,300/- + 18% GST | Rs. 20,000/- | 22.01.2025 at 13:00 Hrs | N.A. | 28.01.2025 at 13:00 Hrs |
| ૬. | HBT ટ્રોમા કેર હોસ્પિટલ ખાતે ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમના પરીક્ષણ સાથે ફાયર સેફ્ટી ઈક્વિપમેન્ટની જાળવણી અને ઈન્સ્ટોલેશન. ઈ-ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૧૫૬૭૬ | 3,300/- + 18% GST | Rs. 15,000/- | 22.01.2025 at 13:00 Hrs | N.A. | 28.01.2025 at 13:00 Hrs |
| ૭. | HBT ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી (પૂર્વ)ના વિવિધ વિભાગોમાં વિવિધ પ્રકારની સામગ્રીના ઉપયોગની પ્રાપ્તિ. ઈ-ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૪૦૦૮૮ | 3,300/- + 18% GST | Rs. 50,000/- | 22.01.2025 at 13:00 Hrs | N.A. | 28.01.2025 at 13:00 Hrs |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે વેબસાઈટ (https://mahatenders.gov.in) ખાતે મુલાકાત લેવી. સુધારો જો કોઈ હોય તો માત્ર મહાટેન્ડર અને MCGM પોર્ટલ (https://portal.mcgm.gov.in) પર જ પ્રકાશિત થશે. ટેન્ડર દસ્તાવેજ ટપાલથી જારી કે સ્વીકૃત થશે નહીં.

સહી/-
મેડીકલ સુપરિન્ટેડન્ટ
હિન્દુહૃદયસમ્રાટ બાલાસાહેબ ઠાકરે ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી (ઈ)

PRO/2311/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

L.T.M.G. હોસ્પિટલ, સાયન, મુંબઈ-૪૦૦ ૦૨૨

નં. LTH/CSR-૫ તા. ૨૧/૧/૨૫

**ઈ–ટેન્ડર નોટિસ**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર (MCGM) ત્રણ પેકેટ સિસ્ટમમાં નીચે આપેલા ઈ-ટેન્ડરો મંગાવે છે. ઈ-ટેન્ડર કોપી ''ઈ-પ્રોક્યોરમેન્ટ'' સેક્શન હેઠળ મહા ટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

**કામનું નામઃ** L.T.M.G. હોસ્પિટલના IRCO વિભાગ માટે પોર્ટેબલ કાર્ટ્રિજ આધારિત ABG મશીન ક્વોટી. ૧ નં. આઠ વર્ષની વોરંટી.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર રકમ (રૂ.) | બારડી (રૂ.) પ્રારંભ | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | L.T.M.G. હોસ્પિટલના IRCU વિભાગ માટે પોર્ટેબલ કાર્ટ્રિજ આધારિત ABG મશીન ક્વોટી. ૧ નં. આઠ વર્ષની વોરંટી. બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૩૭૫૬૮_૧ | રૂ. ૩૩૦૦/- + GST @ ૧૮% | રૂ. ૪૦૦૦૦/- | ૨૨.૦૧.૨૦૨૫ સાં. ૦૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૩૧.૦૧.૨૦૨૫ સાં. ૦૪.૦૦ (૧૬.૦૦ ક.) |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે https://mahatenders.gov.in પર મહાટેન્ડર્સ પોર્ટલ વેબસાઈટની મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
L.T.M.G. હોસ્પિટલ, સાયન

PRO/2295/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નં. AE/SWM/૧૧૩૪૧/L તા. ૨૧.૦૫.૨૦૨૫

**EOI નોટિસ**

**વિષયઃ** L વોર્ડમાં સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (SMPA)ના કામ માટે રસ ધરાવતી અને લાયક સંસ્થા પાસેથી EOI

આસી. કમિશનર MCGM 'L' વોર્ડ L વોર્ડમાં ઉપરોક્ત વિષય કામ માટે EOI મંગાવે છે.

| ક્ર. નં. | EOI નંબર | વોર્ડ | EOI ડિપોઝિટ (બારડી) (રૂા.) | EOI દસ્તાવેજની કિંમત (રૂા.) (રિફંડપાત્ર નથી) | કોરા EOI દસ્તાવેજનું વેચાણ | EOIની સુપ્રતિ માટે પાકતી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | MDM/P/૪૫૧૬ તા. ૧૭.૦૧.૨૦૨૫ | L | -------- | ૧૩૨૦/-+ ૧૮% GST એટલે કે રૂ. ૧૫૫૮/- | ૨૨.૦૧.૨૦૨૫ થી ૩૧.૦૧.૨૦૨૫ સ. ૧૦.૩૦થી બ. ૩.૦૦ ક. | ૦૧.૦૨.૨૦૨૫ બ. ૧:૦૦ ક. સુધી. |

EOI દસ્તાવેજોનો સંપૂર્ણ સેટ વ્યાજ પક્ષો દ્વારા કોઈપણ કામકાજના દિવસે સ. ૧૦.૩૦થી બ. ૩.૦૦ કલાક સુધી નીચે આપેલા સરનામે A.E. (S.W.M.) 'L' વોર્ડની ઓફિસમાંથી C.F.C. પર રૂ.૧૩૨૦+૧૮% GST એટલે કે ૧૫૫૮/- પ્રતિ સેટની બિન-રિફંડપાત્ર ફીની ચુકવણી પર ખરીદી શકાય છે.

આસી. એન્જિ. (S.W.M.) 'L' વોર્ડની ઓફિસ.
૨જો માળ, 'L' વોર્ડ ઓફિસ બિલ્ડિંગ,
યાદવ મંડાઈ માર્કેટ, S.G. બર્વે માર્ગ,
કુર્લા (પ), મુંબઈ-૪૦૦૦૭૦.

યોગ્ય રીતે સીલ કરેલ EOI નિયત તારીખે બ. ૧.૦૦ કલાક પહેલાં અથવા તે પહેલાં સુપ્રત કરવું આવશ્યક છે.

સહી/-
આસી. એન્જિનિયર (S.W.M.) 'L' વોર્ડ

PRO/2305/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**દેવનાર કતલખાનું**

વિભાગઃ જનરલ મેનેજર, દેવનાર કતલખાનું

**''ઈ-ટેન્ડર નોટિસ''**

એમસીજીએમના મ્યુનિસિપલ કમિશનર નીચેના કામ માટે તા. ૨૨-૧-૨૦૨૫ ની પાકતી તારીખના પરત કરવા પાત્ર ટેન્ડર્સ મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બિડ ક્ર. | બિડ પ્રારંભ તારીખ | બિડ અંતિમ તારીખ | ટેન્ડરની કિંમત | બાનાની રકમ ડિપોઝિટ (રૂપિયા) |
|---|---|---|---|---|---|---|
| ૧. | દેવનાર કતલખાના ખાતે અન્ય સંલગ્ન કામો અને ઘેટાં કતલ યુનિટનું વિવિધ સમારકામ, નવીનીકરણ સુધારણા | ૨૦૨૫_MCGM_ ૧૧૩૯૮૯૦_૧ | ૨૧.૦૧.૨૦૨૫ | ૨૮.૦૧.૨૦૨૫ | રૂ. ૩૩૦૦/- +૧૮% જીએસટી | રૂ. ૪૦૦૦૦/- |
| ૨. | દેવનાર કતલખાના ખાતે સ્ટેનલેસ સ્ટીલ સિંગલ લીફ ડોર્સ ઈન્સ્યુલેટેડ (-૨૮) ચિલર્સ રૂમોની સપ્લાય અને ઈન્સ્ટોલેશનનું કામ | ૨૦૨૫_MCGM_ ૧૧૩૯૬૬૪_૧ | ૨૧.૦૧.૨૦૨૫ | ૨૮.૦૧.૨૦૨૫ | રૂ. ૩૩૦૦/- +૧૮% જીએસટી | રૂ. ૫૦૦૦૦/- |
| ૩. | દેવનાર કતલખાના ખાતે એડમિન ઓફિસ માટે અન્ય સંલગ્ન કામો અને ૨ વર્ષ સાથે FASનું ડિઝાઈનનું કામ | ૨૦૨૫_MCGM_ ૧૧૩૯૯૧૩_૧ | ૨૧.૦૧.૨૦૨૫ | ૨૮.૦૧.૨૦૨૫ | રૂ. ૩૩૦૦/- +૧૮% જીએસટી | રૂ. ૪૪૦૦૦/- |

રસ ધરાવતા લાયક કૉન્ટ્રેક્ટર્સ ઈ-ટેન્ડર અંગેની વધુ માહિતી એમસીજીએમની વેબસાઈટ https://portal.mcgm.gov.in/ માં (માટે પાર્ટનર્સ -->ટેન્ડર્સ - વ્યૂ -->સિલેક્ટ ડિપાર્ટમેન્ટ - દેવનાર કતલખાનું) અથવા જનરલ મેનેજરની ઓફિસ, દેવનાર કતલખાનું, ગોવંડી રેલવે સ્ટેશનની સામે, ગોવંડી, મુંબઈ-૪૩ ખાતેથી મેળવી શકશે.

સહી/-
જનરલ મેનેજર
દેવનાર કતલખાનું

PRO/2298/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# મહારાષ્ટ્રમાં ૩૮,૭૫૦ કરોડનું રોકાણ

## દેવેન્દ્ર ફડણવીસની દાવોસ મુલાકાતમાં થયાં એમઓયુ: ગઢચિરોલીમાં ૫,૨૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ થશે



મુંબઈ: રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ હાલમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં હાજરી આપવા માટે દાવોસની મુલાકાતે છે. આ મુલાકાતનો હેતુ રાજ્યમાં હજારો કરોડનું રોકાણ આકર્ષવાનો છે અને તેમાં કેટલેક અંશે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને સફળતા મળી છે, તેમણે અત્યાર સુધીમાં ૩૮,૭૫૦ કરોડ રૂપિયાના રોકાણ માટે સમજૂતીના કરાર (એમઓયુ) કર્યા છે અને દાવોસ કોન્ફરન્સના પહેલા કરાર ગઢચિરોલી જિલ્લામાં મોટું રોકાણ માટે કર્યા હતા.

દાવોસમાં ચાલી રહેલા વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં મહારાષ્ટ્ર માટે ૫,૨૦૦ કરોડ રૂપિયાના પ્રથમ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને આ રોકાણ ગઢચિરોલીમાં કરવામાં આવશે. કલ્યાણી ગ્રુપ ગઢચિરોલી જિલ્લામાં સ્ટીલ ઉત્પાદનમાં કરોડો રૂપિયાનું રોકાણ કરશે. કલ્યાણી ગ્રુપ અને મહારાષ્ટ્ર રાજ્ય સરકાર વચ્ચે સ્ટીલ અને સંરક્ષણ ક્ષેત્રોમાં એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરારથી ૪,૦૦૦ જેટલી નોકરીઓનું સર્જન પણ થશે. કલ્યાણી ગ્રુપના વડા અમિત કલ્યાણી મુખ્ય

(જુઓ પાનું ૪) ▸▸

શ્રી અઝરબૈજાન (બાકુ-ગબાલા-સદાગ) ગ્રુપ ટુર
કાશ્મીર-શ્રીનગર
પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ
Night Hold તેમજ દુધપત્રી/યુઝમર્ગ સાથે
અરૂણાચલ મેઘાલય-આસામ દિ. 12
By Air બોટિંગ થી લઈ બધીજ
Entry Fee Included FEB-12, 24 March-April-May
લાહોલ-સ્પીતી દિ. 11 May-18, 29
લેહ-લદાખ દિ.9 April to July
નૈનીતાલ-મસુરી ધનોલ્ટી-ઔલી FEB TO MAY
દાર્જીલીંગ-ગેંગટોક લાચુમ-પેલીંગ દિ.9
મનાલી-શિમલા ડલહાઉજી-અમૃતસર ધર્મશાળા દિ. 11
સુ-મન ટુર 30 રઘુલીલા મોલ કાંદિવલી વેસ્ટ 9224139889 9930096560 www.su-mantours.com રવિવારે ઓફીસ ચાલુ છે.
ઈજીપ્ત-દુબઈ
દુબઈ સાથે અબુધાબી-49999
વિયેતનામ-સિંગાપુર સાથે/વગરક્રુઝ-બાલી

## પુરાવા નથી: નવાબ મલિક સામેના કેસનો સંકેલો થશે

### સમીર વાનખેડે કરેલા એટ્રોસિટી ઍક્ટ કેસમાં ક્લૉઝર રીપોર્ટ નોંધાવવાનો નિર્ણય મુંબઈ પોલીસનો

મુંબઈ: એનસીપીના વરિષ્ઠ નેતા નવાબ મલિક વિરુદ્ધ એનસીબીના પૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેના એટ્રોસિટી એક્ટ કેસની તપાસ કરી છે અને પુરાવાના અભાવે ક્લોઝર રિપોર્ટ દાખલ કરવાનો નિર્ણય કર્યો હોવાની જાણ મુંબઈ પોલીસે બોમ્બે હાઈકોર્ટને કરી છે.

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર (વધારાના સરકારી વકીલ) એસ. એસ. કૌશિકે ૧૪ જાન્યુઆરીએ જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની ખંડપીઠને માહિતી આપી હતી કે ૨૦૨૨ના કેસની તપાસ કર્યા પછી પોલીસે 'સી સમરી રિપોર્ટ' દાખલ કરવાનો નિર્ણય લીધો છે.

તપાસ કર્યા પછી કોઈ પુરાવા નથી અને કેસ ન તો સાચો

(જુઓ પાનું ૪) ▸▸

## રોગ પ્રતિકારક શક્તિને નબળી પાડતી બીમારી જીબીએસના પુણેમાં બાવીસ કેસ

પુણે: ઘીયાં-બાર્રે સિન્ડ્રોમ (જીબીએસ) તરીકે ઓળખાતી ઇમ્યુનોલોજિકલ નર્વ ડિસઓર્ડર બીમારીના ૨૨ શંકાસ્પદ કેસ પુણેમાં મળી આવ્યા છે. આ કેસ નોંધાતા મહાનગરપાલિકા દ્વારા દર્દીઓનું સવિસ્તર પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હોવાનું એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.

પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી)ના આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત દર્દીઓના નમૂનાઓ પરીક્ષણ માટે આઇસીએમઆર - એનઆઈવીને મોકલ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મોટાભાગના કેસ શહેરના સિંહગડ રોડ વિસ્તારમાં મળી આવ્યા હોવાની માહિતી પાલિકા અધિકારીઓએ આપી હતી.

ડોક્ટરોના જણાવ્યા અનુસાર ઘીયાં-બાર્રે સિન્ડ્રોમ જવલ્લે જ જોવા મળતી અવસ્થા છે. આ પરિસ્થિતિમાં અચાનક શરીરના અવયવો સુન્ન થઈ જાય છે, સ્નાયુઓ નબળા પડે છે અને તીવ્ર શારીરિક નબળાઈનો અનુભવ થાય છે. પાલિકાના આરોગ્ય વિભાગના વડા ડો. નીના બોરાડેએ જણાવ્યું કે શહેરની ત્રણ - ચાર હોસ્પિટલમાં જીબીએસના બાવીસ શંકાસ્પદ કેસ નોંધાયા છે.

ડો.બોરાડે સમજાવ્યું હતું કે સામાન્યપણે બેક્ટેરિયા અને વાયરલ ચેપને પગલે લોકો જીબીએસની તકલીફ અનુભવે છે, કારણ કે તે દર્દીઓની રોગપ્રતિકારક શક્તિને નબળી પાડે છે. આ શારીરિક સમસ્યા બાળકોમાં તેમજ યુવાનોમાં પણ જોવા મળે છે. અલબત્ત

(જુઓ પાનું ૪) ▸▸

ઓસ્ટ્રેલિયા, આપની રાહ જુએ છે
COME AND SAY G'day




Iconic Australian Discovery 13 Days
કુલીન કુમાર હોલિડેઝ એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતીના પંથે
સ્થળો
• Gold Coast • Cairns • Melbourne • Sydney
5 સ્પેશ્યલ આકર્ષણો
• ગ્રેટ ઓશન રોડ • મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ટૂર • ગ્રેટ બેરિયર રીફ • બ્લુ માઉન્ટેન્સ • સિડની ઓપેરા હાઉસ
ટૂરની વિશેષતા
- મુંબઈથી મુંબઇ બધુ જ સામેલ
- ૧૧ રાત્રિ હોટેલ નિવાસ
- વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઈન્સમાં મુસાફરી
- બધા જ સાઈટસીઈંગ / હાઈ ટેક બસમાં મુસાફરી
- આલિશાન સિટી સેન્ટર હોટેલ્સ
- અત્યંત અનુભવી અને પ્રોફેશનલ ટૂર લીડર
- ટૂર દરમ્યાન ભારતીય સ્વાદિષ્ટ ભોજન
- સ્પષ્ટ વ્યવહાર / ટ્રાન્સપેરન્ટ પોલિસી
૫ ફેબ્રુઆરી પહેલા બુક કરો અને મેળવો આકર્ષક ડિસ્કાઉન્ટ
પ્રસ્થાન
April: 25 | May: 07, 10, 12, 18, 24, 26, 30 | June: 04, 10
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com
KULINKUMAR HOLIDAYS
Toll Free: 1800 103 8055 | Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500

## તાનસા પાઈપલાઈનમાં લીકેજ

# ધારાવીથી પવઈ પાણીનાં ધાંધિયા

મુંબઈ: પવઈસ્થિત તાનસા પાઈપલાઈનમાં મોટા પ્રમાણમાં ભંગાણ પડવાને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણીપુરવઠો ખોરવાશે, એવું સુધરાઈના અધિકારીએ જણાવ્યું હતું. જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ બ્રિજ નજીક ૧૪૫૦ મિલીમીટર વ્યાસની તાનસા પાઈપલાઈનમાં મંગળવારે સવારે લીકેજ થયું હતું. બાદમાં પાલિકાએ રિપેરિંગનું કામ હાથ ધર્યું હતું.

ભંગાણ પડેલી પાઈપલાઈનનું સમારકામ કરતાં ૨૪ કલાકનો સમય થઇ જશે, જેને કારણે આ પાઈપલાઈનમાંથી કરવામાં આવતા પુરવઠાને અટકાવી દેવામાં આવ્યો છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

પાઈપલાઈનનું રિપેરિંગ હાથ ધરવામાં આવ્યું હોવાથી પવઈથી ધારાવી વચ્ચેનો પાણીપુરવઠો

(જુઓ પાનું ૪) ▸▸

AZERBAIJAN
6N-7D ડિપાર્ચર: માર્ચ-એપ્રિલ-મે
બાકુ ગબાલા શાહદાગ
HAZEL Treks N Tours
PANKAJ CHHEDA 9869669938

## મહાવિતરણ કંપનીના ૯૯,૦૦૦ કરોડના વીજબિલની વસૂલી બાકી

મુંબઈ: ૯૯ હજાર કરોડ રૂપિયાનો આંકડો જોઇને તમને થશે કે આ તો કેન્દ્ર કે પછી રાજ્યની એકાદ યોજનાનું ભંડોળ હશે, પણ નહીં. આ આંકડો ન તો સરકારનું ભંડોળ છે, ન તો આ કોઇ હેલ્પલાઈન નંબર. આ આંકડો છે તમારા-મારા ઘરમાં વીજપુરવઠો પૂરો પાડતી મહાવિતરણ કંપનીનાં પેન્ડિંગ નીકળતાં વીજબિલોનો છે. છેલ્લાં ૧૦-૧૨ વર્ષથી માથે ચડી રહેલી આ લેણી રકમ હવે ૯૯ હજાર કરોડ પર પહોંચી ગઇ છે. આથી તેની વસૂલી ક્યારે થશે કે પછી મહાવિતરણ કંપની શો નિર્ણય લેશે એ મહત્ત્વનો પ્રશ્ન છે.

મહાવિતરણ તરફથી મુંબઈને બાદ કરતાં રાજ્યના ખૂણેખાંચરે ઘરેલુ, ઔદ્યોગિક, કમર્શિયલ અને કૃષિ પંપધારક ખેડૂતો જેવા પોણાત્રણ કરોડથી વધુ ગ્રાહકોને વીજપુરવઠો પૂરો પાડવામાં આવતો હોય છે. ૨૦૧૦ પહેલાં ૧૦ હજાર કરોડ રૂપિયા પર લેણી નીકળતી રકમ મામૂલી જણાતી હતી. જોકે છેલ્લા દોઢ દાયકામાં લેણી રકમના આંકડાનો

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## પાલક પ્રધાનપદનો વિવાદ

# દાદા ભૂસે અને ભરત ગોગાવલે આક્રમક

### એનસીપીએ શિંદે-સેનાના નેતાઓને વ્યક્તિગત ટિપ્પણી અંગે આપી ચેતવણી



**અમારા પાલક:** ભરત શેઠ ગોગાવલેને પાલકપ્રધાનપદ મળે એ માટે તેમના હજારો સમર્થકો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળવા માટે તેમના બંગલાની બહાર નજરે ચડે છે. (અમય ખરાડે)

મુંબઈ: મહારાષ્ટ્રથી એક મોટી રાજકીય અપડેટ આવી રહી છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે નવા પાલક પ્રધાનોની નિમણૂંકથી નારાજ છે. આ મુદ્દાને ઉકેલવા માટે નેતાઓ ગિરીશ મહાજન અને ચંદ્રકાંત બાવનકુળે શિંદેને મળશે. તેઓ આ મુદ્દા પર ચર્ચા કરવા માટે સાતારા જઈ રહ્યા છે. શિંદે તાજેતરમાં પાલક પ્રધાનપદની નિમણૂકોથી નાખુશ છે, જેમાં એનસીપીમાંથી અદિતિ તટકરેને રાયગડના પાલક પ્રધાન બનાવવામાં આવ્યા છે અને ગણેશ નાઈકને પાલઘરની જવાબદારી અપાઈ છે. ગઢચિરોલીમાં શિંદે પાછલી સરકારમાં

(જુઓ પાનું ૪) ▸▸




PACKAGE INCLUSIONS
Economy Class Group Airfare • આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ શુદ્ધ શાકાહારી / જૈન જમણ. • Luxurious Hotels
• ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા • એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**